CMYK

અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : ૨૬ જુલાઈ ૨૦૨૩, બુધવાર | વર્ષ : ૧૫ | તંત્રી : પટેલ સુરેશ રમણલાલ | કિંમત : રૂા. ૨.૦૦
વિક્રમ સંવત ૨૦૭૯, અ.શ્રાવણ સુદ આઠમ | અંક : ૧ | અમદાવાદ | પાના : ૮

ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. ટેલિફોન : ૦૭૯-૨૬૭૬૫૭૩૩ e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886

## ન્યૂઝ બ્રિફ

### ભારતીય સેનામાં અગ્નિવીર યોજના હેઠળ નેપાળીઓની ભરતી નહીં કરાય



। કાઠમંડુ, તા.૨૫ ।

ભારતે છેલ્લા કેટલાક વર્ષોથી નેપાળ સાથે ના સબંધોમાં આવેલા ઉતાર ચઢાવ વચ્ચે એક મોટો નિર્ણય લીધો છે.જે પ્રમાણે હવે નેપાળીઓની ભારતીય સેનામાં ભરતી કરવામાં નહીં આવે. નેપાળના ગુરખા સૈનિકો દાયકાઓથી ભારતીય સેનામાં ફરજ બજાવતા રહ્યા છે પણ ભારતની અગ્નિવીર સ્કીમનો નેપાળ વિરોધ કરી રહ્યુ હતુ અને તેવામાં ભારતે આ નિર્ણય લીધા બાદ નેપાળમાં હલચલ મચવી સ્વાભાવિક છે. ભારતે આ નિર્ણય માટે કોઈ નક્કર કારણ તો નથી આપ્યુ પણ એવુ મનાઈ રહ્યુ છે કે, નેપાળ દ્વારા સંખ્યાબંધ વખત ભારતનો વિરોધ કરવાના કારણે તેમજ ચીન સાથે તેની વધી રહેલી નિકટતાના કારણે ભારતે આ નિર્ણય લીધો છે અને શક્ય છે કે, આ નિર્ણય લઈને ભારત નેપાળને એક સંદેશ પણ આપ વા માંગે છે કે, ચીન સાથેની નિકટતા સારી નથી.

### મેઘાલયમાં મુખ્યમંત્રી ઓફિસ પર ભીડે કર્યો પથ્થરમારો



। નવી દિલ્હી, તા.૨૫ ।

સેંકડો નારાજ લોકોએ સોમવારે મેઘાલયના મુખ્યમંત્રી કોનરાડ સંગમાની ઓફિસનો ઘેરાવ કર્યો હતો. આ દરમિયાન પ્રદર્શનકારીઓ અને સુરક્ષાકર્મીઓ વચ્ચે ઘર્ષણ થયું હતું, જેમાં ઓછામાં ઓછા પાંચ સુરક્ષાકર્મીઓ ઘાયલ થયા હતા. ઘટના સમયે સીએમ સંગમા કેમ્પસની અંદર હાજર હતા. જો કે, તે સંપૂર્ણપણે સુરક્ષિત છે અને સુરક્ષાના કારણોસર તેઓ ઘરની અંદર જ છે. વાસ્તવમાં મુખ્યમંત્રી કોનરાડ સંગમા **ACHIK, GHSMC** સહિત વિવિધ વિરોધ કરી રહેલા નાગરિક સંસ્થાઓ સાથે મહત્વપૂર્ણ બેઠક કરી રહ્યા હતા. તેમની વચ્ચે મુખ્યમંત્રી કાર્યાલયમાં ત્રણ કલાકથી વધુ સમય સુધી ચર્ચા ચાલી હતી. આ દરમિયાન કેમ્પસની બહાર ભારે ભીડ એકઠી થઈ ગઈ અને સૂત્રોચ્ચાર કરવા લાગ્યા હતા.

### ભાજપની સંસદીય દળની બેઠકમાં મોદીના વિપક્ષ પર પ્રહાર

# ઈન્ડિયા નામ તો ઈન્ડિયન મુજાહિદ્દીન જેવા આતંકી સંગઠનોમાં પણ આવે છે : પીએ મોદી

**ઈસ્ટ ઈન્ડિયા કંપની અને પોપ્યુલર ફ્રન્ટ ઓફ ઈન્ડિયામાં પણ ઈન્ડિયાનો ઉલ્લેખ છે : વડાપ્રધાન**

। નવી દિલ્હી, તા.૨૫ ।

ભાજપની સંસદીય દળની બેઠકમાં પીએમ નરેન્દ્ર મોદીએ આજે વિપક્ષ પર ભારે પ્રહારો કર્યા હતા. છેલ્લા ૪ દિવસથી ગૃહમાં સતત હોબાળા અંગે પીએમ મોદીએ કહ્યું કે, મેં આજ સુધી આવો દિશાવિહીન વિપક્ષ જોયો નથી. વિપક્ષ વિખેરાયેલો અને હતાશ લાગી રહ્યો છે.આટલું જ નહીં, તેમણે કહ્યું કે, તેમના વર્તનથી એવું લાગે છે કે આ લોકો ઘણા દાયકાઓ સુધી સત્તામાં આવવા માંગતા નથી. આ દરમિયાન, તેમણે વિપક્ષના મહાગઠબંધનના નવા નામકરણ ઈન્ડિયાપર પણ પ્રહાર કર્યા હતા. વિપક્ષી ગઠબંધન ઈન્ડિયાપર પીએમ બોલતા કહ્યું કે ઈન્ડિયા નામ તો ઈન્ડિયન મુજાહિદીન જેવા આતંકી સંગઠનોના નામમાં પણ આવે છે અને ઈસ્ટ ઈન્ડિયા કંપનીના નામમાં પણ તેનો ઉલ્લેખ હતો. વડાપ્રધાન મોદીએ પોપ્યુલર ફ્રન્ટ ઓફ ઈન્ડિયાનું નામ પણ લીધું હતું. તેમણે કહ્યું કે, આ સંગઠનના નામમાં પણ ભારત છે. દરમિયાન, ભારતમાં સામેલ વિપક્ષી પાર્ટીઓએ સરકાર વિરુદ્ધ અવિશ્વાસ પ્રસ્તાવ લાવવાની તૈયારી શરૂ કરી દીધી છે. ટીએમસીના એક સાંસદે આ દાવો કર્યો છે.



નવી દિલ્હીમાં ભાજપ સંસદીય દળની બેઠક દરમિયાન વડાપ્રધાન નરેન્દ્ર મોદીના આગમન સમયે તેમનું સ્વાગત કરવામાં આવ્યું હતું.

### ઈન્ડિયા હેઠળના વિપક્ષોની સરકાર સામે અવિશ્વાસ પ્રસ્તાવની યોજના

સંસદના બંને ગૃહોમાં આજે પણ હોબાળો યથાવત જોવા મળ્યો હતો. જેના કારણે લોકસભાને ૨ વાગ્યા સુધી સ્થગિત કરવામાં આવ્યું છે. આ દરમિયાન એક મોટા સમાચાર મળી રહ્યા છે. સુત્રોના જણાવ્યા અનુસાર, વિપક્ષ મણિપુર મુદ્દે સરકારને ઘેરવાની તૈયારી કરી રહ્યું છે. પ્રાપ્ત થતી માહિતી અનુસાર, વિપક્ષ સરકાર સામે અવિશ્વાસનો પ્રસ્તાવ લાવી શકે છે. જોકે, આજે સંસદની કાર્યવાહી દરમિયાન પીએમ મોદીએ વિપક્ષ પર ભારે પ્રહારો કર્યા હત. પીએમ મોદી ભાજપના સંસદીય દળોની બેઠકમાં આ ટિપ્પણી હતી. પીએમ મોદીએ કહ્યું કે વિપક્ષ વિખેરાયેલું અને હતાશ લાગી રહ્યું છે. આ સાથે પીએમ મોદીએ ૨૦૪૭ સુધી ભારતને વિકસિત દેશ બનાવાનું લક્ષ્ય છે.

### મોદીની ટિપ્પણી પર રાહુલ ગાંધીના આકરા પ્રહાર

# અમે ઈન્ડિયન છીએ, મણિપુરને ઊભું કરવા માટે કામ કરીશુ : રાહુલે ગાંધી

**મણિપુરને ઉભું કરવા અને ત્યાંની મહિલાઓ અને બાળકોના આંસુ લુછવા અમે કામ કરીશું, મણિપુરમાં ફરી ઇન્ડિયાની વિચાર ધારાને જીવંત કરાશે : કોંગ્રેસના નેતા**

। નવી દિલ્હી, તા.૨૫ ।



કોંગ્રેસના પૂર્વ અધ્યક્ષ રાહુલ ગાંધીએ સવારે વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ કરેલા પ્રહારોનો જવાબ આપતા ટ્વીટ કર્યું છે. આજે પીએમ મોદીએ વિપક્ષના ગઠબંધન ઈન્ડિયાની તુલના ઈસ્ટ ઈન્ડિયા કંપની સાથે કરી કરી હતી જેના પર રાહુલ ગાંધીએ પ્રતિક્રિયા આપી છે. રાહુલ ગાંધીએ ટ્વીટ કરી હતી કે તમે જે ઈચ્છો તે વિચારી શકો છો મિસ્ટર મોદી. અમે ઈન્ડિયન છીએ અને મણિપુરને ઉભું કરવા અને ત્યાંની મહિલાઓ અને બાળકોના આંસુ લુછવા અમે કામ કરીશું. આ ઉપરાંત તેમણે એમ પણ લખ્યું કે, મણિપુરમાં ફરી ઈન્ડિયાની વિચાર ધારાને જીવંત કરાશે. અગાઉ મોદીએ વિપક્ષો પર પ્રહાર કરતા કહ્યું કે, તેમના વર્તનથી એવું લાગે છે કે આ લોકો ઘણા દાયકાઓ સુધી સત્તામાં આવવા માંગતા નથી. આ દરમિયાન, તેમણે વિપક્ષના મહા ગઠબંધનના નવા નામકરણ ઈન્ડિયાપર પણ પ્રહાર કર્યા હતા.

### ૨૦૨૪ની ચૂંટણીને અનુલક્ષીને ભાજપની ક્વાયત

# બીજેપી દ્વારા રણનીતિ બનાવાઈ : મિશન દોસ્તી હેઠળ ભાજપ મોટાપાયે વિપક્ષોને પક્ષમાં જોડશે



। નવી દિલ્હી, તા.૨૫ ।

છેલ્લા ઘણા દિવસથી ઉત્તર પ્રદેશને લઈને ભારતીય જનતા પાર્ટી દ્વારા મોટી રણનીતિ બનાવાઈ રહી છે. આ રણનીતિ હેઠળ સૌથી મોટો મુદ્દો વિપક્ષી નેતાઓને પોતાની ટીમમાં સામેલ કરવાનો પણ છે. આ અભિયાનને સફળ બનાવવા કેન્દ્રથી લઈને ભાજપના દિગ્ગજ નેતાઓએ કામ પણ શરૂ કરી દીધું છે. ભાજપે પોતાની નક્કી કરેલી યોજના મુજબ ચૂંટણી પહેલા ભારતીય જનતા પાર્ટીની વિચારધારાને માનનારા પ્રદેશના તમામ મુખ્ય વિપક્ષી પાર્ટીઓના નેતાઓને પોતાની ટીમમાં સામેલ કરવા મહાઅભિયાન શરૂ કરવાની તૈયારીઓ કરી રહ્યું છે. ઉત્તર પ્રદેશ ભાજપના પ્રદેશ અધ્યક્ષ ભુપેન્દ્ર સિંહ ચૌધરીએ મીડિયા સાથેની વાતચીતમાં જણાવ્યું કે, વિવિધ પક્ષો સાથે જોડાયેલા નેતાઓ ટુંક સમયમાં તેમની સાથે જોડાવાના છે.

આ જ ક્રમમાં ભાજપે સમાજવાદી પાર્ટીથી લઈને બહુજન સમાજ પાર્ટી અને ઉત્તર પ્રદેશની અન્ય સ્થાનિક પાર્ટીઓના નેતાઓ સહિત શુભાસપા જેવી પાર્ટીને પોતાની ટીમમાં સામેલ કરી દીધું છે. જ્યારે સોમવારે બસપાના પૂર્વ રાજ્યસભા સભ્ય રાજપાલ સૈની, સપા સરકારમાં મંત્રી રહેલા સાહબ સિંહ સૈની તેમજ જગદીશ સોનકર, પૂર્વ ધારાસભ્ય સુષમા પટેલ, અંશુલ વર્મા સહિત સમાજવાદી પાર્ટી, બહુજન સમાજ પાર્ટી, રાલોદ તેમજ કોંગ્રેસના નેતાઓને પોતાની ટીમમાં સામેલ કરી દીધા છે. ઉત્તર પ્રદેશમાં ભારતીય જનતા પાર્ટીના અધ્યક્ષ ભુપેન્દ્ર સિંહ ચૌધરીએ કહ્યું કે, હાલ અમારી ટીમમાં માત્ર કેટલાક લોકો જ જોડાયા છે. આગામી સમયમાં ધીરે ધીરે ઘણા લોકો અમારા પક્ષમાં જોડાશે.

### પાકિસ્તાનના પૂર્વ વડાપ્રધાનની મુશ્કેલીમાં વધારો

# અવમાનનાના કેસમાં ઈમરાન ખાન સામે બિનજામીન પાત્ર વોરંટ

**પંચે ઈસ્લામાબાદ પોલીસને ખાનની ધરપકડ કરવા અને મંગળવારે તેમની સમક્ષ હાજર કરવાનો નિર્દેશ આપ્યો**

। કરાચી, તા.૨૫ ।

પાકિસ્તાનના ચૂંટણી પંચ (ઈસીપી) એ સોમવારે પૂર્વ વડાપ્રધાન અને પાકિસ્તાન તહરીક-એ-ઈન્સાફ (પીટીઆઈ) પાર્ટીના અધ્યક્ષ ઈમરાન ખાન વિરુદ્ધ અવમાનનાના કેસમાં બિનજામીનપાત્ર વોરંટ જારી કર્યું છે. અહેવાલ મુજબ પંચે ઈસ્લામાબાદ પોલીસને ખાનની ધરપકડ કરવા અને મંગળવારે તેમની સમક્ષ હાજર કરવાનો નિર્દેશ આપ્યો હતો. મુખ્ય ચૂંટણી કમિશનર અને ચૂંટણી નિરીક્ષક વિરુદ્ધ અભદ્ર ભાષાનો ઉપયોગ કરવા બદલ પૂર્વ માહિતી મંત્રી ફવાદ ચૌધરી અને અન્ય સહિત ઈમરાન ખાન વિરુદ્ધ કેસ નોંધવામાં



આવ્યો હતો. વોરંટ અનુસાર, ઈમરાન ખાને ૧૬ જાન્યુઆરી અને ૨ માર્ચે કમિશન દ્વારા જારી કરાયેલા જામીનપાત્ર વોરંટની અવગણના કરી હતી. ચૂંટણી પંચે ઈસ્લામાબાદના ઈન્સ્પેક્ટર જનરલને ઈમરાન ખાનની ધરપકડ કરવા અને ૨૫ જુલાઈના રોજ સવારે ૧૦ વાગ્યે તેમની સમક્ષ હાજર કરવાનો નિર્દેશ આપ્યો છે.

### મણિપુરમાં મહિલાઓની નગ્ન પરેડ મામલે વિપક્ષોનો વિરોધ જારી

# મણિપુર મુદ્દે સાંસદોના સંસદ બહાર સોમવારે આખી રાત ધરણા



। નવી દિલ્હી, તા.૨૫ ।

આમ આદમી પાર્ટીના સાંસદ સંજય સિંહને સસ્પેન્ડ કર્યા બાદ વિપક્ષના સાંસદોએ સોમવારે સંસદની બહાર આખી રાત ધરણાં કર્યા હતા. મણિપુરમાં નગ્ન મહિલાઓની પરેડ સંબંધિત વાયરલ વીડિયોને લઈને દેશમાં માર્ગોથી લઈને સંસદ સુધી ભારે હોબાળો મચી ગયો છે. આપસાંસદ સોમવારે સંસદના સત્ર દરમિયાન બે મહિલાઓ સાથે થયેલી નિર્દયતાના મુદ્દા પર ચર્ચા કરી રહ્યા હતા. આ તોફાની સત્ર દરમિયાન સંજયે વેલમાં રાજ્યસભાના અધ્યક્ષ જગદીપ ધનખડની ખુરશી સામે વિરોધ કર્યો અને તેમને હાથ બતાવીને કંઈક કહ્યું. આ કારણે તેમને સમગ્ર મોનસૂન સત્ર માટે સસ્પેન્ડ કરી દેવામાં આવ્યા હતા.

# પાંચ વર્ષમાં બેંકોએ ૧૦.૫૭ લાખ કરોડની બેડ લોન માફ કરી

। નવી દિલ્હી, તા.૨૫ ।

નાણાકીય વર્ષ ૨૦૨૨-૨૩માં બેંકોએ કુલ રૂ. ૨.૦૯ લાખ કરોડની લોન રાઈટ ઓફ કરી છે. બીજી તરફ છેલ્લા પાંચ વર્ષના આંકડાઓ પર નજર કરીએ તો બેંકિંગ સેક્ટરમાં કુલ રૂ. ૧૦.૫૭ લાખ કરોડની લોન રાઈટ-ઓફ થઈ છે. બેંકિંગ સેક્ટરના રેગ્યુલેટર આરબીઆઈએ આરટીઆઈના જવાબમાં આ માહિતી શેર કરી છે. ઈન્ડિયન એક્સપ્રેસને આપેલા આરટીઆઈના જવાબમાં, આરબીઆઈએ જણાવ્યું હતું કે બેંકોના આ લોન રાઈટ-ઓફને કારણે, માર્ચ ૨૦૨૩ સુધીમાં, તે ગ્રોસ નોન-પરફોર્મિંગ એસેટ (જીએનપીએ) અથવા જે લોન ડિફોલ્ટ થઈ ગઈ છે, તેને ૧૦ વર્ષની નીચી ૩.૯ ટકા સુધી ઘટાડવામાં સફળ રહી છે. રિપોર્ટ અનુસાર, નાણાકીય વર્ષ ૨૦૧૭-૧૮માં બેંકોની ગ્રોસ એનપીએ ૧૦.૨૧ લાખ કરોડ રૂપિયા હતી, જે માર્ચ ૨૦૨૩ સુધીમાં ઘટીને ૫.૫૫ લાખ કરોડ રૂપિયા થઈ ગઈ છે. રિપોર્ટ અનુસાર આરબીઆઈએ માહિતી આપી છે કે ૨૦૧૨-૧૩થી અત્યાર સુધીમાં બેંકોએ ૧૫,૩૧,૪૫૩ કરોડ રૂપિયાની લોનને રાઈટ ઓફ અથવા રાઈટ ઓફ કરી છે. આરટીઆઈના જવાબમાં આરબીઆઈએ જણાવ્યું હતું કે છેલ્લા ત્રણ વર્ષમાં કરવામાં આવેલા રૂ. ૫૮૬,૮૯૧ કરોડના રાઈટ-ઓફમાંથી બેક્કો માત્ર રૂ. ૧૦૯,૧૮૬ કરોડની જ વસૂલાત કરી શકી છે. એટલે કે આ સમયગાળા દરમિયાન રાઈટ ઓફ કરેલી લોનમાંથી માત્ર ૧૮.૬૦ ટકા જ વસૂલ કરી શકાશે. જો બેંકો દ્વારા રાઈટ ઓફ કરવામાં આવેલી લોનને ઉમેરવામાં આવે તો બેંકોની એનપીએ ૩.૯ ટકાથી વધીને ૭.૪૭ ટકા થઈ જાય છે. ૨૦૨૨-૨૩માં જ્યાં રૂ. ૨૦૯,૧૪૪ કરોડની લોન રાઈટ ઓફ કરવામાં આવી છે.




CMYK

ન્યૂઝ બ્રિફ

## ટાઉન પ્લાનીંગ અધિકારીએ પોતાની જવાબદારીમાંથી હાથ ખંખેરી લીધા

| જૂનાગઢ, તા.૨૫ |

જૂનાગઢના કડિયાવાડ વિસ્તારમાં ઈમારત ધરાશાયી થઈ હતી. જેમાં ૪ વ્યક્તિઓએ પોતાના જીવ ગુમાવ્યા હતા. જૂનાગઢમાં અતિ ભારે વરસાદ વરસ્યો હતો. વરસાદને લઈ જૂનાગઢ શહેરમાં મોટાભાગના રસ્તાઓ ધસમસતા વરસાદી પાણીના પ્રવાહ વહ્યા હતા. વરસાદે રાહત લીધો ત્યાં જ એક બિલ્ડીંગ ધરાશાયી થઈ હતી. જેમાં ચાર વ્યક્તિઓએ જીવ ગુમાવ્યો હતો. આ મામલે જૂનાગઢ કોર્પોરેશનમાં ખાસ બેઠક તાત્કાલિક ધોરણે યોજી હતી. જેમાં આવી ઘટનાઓને ટાળવા માટે પ્રાયોરિટીથી શહેરના ૬૫ ઈમારતો જે જોખમી છે તેને ઉતારી લેવામાં આવશે. આ માટેની કામગીરી તુરત શરુ કરી દેવામાં આવશે.આ દરમિયાન શહેરના ટાઉન પ્લાનીંગ અધિકારીએ પોતાની જવાબદારીમાંથી હાથ ખંખેરી લીધા છે. જૂનાગઢની આ ઘટનામાં જવાબદારી કોની એ હું નક્કી ના કરી શકુ એમ તેઓએ મીડિયા સમક્ષ બતાવ્યુ હતુ. ઘટનાને લઈ હવે જૂનાગઢ કોર્પોરેશને ગંભીરતાપૂર્વકની કામગીરી હાથ ધરવાની શરુઆત કરી છે અને જર્જરીત મકાનોને ઉતારી લેવામાં આવશે.

## તિસ્તા, શ્રીકુમાર બાદ સંજીવ ભટ્ટે પણ ડિસ્ચાર્જ આરજી ફાઇલ કરી

| અમદાવાદ, તા.૨૫ |

ગુજરાતમાં ૨૦૦૨ના રમખાણો બાદ તત્કાલીન સીએમ મોદી અને રાજ્યને બદનામ કરવાના કેસમાં તિસ્તા સેતલવાડ,પૂર્વ ડીજીપીઆર. બી. શ્રીકુમાર અને પૂર્વ આપીએસ ઓફિસર સંજીવ ભટ્ટ સામે સિટની તપાસ ચાલી રહી છે. ત્યારે પૂર્વ આઈપીએસસંજીવ ભટ્ટે ડિસ્ચાર્જ અરજી ફાઈલ કરી છે. સેશન્સ કોર્ટ અગાઉ તિસ્તા સેતલવાડ અને આર. બી. શ્રીકુમારની પણ ડિસ્ચાર્જ અરજી ફગાવી ચૂકી છે. સંજીવ ભટ્ટ સામે સહ આરોપીઓ સાથે મળીને કાવતરું ઘડવાનો આક્ષેપ છે. આ સાથે જ સંજીવ ભટ્ટના વકીલ મનીષ ઓઝાએ આ કેસ કોર્ટના ક્ષેત્રમાં ન આવતો હોવાની દલીલ કરીને કેટલાક કાગળોની માગ પણ કરી હતી. અત્યારે આ કેસમા આરોપીઓ વિરુદ્ધ ચાર્જફ્રેમની પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે. અગાઉની સુનાવણીમાં વકીલ મનીષ ઓઝા દ્વારા પાલનપુર જેલમાં બંધ સંજીવ ભટ્ટ સાથે ઓનલાઈન વીડિયો કોલથી વાત કરવાની માગ કરાઈ હતી. કોર્ટે આ માગને ફગાવી દીધી હતી. ફક્ત રૂબરૂ મુલાકાતની પરવાનગી આપી હતી. આ કેસ પર હવે આગામી સુનાવણી ૩ ઓગસ્ટે થશે.

## ગુજરાતમાં રાહત પણ દેશના ૧૨ રાજ્યોમાં વરસાદ મુશ્કેલી વધારશે

| અમદાવાદ, તા.૨૫ |

સોમવારે પણ દેશના ઘણા રાજ્યોમાં હળવાથી ભારે વરસાદ નોંધાયો હતો. હવામાન વિભાગની આગામી ચાર દિવસની આગાહી દર્શાવે છે કે ગુજરાતમાં વરસાદથી રાહત મળી શકે છે, પરંતુ ૧૨ રાજ્યો માટે ચોમાસું મુશ્કેલીમાં વધારો જ કરશે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર મોનસૂન ટર્ફ સતત સક્રિય છે અને તે તેની સામાન્ય સ્થિતિથી દક્ષિણ તરફ આગળ વધી રહી છે. આગામી બેથી ત્રણ દિવસ દરમિયાન પશ્ચિમ છેડો ધીમે ધીમે ઉત્તર તરફ આગળ વધે તેવી શક્યતા છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, એક સાઈક્લોનિક સર્ક્યુલેશન પશ્ચિમ મધ્ય અને તેની નજીકના ઉત્તર-પશ્ચિમ બંગાળની ખાડી પર જોવા મળી રહ્યું છે, જે દરિયાની સપાટીથી ૫.૮ થી ૭.૬ કિમીની ઉંચાઈ પર છે. જેના કારણે આગામી ૨૪ કલાક દરમિયાન આ જ વિસ્તારમાં લો પ્રેશર ઝોન બને તેવી શક્યતા છે. હવામાન વિભાગે આજે ઉત્તરાખંડ, કોંકણ અને ગોવા, મધ્ય મહારાષ્ટ્ર, ગુજરાત અને કોસ્ટલ કર્ણાટકના અલગ ભાગો સહિત ૧૨ રાજ્યોમાં ભારેથી અતિ ભારે વરસાદની આગાહી કરી છે.

### લક્ષણો દેખાય તો તરત જ સારવાર લો

# અમદાવાદમાં પણ વધ્યા કંજંક્ટિવાઈટિસના કેસો

## ડોક્ટરોની સલાહ છે કે, આંખને સીધો સ્પર્શ કરવાનું ટાળવું ઉપરાંત હાથ વારંવાર ધોવા જોઈએ

| અમદાવાદ, તા.૨૫ |

દેશના વિવિધ શહેરોની જેમ હવે અમદાવાદમાં પણ કંજંક્ટિવાઈટિસ એટલે કે આંખના ચેપી રોગના દર્દીઓ વધી રહ્યા છે. સિવિલ હોસ્પિટલની મેડિસિટી કેમ્પસમાં આવેલી એમ એન્ડ જે ઈન્સ્ટીટ્યૂટ ઓફ ઓપ્થલ્મોલોજીમાં ગત સોમવારે કંજંક્ટિવાઈટિસના ૯૦ કેસ નોંધાયા હતા. આ સોમવારે દર્દીઓની સંખ્યા વધીને ૪૦૦ થઈ હતી. ફક્ત આ એક જ નહીં શહેરની આંખની લગભગ બધી જ હોસ્પિટલો અને ક્લિનિક્સ કંજંક્ટિવાઈટિસ અથવા તો ગુલાબી આંખના દર્દીઓથી ઊભરાઈ રહી છે. એમ એન્ડ જે ઈન્સ્ટીટ્યૂટ ઓફ ઓપ્થલ્મોલોજીના ડાયરેક્ટર ડૉ. સ્વાતિ રવાણીએ કહ્યું કે, દરેક વયજૂથના દર્દીઓ નોંધાઈ રહ્યા છે અને ગુલાબી આંખનો રોગ અગાઉના વર્ષો કરતાં આ વખતે વધુ ગંભીર છે. "સામાન્ય રીતે ચોમાસામાં લોકોને કંજંક્ટિવાઈટિસ થાય જ છે પરંતુ ચાલુ વર્ષે તેના દર્દીઓની સંખ્યા વધારે છે. નાગરિકોને અમારી સલાહ છે કે, તેઓ જાતે ઉપચાર કરવાનું ટાળે અને ચેપ કેટલો ગંભીર છે તે જાણવા માટે ડૉક્ટર પાસે જાય અને યોગ્ય સારવાર કરાવે. શહેરના આંખના અન્ય એક ડૉક્ટર મનીષ રાવલનું કહેવું છે કે, દર્દીઓમાં બાળકોની સંખ્યા વધારે છે. "ગત અઠવાડિયાની સરખામણીમાં આ વખતે દર્દીઓની સંખ્યા બમણી થઈ છે. મારું માનવું છે કે, સ્કૂલ અને મેદાનોમાં બાળકોના એકબીજાના



સંપર્કમાં આવવાને લીધે ચેપ વધુ ફેલાઈ રહ્યો છે. જોકે, બાળકોમાં રોગની ગંભીરતા એટલી નથી દેખાઈ રહી તેમ છતાં તેમને સ્વચ્છતા રાખવાની અને આંખોને સ્પર્શ ના કરવાની સલાહ આપવામાં આવે છે. નિષ્ણાતોએ એક જ પરિવારમાંથી આવતા દર્દીઓ અને સારવારમાં સ્ટીરોઈડ્સના ઉપયોગ અંગે વાત કરી છે. શહેરના ઓપ્થલ્મોલોજીસ્ટ ડૉ. મનીષ જોષીએ કહ્યું, "એક જ ઘરમાંથી એકથી વધુ સભ્યોને કંજંક્ટિવાઈટિસ થયો હોય તેવા કેસો આ વખતે જોવા મળી રહ્યા છે. કંજંક્ટિવાઈટિસ મોટાભાગે આઈ ડ્રોપ્સ અને એન્ટીબાયોટિક દવાઓથી મટી જાય છે પરંતુ ગંભીર કેસોમાં ચેપ મટાડવા માટે અમે માઈલ્ડ સ્ટીરોઈડ્સ લેવાનું સૂચવીએ છીએ. ચેપ લાગેને તરત જ જો ડૉક્ટર પાસે પહોંચી જાવ તો સારવાર કરવામાં સરળતા રહે છે. કંજંક્ટિવાઈટિસ એટલે કે ગુલાબી આંખ નેત્રસ્તરનો સોજો છે. આંખની અંદરની બાજુએ અને આંખના સફેદ ભાગને આવરી લેતા સ્તરને નેત્રસ્તર કહેવામાં આવે છે અને તેના પર સોજો આવે ત્યારે આ સફેદ ભાગ લાલ અથવા ગુલાબી થઈ જાય છે. જેથી આ રોગને ગુલાબી આંખ પણ કહેવામાં આવે છે. સામાન્ય રીતે વાયરલ ઈન્ફેક્શનના લીધે કંજંક્ટિવાઈટિસ થાય છે અને તે ખૂબ ચેપી છે. ઘણીવાર એકસાથે કેટલાય લોકોને ચેપ લાગે છે. આંખો લાલ થવી, પાણી નીકળવું અને ખંજવાળ આવવી, બળતરા થવી વગેરે તેના લક્ષણો છે. કંજંક્ટિવાઈટિસના દર્દીઓથી તેજ લાઈટ સહન નથી થતી એટલે તેમણે ગોગલ્સ પહેરવા જોઈએ. સામાન્ય રીતે આ ચેપ ૨થી ૮ દિવસમાં મટી જતો હોય છે. નિષ્ણાતોનું કહેવું છે કે, સ્વચ્છતા જાળવવી ખૂબ જરૂરી છે. આંખોને સીધો સ્પર્શ ના કરવો અને વારંવાર હાથ ધોવા જોઈએ.



મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે રાજ્યની રાજધાની ગાંધીનગરમાં સેમિકન ઈન્ડિયા એક્ઝિબિશનનું ઉદ્ઘાટન કર્યું હતું.

### યુરિયા ખાતરની અછત મામલે મોટા સમાચાર

## કેન્દ્ર સરકાર ગુજરાતને વધારાનો યુરીયા ખાતરનો જથ્થો આપશે

| અમદાવાદ, તા.૨૫ |

રાજ્યમાં યુરિયા ખાતરની અછત મામલે કેન્દ્ર સરકાર દ્વારા ગુજરાતનાં ખેડૂતો માટે મહત્વનો નિર્ણય લીધો છે. જેમાં કેન્દ્ર સરકાર ગુજરાતને વધારાનો યુરીયા ખાતરનો જથ્થો આપ શે. તેમજ કેન્દ્ર સરકાદ ગુજરાતને વધારાનો ૧૫ હજાર મેટ્રિક ટન યુરિયાનો જથ્થો આપશે. ત્યારે રાજ્ય સરકાર પાસે હાલ ૨.૫૫ લાખ મેટ્રિક ટન યુરિયાનો જથ્થો ઉપલબ્ધ છે. રાજ્યને ફાળવાયેલા કુલ ૮.૬૧ લાખ મેટ્રિક ટનમાંથી ૬.૨૨ લાખ મેટ્રિક ટનનો ઉપયોગ થયો છે. ગુજરાતમાં સારા વરસાદનાં કારણે વાવેતરમાં વધારો થયો છે. સારા વરસાદથી વાવેતર ગત વર્ષ કરતા ચાલુ વર્શે ૬૧ ટકા થયું છે. યુરીયા ખાતરનાં જથ્થાને લઈને કૃષિ નિયામક એસ.જે.સોલંકીએ જણાવ્યું હતું કે, એના માટે પણ અમારા જીલ્લાનું વહીવટી તંત્ર પણ સજાગ છે. તેમજ તેનું ડાયવર્ઝન ન થાય તે માટે પણ સતત કાર્યવાહિ ચાલુ છે. અને છેલ્લા ત્રણ મહિનામાં ૧૨ જેટલી એફઆઈઆર કરી છે તેમજ ૧૧ જેટલી એફઆઈઆર પ્રગતિમાં છે.

### આખરે GSRTC કંડક્ટરની થઈ જીત

## માત્ર ૬ રૂપિયા માટે ત્રણ દાયકા સુધી ચાલી કાયદાકીય લડાઈ

### આ ઘટના સામે આવ્યા બાદ ઈન્સપેક્શન સ્ક્વોડે મુસાફરો અને કંડક્ટરનું સ્ટેટમેન્ટ લીધું અને ઉપરી અધિકારીઓને જાણ કરી હતી

| અમદાવાદ, તા.૨૫ |

એક બસના કંડક્ટર અને તેના પરિવારને પાતાની ગુમાવેલી સેલરી અને પેન્શન પાછુ મેળવવામાં ત્રણ દાયકા જેટલી કાયદાકીય લડત લડવી પડી હતી. આ કંડક્ટરે એ સમયે માત્ર ૭ રુપિયામાં ત્રણ જૂની ટિકીટો એક પેસેન્જરને આપી હતી. જેથી સેલરી અને પેન્શન કાપી નાખવામાં આવ્યું હતું. આ મામલામાં ગુજરાત સ્ટેટ રોડ એન્ડ ટ્રાન્સપોર્ટ કોર્પોરેશનના કંડ્કટર મુળજી પરમાર સામેલ હતા. ૨ જૂન, ૧૯૯૦ના રોજ જ્યારે ઈન્સપેક્શન સ્ક્વોડે અચાનક ચેકિંગ હાથ ધર્યુ તો ભાવનગર અને ધુંડસર વચ્ચેની બસમાં સામે આવ્યું કે, કંડ્કટરે રુપિયા ૨.૫૦ની ત્રણ જૂની ટિકીટો ત્રણ પેસેન્જરને આપી હતી. જેઓ ભાવનગરથી સિંહોર સુધી મુસાફરી કરી રહ્યા હતા અને આ ટિકીટ માત્ર ૭ રુપિયામાં આપવામાં આવી હતી. આ ઘટના સામે આવ્યા બાદ ઈન્સપેક્શન સ્ક્વોડે મુસાફરો અને કંડક્ટરનું સ્ટેટમેન્ટ લીધું હતું અને ઉપરી અધિકારીઓને જાણ કરી હતી. આરોપોની ગંભીરતા જોતા વિભાગે તપાસ હાથ ધરી હતી. ૧૯૯૩માં આરોપો સાબિત થયા હતા. એ પછી કંડક્ટર મુળજી પરમારને ત્રણ ઈક્રીમેન્ટ રોકવા માટેનો દંડ લગાવવામાં આવ્યો હતો. એ પછી તેઓએ ડિવિઝનલ કંટ્રોલરમાં આ દંડને પડકાર્યો હતો. જ્યાં તેઓએ બચાવમાં કહ્યું કે, આ ટિકીટો ભૂલથી આપી દેવામાં આવી હતી. કંડક્ટરે ૧૯૯૭માં ભાવનગરમાં એક ઔદ્યોગિક વિવાદ ટ્રિબ્યુનલનો સંપર્ક કર્યો હતો. જ્યાં તપાસ યોગ્ય અને ન્યાયી હોવાનું ગણીને રદ કરી દેવામાં આવી હતી. જેણે ૨૦૧૨માં જીએસઆરટીએસને કંડક્ટરને તેના બાકીના નાણા ચૂકવવા માટે આદેશ આપ્યો હતો. આ પછી GSRTCએ હાઈકોર્ટનો સંપર્ક કર્યો હતો અને દલીલ કરી હતી કે, કંડક્ટરને ટ્રિબ્યુનલનો સંપર્ક કરવામાં ચાર વર્ષનો સમય લાગ્યો હતો. હાઈકોર્ટે દલીલ સ્વીકારવાનો ઈનકાર કર્યો હતો અને કહ્યું હતું કે, એ વાતને નકારી શકાય નહીં કે ઈક્રીમેન્ટ રોકવાથી કર્મચારી અને તેના પરિવારને અસર થઈ છે અને તે હંમેશા જીવંત મુદ્દો રહેશે. તેને જૂનો દાવો કહી શકાય નહીં. એવું પણ કહ્યું કે, જો કર્મચારી એક કે બે દાયકા પછી આવી ફરિયાદ સાથે આવે તો તેને જૂનો દાવો કહી શકાય. આ પછી હાઈકોર્ટે GSRTCની અરજીને રદ કરી હતી અને સેવા દરમિયાન રોકવામાં આવેલું વેતન વધારો એટલે કે ઈક્રીમેન્ટ અને ફેમિલી પેન્શન સહિતનો હિસાબ કરવા માટે આદેશ આપ્યો હતો.

## બારી પાસે ફોનમાં ગેમ રમતી ૫ વર્ષીય બાળકીને ગમછાનો ફાંસો લાગતાં મોત

| સુરત, તા.૨૫ |

સુરતમાંવાલીઓ માટે ચેતવણી સમાન કિસ્સો સામે આવ્યો છે. બારી પાસે ફોનમાં ગેમ રમતી ૫ વર્ષીય બાળકીને ગમછાનો ફાંસો લાગતાં મોત થયું છે. શહેરના અમરોલી વિસ્તારમાં ફોનનું નેટવર્ક ન આવતા બારી પાસે બાળકી રમતી હતી ત્યારે આ ઘટના બની હતી. ઘટના બની ત્યારે બાળકીના પિતા મનોજભાઈ શાકભાજી લેવા ગયા હતા અને તેમના પત્ની રસોઈ બનાવી રહ્યાં હતા. ગમછો કોઈક રીતે ગળે વિંટળાયા બાદ પગ લપસી જતા ફાંસો લાગી ગયો હતો. બારી પાસે બાંધેલી દોરી પર ગમછો સુકવવા નાંખેલો હતો. રમતા રમતા કોઈક રીતે તેણે ગમછો ગળામાં લપેટી લીધો હતો અને પગ લપસી જતા તેને ફાંસો લાગી ગયો હતો. ગળાની નસ દબાઈ ગઈ હોવાથી તેને બેભાન હાલતમાં પ્રાઈવેટ હોસ્પિટલમાં દાખલ કરી હતી. સારવાર દરમિયાન બાળકીનું મોત થતાં પરિવાર શોકમગ્ન બની ગયો હતો.

### કાર્ગો વિમાન વિશ્વના સૌથી મોટા કાર્ગો વિમાનની શૃંખલામાં આવે છે

## એરપોર્ટનો વિકાસ થતા વિદેશી વિમાનો પણ અમદાવાદ એરપોર્ટના મહેમાનો બન્યા છે

### કાર્ગો વિમાન ઢાકાથી દોહા જતું હતુ, જે સમયે ફ્યુલ પુરાવા માટે તે કાર્ગો વિમાન અમદાવાદ એરપોર્ટ પર લેન્ડ થયું હતુ

| અમદાવાદ, તા.૨૫ |

અમદાવાદ એરપોર્ટ પર બે કાર્ગો વિમાન મહેમાન બન્યા હતા. મળતી માહિતી પ્રમાણે ૨૪ કલાકમાં બે વિદેશી કાર્ગો વિમાન અમદાવાદ એરપોર્ટના મહેમાન બન્યા જે બંને કાર્ગો વિમાન વિશ્વના સૌથી મોટા કાર્ગો વિમાનની શૃંખલામાં આવે છે. જેમાં અમદાવાદ એરપોર્ટ પર રાત્રે પહેલું વિદેશી કાર્ગો વિમાન મહેમાન બન્યું. અમદાવાદ એરપોર્ટ પર બે કાર્ગો વિમાન મહેમાન બન્યા હતા. મળતી માહિતી પ્રમાણે ૨૪ કલાકમાં બે વિદેશી કાર્ગો વિમાન અમદાવાદ એરપોર્ટના મહેમાન બન્યા જે બંને કાર્ગો વિમાન વિશ્વના સૌથી મોટા કાર્ગો વિમાનની શૃંખલામાં આવે છે. જેમાં અમદાવાદ એરપોર્ટ પર રાત્રે પહેલું વિદેશી કાર્ગો વિમાન મહેમાન બન્યું. ૧૨૪-૧૦૦ર કાર્ગો તેની હવાઈ ઉડાન દરમિયાન અમદાવાદ એરપોર્ટ પર ફ્યુલ પુરાવા માટે લેન્ડ થયું હતું. જે કાર્ગો વિમાન ઢાકાથી દોહા જતું હતુ. જે સમયે ફ્યુલ પુરાવા માટે તે કાર્ગો વિમાન અમદાવાદ એરપોર્ટ પર લેન્ડ થયું હતું. બાદમાં ફ્યુલ પૂર્યા બાદ તેણે પોતાની ઉડાન ભરી હતી. પહેલું કાર્ગો લેન્ડ થયું તેના ૨૪ કલાક બાદ વધુ એક કાર્ગો વિમાન અમદાવાદ એરપોર્ટનું મહેમાન



બન્યું. જેનો આકાર વહેલ માછલી જેવો છે જે અમદાવાદ એરપોર્ટનું મહેમાન બન્યું હતું. આ પ્લેનને બેલુગા પ્લેન કહેવામાં આવે છે. બેલુંગા કાર્ગો પ્લેન દુબઈ થી ચેન્નાઈ જતું હતું. જે વખતે ફ્યુલ પુરાવા માટે બેલુગા કાર્ગો પ્લેન અમદાવાદ એરપોર્ટ પર લેન્ડ થયું હતું. વિશ્વમાં વિવિધ પ્રકારના કાર્ગો પ્લેન આવેલા છે. જેમાં દરેક કાર્ગો પ્લેનની અલગ અલગ ખાસિયત છે. જેમાં આ એન્ટોનોવા અને બેલુગા કાર્ગો પ્લેન વિશ્વના સૌથી મોટા કાર્ગો પ્લેનની શૃંખલામાં આવે છે. જે વિશ્વના સૌથી મોટા કારગો પ્લેન અમદાવાદ એરપોર્ટ પર લેન્ડ થતાં. આ પ્લેનને લઈ અમદાવાદ એરપોર્ટ પર એક અલગ નજારો અને આકર્ષણ ઉભું થયું હતું. તેમજ અમદાવાદ એરપોર્ટ પર આ કાર્ગો પ્લેન લેન્ડ થવાના કારણે એક ઐતિહાસિક ઘડી પણ સર્જાઈ હતી. વિશ્વમાં વિવિધ પ્રકારના કાર્ગો પ્લેન આવેલા છે. જેમાં દરેક કાર્ગો પ્લેનની અલગ અલગ ખાસિયત છે.

### પોલીસે ધરપકડ કરી ચોરીના ૪૦ મોબાઈલ કબ્જે કર્યા

## રિક્ષામાં આગળ-પાછળ ખસવાનું કહી મોબાઇલ ચોરતાં બે ઝડપાયા

| સુરત, તા.૨૫ |

શહેરમાં ઓટો રિક્ષામાં બેઠેલા પેસેન્જરોની નજર ચૂકવી મોબાઈલ ચોરી કરતી ગેંગના બે સાગરીતોની ઉધના પોલીસે ધરપકડ કરી ચોરીના ૪૦ મોબાઈલ કબ્જે કર્યા છે. આરોપીઓની પૂછપરછમાં શહેરના અલગ-અલગ પોલીસ મથકોમાં નોંધાયેલ પાંચ ગુનાઓના ભેદ ઉકેલાઈ ગયા છે. જ્યાં આરોપીઓ પાસેથી મોબાઈલ, ઓટો રિક્ષા સહિત ૩.૮૫ લાખની મત્તાનો મુદ્દામાલ કબજે આગળની તપાસ ઉધના પોલીસે હાથ ધરી છે. આરોપીઓ એકલ-દોકલ દેખાતા પેસેન્જરોને ઓટો રિક્ષામાં બેસાડતા હતા. જે બાદ આગળ



પાછળ ખસવાનું કહી મોબાઈલ ચોરી કરી ફરાર થઈ જતા હતા. ગેંગના અન્ય બે સાગરીતોને પણ પોલીસે હાલ વોન્ટેડ જાહેર કર્યા છે. સુરત શહેરમાં ઓટો રિક્ષામાં બેઠેલાં પેસેન્જરોની નજર ચૂકવી મોબાઈલ ચોરી કરતી ગેંગના બે સાગરીતોને ઝડપી પાડવામાં ઉધના પોલીસને સફળતા મળી છે. શહેરમાં છેલ્લા ઘણા સમયથી ઓટો રીક્ષા ગેંગ સક્રિય બની છે. ગેંગના માણસો શહેર વિસ્તારમાં ફરી એકલ-દોકલ દેખાતા પસેન્જરોને પોતાની ઓટો રિક્ષામાં બેસાડે છે. જે બાદ આગળ-પાછળ ખસવાનું કહી નજર ચૂકવી મોબાઈલ ચોરી કરી લે છે.

જે ગેંગના માણસો ઓટો રિક્ષા લઈ પોતાના ગુનાને અંજામ આપ વા ઉધના વિસ્તારમાં ફરી રહી છે, જે મુજબની બાતમીના આધારે ઉધના પોલીસે વોચ ગોઠવી દાઉદ આમીન ખાન અને આમિર આમીન ખાન નામના શખ્સોની ઉધના વિસ્તારમાંથી ધરપકડ કરી હતી. આરોપીઓઓની ઊંડાણપૂર્વકની પૂછપરછ કરતા તેમની પાસેથી ચોરીના અલગ-અલગ કંપનીના કુલ ૪૦ મોબાઈલ મળી આવ્યા

### રાજકોટનો ચેતવણી સમાન કિસ્સો

## રૂપિયા નવ લાખની છેતરપિંડી થઇ હોવાની પોલીસ ફરિયાદ

| રાજકોટ, તા.૨૫ |

આપણે ત્યાં એક કહેવત છે કે લોભિયા હોય ત્યાં ધુતારા ભૂખે ન મરે, ત્યારે આ કહેવત સાચી ઠરી છે રાજકોટ શહેર ખાતે. રાજકોટ શહેરના કોઠારીયા મેઈન રોડ પર રહેતા ૩૫ વર્ષીય વેપારી ભરતભાઈ ગોહેલ નામના વ્યક્તિએ રિદ્ધિ સિદ્ધિ ઈન્વેસ્ટમેન્ટ કંપનીના પ્રોપરાઈટર પલક કોઠારી વિરુદ્ધ પ્રદ્યુમન નગર પોલીસ મથક ખાતે આઈપીસી ૪૦૬, ૪૨૦ તેમજ **Gujarat protection interest of depositors** એક્ટ હેઠળ રૂપિયા ૯ લાખની છેતરપિંડી થઈ હોવાની પોલીસ ફરિયાદ નોંધાવી છે. સમગ્ર મામલે પોલીસને આપેલી ફરિયાદમાં ફરિયાદીએ જણાવ્યું છે કે, એક વર્ષ પૂર્વે વર્તમાન પત્રમાં જાહેરાત આવી હતી કે, રિદ્ધિ સિદ્ધિ ઈન્વેસ્ટમેન્ટમાં રોકાણ કરવાથી આજીવન દર મહિને સાત ટકા રિટર્ન આપવામાં આવશે. જે જાહેરાતના માધ્યમથી રાજકોટ શહેરની યાજ્ઞિક રોડ પર હોટલ ઈમ્પીરીયલ પેલેસની સામે આવેલા માધવ કોમ્પ્લેક્સના પ્રથમ માળે ઓફિસ ખાતે હું મળવા ગયો હતો. જ્યાં પલક ભાઈ કોઠારી હાજર હતા તેમને મેં કહ્યું હતુ કે, મારે તમારી કંપનીમાં રોકાણ કરવું છે. જેના જવાબમાં કંપનીના પ્રોપરાઈટર પલકભાઈ કોઠારીએ મને જણાવ્યું હતુ કે, રોકાણ કરવાથી તમને દર મહિને સારું વળતર મળશે. તેમજ તમારા રૂપિયા ડૂબશે નહીં તેની બાહેંધરી પણ અમે આપીએ છીએ. જેથી મેં ૯ લાખ રૂપિયાનું રોકાણ ચેકના માધ્યમથી ૯ જૂન ૨૦૨૧ ના રોજ કર્યું હતું. જેની સામે પલક કોઠારીએ સિક્યુરિટી પેટે ૯,૦૦,૦૦૦ નો ચેક મને આપ્યો હતો. તેમજ રૂા.૩૦૦ ના સ્ટેમ્પ પેપર ઉપર એગ્રીમેન્ટ પણ કરી આપ્યું હતું. તો આશરે પાંચ મહિના સુધી વળતર પણ આપ્યું હતું પરંતુ ત્યારબાદ વળતર આપવાનું બંધ કરી દીધું હતું. જેના કારણે પલક કોઠારીનો સંપર્ક સાધતા ઓફિસ પણ તેણે બંધ કરી દીધી હોવાનું જાણવા મળ્યું હતું. ત્યારે પોલીસે હાલ સમગ્ર મામલે ફરિયાદ નોંધી આરોપીની શોધખોળ શરૂ કરી છે.

ન્યૂઝ બ્રિફ

## લગ્ન-જાનમાં ગીતો વગાડવા એ કોપીરાઈટ કાયદાનો ભંગ નથી

। નવી દિલ્હી, તા.૨૫ ।

સરકારે સ્પષ્ટતા કરી હતી કે લગ્ન કે જાનમાં ગીતો વગાડવા તે કોપીરાઈટ કાયદાનું ઉલ્લંઘન ન ગણાય અને કોઈ પણ આવી પ્રવૃત્તિઓ માટે રોયલ્ટી ન ઉઘરાવી શકે. ઉદ્યોગ અને આંતરિક વેપાર સંવર્ધન વિભાગ (ડીપીઆઈઆઈટી) એ એક જાહેર નોટિસમાં કહ્યું કે અમને કોપીરાઈટ એક્ટ ૧૯૫૭ની કલમ ૫૨ (૧)(ઝેડએ) ની ભાવનાથી વિપરિત લગ્ન-જાનમાં ગીતો વગાડવાને લઈને કોપીરાઈટ સોસાયટી વતી રોયલ્ટી લેવા વિશે સામાન્ય નાગરિકો અને અન્ય પક્ષો તરફથી અનેક ફરિયાદો મળી હતી. એક્ટની કલમ ૫૨ અમુક એવા કાર્યો સાથે સંકળાયેલી છે જેમાં કોપીરાઈટ એક્ટનું ઉલ્લંઘન થતું નથી. ડીપીઆઈઆઈટીએ કહ્યું કે કલમ કલમ ૫૨ (૧)(ઝેડએ) ખાસ કરીને કોઈ ધાર્મિક સમારોહ કે સત્તાવાર સમારોહ દરમિયાન સાહિત્યક, નાટકીય અથવા ગીતો વગાડવા કે સાઉન્ડ રેકોર્ડિંગના પ્રદર્શનનો ઉલ્લેખ કરે છે. આ કોઈપણ રીતે કોપીરાઈટનું ઉલ્લંઘન નથી. તેમાં જણાવાયું કે ધાર્મિક સમારોહમાં લગ્ન અને જાન અન્ય સામાજિક કાર્યોમાં સામેલ છે.

## આઈડીઆર હેઠળ જારી ઔદ્યોગિક લાઇસન્સ હવે ૧૫ વર્ષ માટે માન્ય ગણાશે

। નવી દિલ્હી, તા.૨૫ ।

સરકાર દ્વારા ઈન્ડસ્ટ્રીઝ ડેવલપમેન્ટ એન્ડ રેગ્યુલેશન એક્ટમાં એક મોટા ફેરફાર કરવામાં આવ્યા છે. સરકારે આજે જાહેર કર્યું છે કે, આઈડીઆરએક્ટ હેઠળ જારી કરાયેલા તમામ ઔદ્યોગિક લાઈસન્સ ત્રણ વર્ષની જગ્યાએ હવે ૧૫ વર્ષ માટે માન્ય ગણવામાં આવશે. ઈન્ડસ્ટ્રીઝ ડેવલપમેન્ટ એન્ડ રેગ્યુલેશન એક્ટ હેઠળ ઉદ્યોગોને લાઈસન્સ આપવાની જોગવાઈઓ કરવામાં આવી છે. ડિપાર્ટમેન્ટ ફોર પ્રમોશન ઑફ ઈન્ડસ્ટ્રી એન્ડ ઈન્ટરનલ ટ્રેડે એક નિવેદનમાં જણાવ્યું હતું કે ઔદ્યોગિક લાઈસન્સની માન્યતા ત્રણ વર્ષથી વધારીને ૧૫ વર્ષ કરવામાં આવી રહી છે, જે અગાઉ જારી કરાયેલી તમામ પ્રેસ નોટ્સ રદ કરે છે. વેપારમાં સરળતા વધારવા માટે સંરક્ષણ ક્ષેત્ર માટે જારી કરાયેલા લાયસન્સની તર્જ પર આ પગલું લેવામાં આવ્યું છે.



### ભારત-બાંગ્લાદેશ ત્રીજી વન-ડેની ઘટના

## અમ્પાયરના નિર્ણય પર ગુસ્સો કરવા બદલ હરમનપ્રીત સામે પગલાં લેવાશે

। ઢાકા, તા.૨૫ ।

ભારતીય મહિલા ક્રિકેટ ટીમ અને બાંગ્લાદેશની મહિલા ક્રિકેટ ટીમ વચ્ચે શનિવારે ત્રીજી અને અંતિમ વનડે રમાઈ હતી. આ અંતિમ વનડે મેચ ટાઈ થઈ હતી. ભારતીય મહિલા ટીમની કેપ્ટન હરમનપ્રીત કૌરને આ મેચમાં અમ્પાયરના નિર્ણય પર ગુસ્સો આવ્યો હતો. અમ્પાયરે તેને એલબીડબલ્યુઆઉટ જાહેર કરી હતી. તે બાદ તેણે બેટ વડે જોરથી સ્ટમ્પ પર માર્યું હતું. હરમનપ્રીતની આ હરકત પર બીસીસીઆઈએક્શન મોડમાં આવી ગઈ છે.ભારતીય મહિલા કેપ્ટન રમતના સાધનોને નુકસાન પહોંચાડવા અને અમ્પાયરોની ટીકા કરવા બદલ બે મેચના પ્રતિબંધનો સામનો કરી શકે છે, જેનો અર્થ એ થઈ શકે છે કે તે એશિયન ગેમ્સની શરૂઆતની મેચો નહી રમી શકે. હરમનપ્રીતને નાહિદા અખ્તરની બોલ પર એલબીડબલ્યુઆઉટ કરવામાં આવી હતી પરંતુ તેણે દાવો કર્યો હતો કે બોલ તેના બેટના તળિયે વાગી ગયો હતો. પેવેલિયન પરત ફરતા પહેલા તેણે પોતાનો ગુસ્સો સ્ટમ્પ પર કાઢ્યો હતો.

### મણિપુરમાં ગંભીર સ્થિતિની વચ્ચે વધુ એક ચોંકાવનારી બાબત સામે આવી

## મણિપુરમાં ૨૨ અને ૨૩ જુલાઈએ ૭૧૮ મ્યાનમાર નાગરિકો પ્રવેશ્યા

### મણિપુર સરકારે આસામ રાઈફલ્સ પાસેથી આ બાબતે વિગતવાર અહેવાલ માંગ્યો હતો, મ્યાનમારના નાગરિકોના બાયોમેટ્રિક્સ અને ફોટોગ્રાફ્સ રાખવાનો નિર્દેશ

। ઈમ્ફાલ, તા.૨૫ ।

મણિપુરમાં હાલમાં જે સ્થિતિ છે તે કોઈનાથી છુપાયી નથી. મણિપુરમાં હિંસાને લઈને રોડથી લઈને સંસદ સુધી વિરોધ જોવા મળી રહ્યો છે. આ દરમિયાન હવે એક ચોંકાવનારી વાત સામે આવી છે. સોમવારે મોડી રાત્રે ગૃહ વિભાગે આપેલા નિવેદન પ્રમાણે મણિપુર સરકારે આસામ રાઈફલ્સ પાસેથી વિગતવાર અહેવાલ માંગ્યો છે કે કેવી રીતે



માત્ર બે દિવસમાં એટલે કે ૨૨ અને ૨૩ જુલાઈના રોજ ઓછામાં ઓછા ૭૧૮ મ્યાનમાર નાગરિકોને યોગ્ય પ્રવાસ દસ્તાવેજો વગર ભારતમાં પ્રવેશવાની મંજૂરી આપવામાં આવી? સરકારે ચંદેલ જિલ્લાના ડેપ્યુટી કમિશનર અને પોલીસ અધિક્ષકને આ બાબતની તપાસ કરવા અને મ્યાનમારના નાગરિકોના બાયોમેટ્રિક્સ અને ફોટોગ્રાફ્સ રાખવાનો નિર્દેશ આપ્યો છે.મણિપુર સરકારનું આ નિવેદન ખૂબ જ મહત્વપૂર્ણ છે કારણ કે, બે મહિનાથી વધુની હિંસાને કારણે મણિપુરમાં તણાવ વચ્ચે માત્ર બે દિવસમાં ૭૦૦ થી વધુ મ્યાનમારના નાગરિકો ભારતમાં પ્રવેશ્યા.

### આઈઆરસીટીસીની વેબસાઈટ ખોરવાતા હાલાકી

## રેલ ટિકિટ બુકિંગના પૈસા કપાવા છતાં ટિકિટ બુક ન થઈ હોવાની ફરિયાદો

### ઘણા લોકોની ટ્વિટથી રેલવે પાસે આ સમસ્યાના સમાધાનની માંગ કરી, આઈઆરસીટીસીદ્વારા આ અંગે લોકોને જવાબ પણ આપવામાં આવી રહ્યો છે

। નવી દિલ્હી, તા.૨૫ ।

દેશમાં રેલવે ટ્રાન્સપોર્ટને સૌથી સુરક્ષિત અને સુવિધાજનક માનવામાં આવે છે. મોટા ભાગના લોકો પરિવહન માટે રેલવેનો ઉપયોગ કરે છે. જેમાં આજે કરોડો લોકોને મુશ્કેલી વેઠવી પડી કારણ કે આજે સવારથી જ આઈઆરસીટીસીસાઈટ અથવા એપ દ્વારા ટિકિટ બુકિંગ માટે મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. ઘણા લોકોએ ટ્વિટ કરીને રેલવે પાસે આ સમસ્યાના સમાધાનની માંગની



પણ કરી છે.આઈઆરસીટીસીદ્વારા આ અંગે લોકોને જવાબ પણ આપવામાં આવી રહ્યો છે.રેલવેના જવાબ પરથી જાણવા મળ્યું છે કે ટેકનીકલ સમસ્યાના કારણે આ અસુવિધા સર્જાઈ છે. રેલવે લોકોને આઈઆરસીટીસીના ચેટબોટ દિશાની મદદથી ટિકિટ બુક કરાવવાની અપીલ કરી રહી છે. પરંતુ જે લોકોએ આ કર્યું તેઓ પણ ચિંતિત છે અને તેમની સમસ્યાઓ સાથે સંબંધિત સ્ક્રીનશોટ શેર કરતી વખતે તેઓએ કહ્યું છે કે, આના દ્વારા પણ ટિકિટ બુક કરવામાં સમસ્યા છે. લોકોએ સ્ક્રીનશોટ દ્વારા દર્શાવ્યું છે કે, પૈસા કપાયા પછી પણ ટિકિટ બુક નથી થઈ રહી. કેટલાક લોકોએ ત્રણ વખત પેમેન્ટ કર્યું છે પરંતુ ટિકિટ બુક થઈ નથી. હવે આવા લોકો તેમના પૈસા પરત કરવાની માંગ કરી રહ્યા છે.

### એરિઝોનાની રાજધાની ફિનિક્સમાં સતત ૨૪ દિવસથી રેકોર્ડબ્રેક ગરમી

## અમેરિકામાં રેકોર્ડ બ્રેક ગરમી, હોસ્પિટલમાં તમામ બેડ ફૂલ થયા, ૧૮થી વધુ દર્દીનાં મોત

। વોશિંગ્ટન, તા.૨૫ ।

અમેરિકામાં લાંબા સમયથી ચાલી રહેલી ગરમીના દોરને કારણે ગંભીર રીતે દાઝી ગયેલા દર્દીઓની સંખ્યા દિવસે ને દિવસે વધતી જઈ રહી છે. આ લોકો ગરમ સપાટી કે વસ્તુઓને સ્પ શર્વાને લીધે ઘાયલ થયા હતા. અહેવાલ અનુસાર એરિઝોનામાં ડૉક્ટરોએ કહ્યું કે આગ ઝરતી ગરમીના કારણે ગરમ થઈ ચૂકેલા ડામર પડી જતાં પણ અમુક દર્દીઓ ઘવાયા હતા. રિસર્ચમાં જાણ થઈ કે ફક્ત અમુક જ સેકન્ડ માટે ધાતુ કે ડામરને સ્પર્શ કરવાથી ગંભીર બળતરાની સમસ્યા થઈ રહી છે. એરિઝોનાની રાજધાની ફિનિક્સમાં સતત ૨૪ દિવસથી રેકોર્ડબ્રેક ગરમી પડી રહી છે. અહીં તાપમાન ૪૩ ડિગ્રીએ પહોંચી ગયું છે. આ ૧૯૭૪માં સર્જાયેલા ૧૮ દિવસના રેકોર્ડથી પણ વધુ છે. એરિઝોના બર્ન સેન્ટરના કેવિન ફોસ્ટરે જણાવ્યું કે હાલમાં હોસ્પિટલમાં તમામ બેડ ફૂલ થઈ ગયા છે.

## હિટવેવથી અમેરિકામાં વ્યાપાર-ઉદ્યોગને માઠી અસર

। વોશિંગ્ટન, તા.૨૫ ।

અમેરિકામાં ગરમીનું મોજું ફરી વળ્યું છે. વિશ્વભરમાં પણ હીટવેવ વ્યાપી રહ્યું છે પરંતુ તેમાં યુએસ ઉપર ઘણી વધુ અસર થઈ છે. ગરમીનું મોજું યુએસના વ્યાપાર-ઉદ્યોગ પર ભયનો ઓથાર બની રહ્યું છે.

આ માહિતી આપતાં સીએનએનનો રિપોર્ટ જણાવે છે કે મૂડીઝના એનેલિટિક્સ ડાયરેક્ટર ક્રીસ લેકાકિલસના જણાવ્યા પ્રમાણે, આ ગરમીનાં મોજાંથી વ્યાપાર-ધંધાને તો નુકશાન થશે જ પરંતુ તેથી મૃત્યુદર પણ ઘણો વધી રહેવાની ભીતિ છે. આ રિપોર્ટ વધુમાં જણાવે છે કે, વિશ્વભરમાં ગરમીનું મોજું ફરી વળ્યું છે. આ અસામાન્ય હીટવેવને લીધે વિશ્વના એકંદર આંતરિક ઉત્પાદનમાં (જીડીપી) માં ૧૭.૬ ટકા જટલો અસામાન્ય ઘટાડો આ ત્રણ મહિનાના ગાળામાં (એપ્રિલ-મે-જુનમાં) ૧૭.૫ ટકા જેટલો ઘટાડો નોંધાશે. એડ્રીન્ને અર્શટ રોકફેવર ફાઉન્ડશન રિસર્ચ સેન્ટરનાં ડીરેકટર કેશી બોધમાનનાં જણાવ્યા પ્રમાણે અસામાન્ય ઉષ્ણતામાનને લીધે, આ વર્ષના બીજા ત્રીમાસમાં ૧૭.૬% જેટલો ઉત્પાદન ઘટાડો થવાની સંભાવના છે.

કેશી વધુમાં જણાવ્યું છે કે ખેતી અને બાંધકામ ક્ષેત્રમાં સૌથી વધુ ઘટાડો જોવા મળશે. તે સાથે તમામ ઉદ્યોગ ધંધામાં પણ ઘટાડો થશે. તેનું કારણ અતિશય ગરમીને લીધે કામદારોની કાર્યશક્તિમાં ઘણો મોટો ઘટાડો થવાનું છે.

આ હીટવેવ એટલું ઝડપથી ફેલાઈ રહ્યું છે કે તે આપણી તમામ ધારણાઓ અને ગણતરીઓને ખોટી પાડી દે છે તેમ પણ તે વિશ્લેષણકારો જણાવે છે.

## નવ વર્ષમાં મની લોન્ડરિંગ કેસમાં ૯૩ ટકાથી વધુ દોષિત



। નવી દિલ્હી, તા.૨૫ ।

ભારત સરકારે ગઈકાલે સંસદમાં જણાવ્યું હતું કે, એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટએ છેલ્લા નવ વર્ષમાં મની લોન્ડરિંગના કેસમાં ૯૩ ટકાથી વધુને દોષિત ઠેરવ્યા છે. નાણા રાજ્ય મંત્રી પંકજ ચૌધરીએ લોકસભામાં એક લેખિત જવાબમાં જણાવ્યું હતું કે, ૧૩ જુલાઈ સુધીમાં ફેડરલએજન્સીમાં ૨૫ટકાથી વધુ જગ્યાઓ ખાલી હતી. તેમના નિવેદન મુજબ, ઈડીપાસે ૨,૦૭૫ કર્મચારીઓની મંજૂર સંખ્યા છે અને તેમાંથી, ૧,૫૪૨ પોસ્ટ્સ હાલમાં કાર્યરત છે. છેલ્લા નવ વર્ષમાં મની લોન્ડરિંગના કેસોમાં ઈડીના દોષિત ઠરાવના દર અંગેના પ્રશ્નના જવાબમાં મંત્રીએ જણાવ્યું હતું કે, છેલ્લા નવ વર્ષો દરમિયાન મની લોન્ડરિંગ નિવારણ કાયદા (પીએમએલએ)ના ૩૧ કેસોની ટ્રાયલ પૂર્ણ થઈ છે, જેના પરિણામે ૨૯ કેસોમાં ૫૪ આરોપીઓને દોષિત ઠેરવવામાં આવ્યા છે. આમ, આજની તારીખે, પીએમએલએહેઠળ દોષિત ઠેરવવાનો દર ૯૩.૫૪ ટકા છે. મંત્રીએ કહ્યું કે, કેટલાક એવા કિસ્સાઓ છે કે જેમાં કાયદા અમલીકરણ એજન્સીઓ દ્વારા તપાસ કરાયેલા પ્રિડિકેટ અપરાધોને રદ કરવાને કારણે પીએમએલએ હેઠળની કાર્યવાહી આગળ વધી શકી નથી. સરકારે સંસદમાં માહિતી આપી હતી કે ૨૦૨૧માં સાયબર ફ્રોડના ૧૪,૦૦૭ કેસ નોંધાયા હતા. નેશનલ ક્રાઈમ રેકોર્ડ બ્યુરોના ડેટાને ટાંકીને, નાણા રાજ્ય મંત્રી ભગવત કરાડે જણાવ્યું હતું.

## સરકાર ૨૦૦૦ની નોટો જમા કરાવવાની મુદત નહીં વધારે

। નવી દિલ્હી, તા.૨૫ ।

ભારતીય રિઝર્વ બેંકે ૨૦૦૦ રૂપિયાની નોટને જમા કરાવવા માટે ૩૦ સપ્ટેમ્બર ૨૦૨૩ની ડેડલાઈન નક્કી કરી છે. જો તમારી પાસે હજુ પણ ૨૦૦૦ રૂપિયાની નોટ હોય તો આને ડેડલાઈન પહેલા બેંકોમાં જમા કરાવી દેજો. કેમ કે ૨૦૦૦ રૂપિયાની નોટને જમા કરાવવાની ડેડલાઈન સરકાર લંબાવાની નથી. સંસદમાં કેટલાક સભ્યોએ સરકારને પૂછ્યુ કે શું ૨૦૦૦ રૂપિયાની નોટને જમા કરાવવાની ડેડલાઈન લંબાવામાં આવશે. જેની પર નાણા મંત્રાલયે જવાબ આપ્યો. ઉલ્લેખનીય છે કે ૧૯ મેના રોજ રિઝર્વ બેંકે ૨૦૦૦ રૂપિયા પાછા મંગાવવાની જાહેરાત કરી હતી. ડેડલાઈનને લંબાવાની સ્થિતિને સ્પષ્ટ કરતા નાણા મંત્રાલયે કહ્યું કે ૨૦૦૦ રૂપિયાની નોટને જમા કરાવવાની અંતિમ તારીખ



લંબાવાશે નહીં એટલે કે જેની પાસે હજુ પણ ૨૦૦૦ રૂપિયાની નોટ છે, તેમણે ૩૦ સપ્ટેમ્બર પહેલા જમા કરાવવી પડશે. સંસદના ચોમાસુ સત્રમાં સુપ્રિયા સૂળે સહિત અમુક સાંસદોએ આ વિશે પૂછ્યુ હતુ. સાંસદોના પ્રશ્નોનો જવાબ આપતા નાણા રાજ્ય મંત્રી પકંજ ચૌધરીએ સ્પષ્ટ કરી દીધુ કે ડેડલાઈનમાં કોઈ પણ પરિવર્તન કરવામાં આવશે નહીં. તેમણે કહ્યુ કે હાલ સરકાર આવો કોઈ વિચાર કરી રહી નથી. નાણા રાજ્ય મંત્રીએ કહ્યુ કે જે ૨૦૦૦ રૂપિયાની નોટ પાછી બેંકમાં જમા કરાવવામાં આવી રહી છે, તેના બદલે આપવા માટે બીજી કરન્સીનો સ્ટોક ઉપલબ્ધ છે.

ભારતીય રિઝર્વ બેંકે મે મહિનામાં સૌથી મોટી કરન્સી ૨૦૦૦ રૂપિયાની નોટ પર નિર્ણય લીધો હતો, જોકે રિઝર્વ બેંકે કહ્યુ હતુ કે ૨૦૦૦ રૂપિયાની નોટ ૩૦ સપ્ટેમ્બર સુધી માન્ય રહેશે. રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાએ ૨૦૦૦ રૂપિયાના નોટને ક્લીન નોટ પોલિસી હેઠળ બંધ કરવાનો નિર્ણય કર્યો હતો. આ પોલિસી હેઠળ આરબીઆઈ ધીમે-ધીમે ૨૦૦૦ની નોટ બજારમાંથી પાછી મંગાવી રહ્યા છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ૮ નવેમ્બર ૨૦૧૬એ દેશમાં નોટબંધીનું એલાન કર્યુ હતુ ત્યારે ૫૦૦ અને ૧૦૦૦ ની નોટ ચલણમાં રદ કરી દેવાઈ હતી.

### શેરબજારમાં સપ્તાહનો બીજો કારોબારી દિવસ સામાન્ય રહ્યો

## સેન્સેક્સમાં ૨૯ અને નિફ્ટીમાં ૮ પોઈન્ટનો સાધારણ ઘટાડો




। મુંબઈ, તા.૨૫ ।

સપ્તાહનો બીજો કારોબારી દિવસ ભારતીય શેરબજાર માટે સામાન્ય રહ્યો. આજે બજારમાં ઘટાડો અટક્યો અને સપાટ સ્તરે બંધ થયું. અગાઉના બે કારોબારી દિવસમાં શેરબજારમાં આશરે ૧૨૦૦ પોઈન્ટનો કડાકો બોલ્યો હતો. આજે રોકાણકારોની સંપત્તિ ૩૦૨.૬૮ લાખ કરોડ થઈ છે, જે સોમવારના કારોબારી દિવસના અંતે રૂ. ૩૦૧.૯૩ લાખ કરોડ હતી.

આજે દિવસની શરૂઆત વધારા સાથે થઈ હતી પરંતુ દિવસના અંતે માર્કેટ ઘટાડા સાથે બંધ રહ્યું. વોલેટાલિટીના કારણે આજે સેન્સેક્સ ૨૯.૦૭ પોઈન્ટના ઘટાડા સાથે ૬૬૩૫૫.૭૧ પોઈન્ટ અને નિફ્ટી ૮.૨૫ પોઈન્ટ વધારા સાથે ૧૯૬૮૦.૬૦ પોઈન્ટ પર બંધ રહ્યા. આજે ૧૬૮૬ શેર વધ્યા, ૧૭૫૪ શેર ઘટ્યા અને ૧૩૫ શેરમાં કોઈ બદલાવ થયો નહોતો. હિન્દાલકો ઈન્ડસ્ટ્રીઝ, જેએસડબલ્યુ સ્ટીલ, ટાટા સ્ટીલ, એનટીપીસી અને અલ્ટ્રાટેક સિમેન્ટ નિફ્ટીના ટોચના વધનારા શેર્સ હતા. જ્યારે એશિયન પેઈન્ટ્સ, આઈટીસી, બ્રિટાનિયા ઈન્ડસ્ટ્રીઝ, ઈન્ડસઈન્ડ બેંક, એલએન્ડટી મુખ્ય ઘટનારા શેર હતા. મેટલ અને પાવર સેક્ટર ૨ ટકા વધ્યા હતા, જ્યારે પીએસયુ બેંક, કેપિટલ, એફએમસીજી અને રિયલ્ટી ૧ ટકા સુધી ઘટ્યા હતા. બીએસઈ મિડકેપ અને સ્મોલકેપ ૦.૩ ટકા વધ્યા હતા.

બેંકિંગ, એફએમસીજી અને આઈટી શેરોએ આજે બજારનો મૂડ બગાડવામાં મહત્વની ભૂમિકા ભજવી છે. ત્રણેય સેક્ટરના શેરમાં વેચવાલી જોવા મળી. જ્યારે ઓટો, ઓઈલ એન્ડ ગેસ, હેલ્થકેર, કન્ઝ્યુમર ડ્યુરેબલ્સ, કોમોડિટી, ઈન્ફ્રા, એનર્જી, મેટલ્સ ફાર્મા સેક્ટરના શેર તેજી સાથે બંધ થયા હતા. નિફ્ટીના મિડકેપ ઈન્ડેક્સમાં તેજી જોવા મળી છે જ્યારે સ્મોલકેપ ઈન્ડેક્સ ઘટાડા સાથે બંધ થયો છે.

### ચીનના ઉત્તર પૂર્વી વિસ્તારમાં આવેલા એક પ્રાંતની ઘટના

## ચીનમાં જિમ્નેશિયમ સ્કૂલની છત ધરાશાયી થતાં ૧૧નાં મોત

। બિજિંગ, તા.૨૫ ।

ચીનના ઉત્તર પૂર્વી વિસ્તારમાં આવેલા એક પ્રાંતમાં જિમ્નેશિયમ સ્કૂલની છત ધરાશાઈ થઈ જતા બાળકો સહિત ૧૧ લોકોના મોત થયા છે. મરનારામાં બાળકોની મોટી સંખ્યા છે. જેઓ સ્કૂલની વોલીબોલ ટીમનો હિસ્સો હતા.

સત્તાવાર રીતે ચીનની સરકારે આ ઘટનાને સમર્થન આપ્યુ હતુ. જ્યારે આ છત તુટી પડી ત્યારે તેમાં બાળકો સહિત ૧૯ લોકો હતા. જેમાંથી આઠ લોકોના જીવ બચી ગયા હતા અને બીજા કેટલાકને ઈજા પણ થઈ છે. ઘાયલ લોકોને નજીકની હોસ્પિટલમાં ખસેડાયા છે. વાલીઓ પોતાના બાળકોની તલાશમાં ઠેર ઠેર ભટકી રહ્યા છે. ઘટના સ્થળે રેસ્ક્યૂ ઓપરેશન દરમિયાન બાળકોના કોચ બાળકોના નામ બોલીને રેસ્ક્યુ ટીમને અંદર કોણ કોણ ફસાયુ છે તે જણાવી રહ્યા હતા.

બાળકોના પરિવારજનોનો આરોપ છે કે, બચાવ કામગીરી યોગ્ય રીતે થઈ રહી નથી.જે લોકોના મોત થયા છે તેમની જાણકારી પણ આપવામાં આવી રહી નથી.

## મણિપુર મહિલાઓને પરેડ મામલે સાતમા આરોપીની ધરપકડ

। ઈમ્ફાલ, તા.૨૫ ।

મણિપુરમાં મહિલાઓની નગ્ન પરેડ કરાવવા મામલે પોલીસે સાતમા આરોપીની પણ ધરપકડ કરી લીધી છે. હવે પોલીસ સોશિયલ મીડિયા પર શેર કરાયેલા વીડિયોમાં દેખાતા અન્ય આરોપીઓની ધરપકડ માટે ઠેર ઠેર શોધખોળ અભિયાન ચલાવી રહી છે. આ ઘટના અંગે અત્યાર સુધી પોલીસે કુલ સાત લોકોની ધરપકડ કરી છે. જેમાં એક સગીર આરોપી છે. પોલીસ હાલમાં ધરપકડ કરાયેલા આરોપીઓની પૂછપરછ કરી રહી છે કે જેથી કરીને અન્ય આરોપીઓને પકડી શકાય. ઉલ્લેખનીય છે કે મહિલાઓને નગ્ન પરેડ કરાવવાનો વીડિયો ૪ મેનો હોવાની માહિતી અપાઈ છે. આ વીડિયોને થોડાક જ સમય પહેલાં શેર કરાયો હતો જેના બાદ વિરોધમાં સમગ્ર મણિપુરમાં દેખાવોનો દોર શરૂ થઈ ગયો હતો.

## તંત્રી લેખ...

# બેઠકોની વહેંચણી મુદ્દે વિપક્ષનો ટેસ્ટ

થોડાક જ દિવસો પહેલા ભારત દેશની તમામ રાજનૈતિક પાર્ટી દ્વારા ઈન્ડિયા, નામક ગઢબંધનની જાહેરાત કરી હતી, જાહેરાત થતા જ બીજેપી પાર્ટીમાં ખળભળાટ મચી જવા પામી હતી, તેમજ જાહેરાત થતા જ લોકોમાં ચર્ચાઓ જાગી હતી કે, પીએમ પદનું દાવેદાર કોણ હશે, બેંગલુરુની બેઠકમાં કોંગ્રેસે સ્પષ્ટ કર્યુ છે કે પાર્ટીને પીએમ પદ નથી જોઈતું કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેએ પોતે સ્પષ્ટ કર્યુ કે, પાર્ટીને પીએમ પદ નથી જોઈતું, બલ્કે તેઓ બંધારણ, લોકશાહી, ધર્મનિરપેક્ષતા અને સામાજિક ન્યાય માટે લડવા માંગે છે કોંગ્રેસે આ મુદ્દે પોતાનું વલણ સ્પષ્ટ કર્યુ અને સ્પષ્ટ કર્યુ કે જો એકતા ન થાય તો તેના માટે તેને દોષ ન આપવો જોઈએ. આ પછી જાણે અન્ય પક્ષો માટે દાવાનો રસ્તો ખૂલી ગયો હોય ૨૦૨૪માં વડાપ્રધાન પદના ઉમેદવાર કોણ હશે ? આ અંગે વિપક્ષી છાવણીમાં અવાજ ઊઠવા લાગ્યો છે. ટી-એમસીએ પહેલા પોતાનો દાવો રજૂ કર્યો છે. ટીએમસી સાંસદ સતાબ્દી રોયે મુખ્યમંત્રી મમતા માટે પીએમ પદ માટે દાવો કર્યો હતો. કહ્યું કે, પછી અમે ઈચ્છાએ છીએ કે, મમતા બેનરજી પીએમ બને ઉદાહરણ તરીકે, મમતા બેનરજી, નીતીશકુમાર અને અરવિંદ કેજરીવાલને તેમના પક્ષના નેતાઓ અને કાર્યકરો વડાપ્રધાન પદના ઉમેદવાર તરીકે જુએ છે. જોકે, નીતીશકુમારે આ વર્ષે સ્પષ્ટ કર્યુ છે કે, તેઓ ‘‘વડાપ્રધાન બનવાનું સપનું નથી જોતા’’ મમતા બેનરજીએ ન તો આ વાતને નકારી કે સ્વિકારી નથી. જ્યારે અરવિંદ કેજરીવાલનું સપનું છુંપાયેલું નથી. તેઓ તેમના લગભગ ભાણ,ોમાં આ વિશે વાત કરે છે કે અને રોમાચિંત થાય છે કે, દેશના પીએમ શિક્ષિત હોવા જોઈએ. વડાપ્રધાન પદના ઉમેદવાર માટે વિરોધ પક્ષો જે પડકારનો સામનો કરી રહ્યા છે તે ભાજપ સામે નથી. ભાજપ સાથે હાથ મિલાવરનાર ૩૮ પક્ષો જાણે છે કે, વર્તમાન વડાપ્રધાન નરેન્દ્રમોદી આગામી લોકસભા ચૂંટણીમાં પણ આ પદના ઉમેદવાર હશે જો કે પ્રાદેશિક પક્ષો સાથે બેઠકોની વહેંચણી ભાજપ માટે પણ મુશ્કેલ માર્ગ હશે. પરંતુ વિરોધ પક્ષોને જે મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે. તેટલો નહીં અસલી મુદ્દો વિરોધ પક્ષો સાથે બેઠકોની વહેંચણીનો રહેશે. ત્યાર બાદ વડાપ્રધાન પદનો મુદ્દો નક્કી થઈ શકે છે આ બન્ને મુદ્દા વિરોધ પક્ષો માટે લોઢાના ચણા ચાવવાથી ઓછા નથી. ચાર રાજ્યોમાં કોંગ્રેસની પોતાની સરકાર છે અને ત્રણ રાજ્યોમાં ગઠબંધનની સરકાર છે. ક્યાંક ડીએમકે આરજેડી-જેડીયુ, જેએમએમ સાથે ગઠબંધનમાં છે. ઉત્તરપ્રદેશમાં સમાજવાદી પાર્ટીના અખિલેશ યાદવ, બિહારના મુખ્યમત્રી નીતીશકુમાર, બંગાળમાં મુખ્યમંત્રી મમતા બેનરજી અને અન્ય ઘણી પાર્ટીઓના નેતાઓએ કોંગ્રેસે તેમના રાજ્યોથી દૂર રહેવું જોઈએ તેવો અભિપ્રાય વ્યક્ત કર્યો છે. આ પક્ષો નથી ઈચ્છતા કે ભાજપની સાથે તેઓ કોંગ્રેસ સાથે પણ ચૂંટણી લડે આવી સ્થિતિમાં આ પ્રાદેશિક પક્ષોનું સત્તામાં ભાગીદારીનું સપનું નબળું પડી જાય છે.

# વધુ કેલોરીનો ઉપયોગ જોખમી છે

પોતાના આરોગ્ય પ્રત્યે જાગરૂક રહેલા લોકો હમેંશા ભોજનમાં પ્રોસેસ્ડ ફુડથી બચવાના પ્રયાસ કરે છે. પ્રોસેસ્ડ ફુડનો ઉપયોગ કરનાર લોકો બીજા લોકોની તુલનામાં વધારે પ્રમાણમાં કેલોરીનો ઉપયોગ કરે છે. હાલમાં કરવામાં આવેલા અભ્યાસમાં પણ ફરી સાબિતી મળી ગઇ છે કે વજન વધવાના સીધા સંબંધ પ્રોસેસ્ડ ફુડ સાથે રહેલા છે. પોતાના આરોગ્યને લઈને સાવધાન રહેલા લોકો આને લઈને કોઈ ભુલ કરતા નથી. વિશ્વ આરોગ્ય સંગઠનના કહેવા મુજબ દુનિયાભરમાં ગંભીર બિમારીનુ મુખ્ય કારણ પ્રોસેસ્ડ ફુડ છે. અભ્યાસમાં એવુ પણ જાણવા મળ્યુ છે કે હાર્ટ અટેક, હાર્ટને લગતી અન્ય સમસ્યા, ડાયાબિટીસ અને ઓછી વયમાં મૃત્યુ જેવા બનાવો માટેના કારણ પણ પ્રોસેસ્ડ ફુડ છે. રસાયણોના ઘાતક મિશ્રણ સાથે આ ચીજો બનાવવામાં આવે છે. આમાં ખાંડ અને મીઠાનુ પ્રમાણ વધારે પડતુ રાખવામાં આવે છે. આવી રીતે આ તમામ પેક તૈયાર કરવામાં આવે છે. આ તમામ મળીને શરીરની અંદર નુકસાન કરે છે. આના કારણે શરીરમાં ફાઈબર અને એન્ટીઓક્સીડન્ટની કમી થઇ જાય છે. આ ઉપરાંત તે દિમાગના એ હિસ્સામાં વધારે અસર કરે છે જેના કારણે આ પ્રકારની ચીજોની વ્યક્તિને ટેવ પડતી જાય છે. આના કારણે જરૂરી પૌષણ મળતા નથી. કેટલાક વર્ષોના ઉંડા અભ્યાસ બાદ આ બાબતની સાબિતી મળી ગઇ છે કે વજન ઓછુ રાખવા અને તેને નિયંત્રિત કરવા માટે આપને કોઈ પણ પ્રકારના ડાયટિંગની કોઈ જરૂર નથી. જરૂર માત્ર ભોજનના વિકલ્પને સાવધાનીપૂર્વક પસંદ કરવાની રહેલી છે. આમાં એક હિસ્સો પ્રોસેસ્ડ ફુડથી સંપૂર્ણપણે દુર રહેવાની બાબત પણ સામેલ છે. વધારે પ્રમાણમાં કેટલાક લોકો કેલોરીયુક્ત ડાઈટ લે છે પરંતુ સાવધાનીપૂર્વક આનો ઉપયોગ કરવામાં આવે છે. વૈપાનિકો પણ હવે તો પ્રોસેસ્ડ ફુડની સાઈડ ઈફેક્ટ અંગેની ચેતવણી આપી રહ્યા છે. આના કારણે વજન વધે છે. નેશનલ ઈન્સ્ટીટ્યુટ ઓફ હેલ્થના શોધ કરનાર લોકોએ શોધ્યુ છે કે જે લોકો પ્રોસેસ્ડ ફુડ ખાતા હોય છે તે બીજા લોકોની તુલનામાં પોતાના શરીરમાં ૫૦૦ કેલોરી વધારે લે છે. એટલે કે સપ્તાહમાં ૩૫૦૦ કેલોરી વધારે લે છે. આના કારણે દરેક સપ્તાહમાં આશરે અડધા કિલોગ્રામ વજન વધી જાય છે. આ ફુડથી દુર રહીને એક દિવસમાં ૫૦૦ કેલોરી ઓછી ખાવા પર સપ્તાહમાં સપ્તાહમાં ૩૫૦૦ કેલોરી શરીરમાં ઓછી જશે. આના કારણે દરેક સપ્તાહમાં અડધા કિલો વજન ઘટી શકે છે. શોધ કરનાર લોકોએ આ પ્રકારના તારણો જ રજૂ કર્યા છે. જેમાં કહેવામાં આવ્યુ છે કે જે લોકો અલ્ટ્રા પ્રોસેસ્ડ ડાયટ પર હતા તેમનુ વજન એક મહિનામાં આશરે સરેરાશ ૯૦૦ ગ્રામ વધી ગયુ છે. સાથે સાથે સાધારણ ભોજન કરનાર લોકોએ પણ સરેરાશ આટલુ જ વજન ઓછુ કર્યુ છે. સમયની સાથે આ સરેરાશ કેલોરી વધતી જાય છે. વધેલુ વજન ગંભીર આરોગ્યના ખતરાને જન્મ આપે છે. શોધકર્તા એવા પણ તારણ પર પહોંચી ગયા છે કે પ્રોસેસ્ડ ભોજનની પસંદગી એટલા માટે કરવામાં આવે છે કે તે સરળતાથી પચાવી શકાય છે. કારણ કે તે સોફ્ટ હોય છે. પ્રોસેસ્ડ ફુડને લઈને કેટલીક ચોંકાવનારી વિગત પણ સપાટી પર આવી ચુકી છે. સ્પેનમાં હાલમાં કરવામાં આવેલા એક અભ્યાસમાં દાવો કરવામાં આવ્યો છે કે જે લોકો પ્રોસેસ્ડ ફુડ વધારે પ્રમાણમાં ખાય છે તેમનામાં ભુખ દબાવી દેનાર હાર્મોન વધારે પ્રમાણમાં હોય છે. સાથે સાથે ભુખને જગાવનાર હાર્મોન ઓછા પ્રમાણમાં હોય છે. વધારે પ્રમાણમાં પ્રોસેસ્ડ ફુડ ખાવા પર શરીરની કેમિસ્ટ્રી એ રીતે કામ કરે છે કે તમે ન ખાવાની ઈચ્છા હોવા છતા પણ વધારે ખવાઈ જાય છે. ખાવા પર કાબુ ન હોવાના કારણે તેના પરિણામસ્વરૂપે વજન વધવાની શરૂઆત થાય છે.

## ચાતુર્માસ દરમિયાન ભક્તનાં અંતરમાં હર ઘડી બદલાતાં ભાવનાનાં સમુદ્રમાં તે હિલોળા લેતો હોય છે

# જાગૃતિરૂપી શેષનાગ હોય ત્યાં જ એ એકધારુ ચાતુર્માસ સુધી રહે છે, એવું કંઈક વિચારી શકાય



**સદગુરુ વચનામૃત**
સંકલન ફાલ્ગુની વસાવડા (ભાવનગર)

હે ઈશ્વર.

આપના શ્રીચરણોમાં મારા સહ પરિવાર સાદર સાષ્ટાંગ પ્રેમ પ્રણામ. આમ તો તમે ચાતુર્માસ કરવાં ગયા છો, એટલે કે ક્ષીરસાગરમાં શેષ શૈયા પર શયન. વિચારતા પણ અજીબ લાગે કે સાગરમાં અને એ પણ શેષનાગની શૈયા? આ વાત તો ભગવાન ને જે બહાર શોધે છે,કે જુવે છે એની છે. પણ આપણે તો અંતર આત્મામાં જ ભગવાન અનુભવવાનો છે, અને એ ભગવાન ક્યાંય જતો નથી. ભક્તનાં અંતરમાં હર ઘડી બદલાતા ભાવનાનાં સમુદ્રમાં તે હિલોળા લેતો હોય છે. જાગૃતિરૂપી શેષનાગ હોય ત્યાં જ એ એકધારુ ચાતુર્માસ સુધી રહે છે, એવું કંઈક વિચારી શકાય. પણ આ જાગૃતિ આવે ક્યાંથી? સદગુરુ કૃપા હી કેવલમ! હા કેવળ અને કેવળ સદગુરુ સાધકને જાગૃતિનું મૂલ્ય સમજાવી શકે, જાગૃતિ ન રાખવાનાં પરિણામથી આગાહ કરી શકે, અને એ કંઈ એટલું અઘરું પણ નથી! એ આચરણ કરીને શીખવી શકે. ઋતુ પણ રંગ બદલતી હોય,અને એ મુજબ ભાવ બદલતા હોય, ત્યારે આ બધું સંસારી તરીકે વિચારતા અશક્ય લાગે, અને આપણે સંન્યાસી તો થઈ શકવાનાં નથી! તો પછી એવું શું કરવું! પ્રાકૃતિક રીતે બદલાતી ઋતુ તો હજી બેલેન્સ થાય. પરંતુ વહેવારો અને સંબંધોને કારણે સુખ દુઃખરૂપી જે ઋતુ આવે છે, એમાં બેલેન્સ કરવું અઘરું પડે છે. બદલાતા આ મનોભાવને સ્થિર કરવા માટેનો એકમાત્ર ઉપાય છે, સારુ ખરાબ અહીં કોઈ પોતાની ઈચ્છાથી વર્તી શકતું નથી, બધું જ ઈશ્વર આધીન છે, ના સુખ ના દુખ કોઈથી હો, એવા ઊંચા વચનો ભાખ્યાં. સંબંધોનાં વ્યવહારમાં મનદુઃખ થાય ત્યારે, આવું વિચારીને જતું કરી શકાય, માફ કરી શકાય! અને એ રીતે મનોભાવ સ્થિર રાખી શકાય.પણ આ બધું પળપળની જાગૃતિ હોય તો જ શક્ય બને, જ્યારે આપણે રહ્યા ભોગ નિંદ્રા કે મોહ નિંદ્રાનાં ઉપાસક ! અહી સર્પ તો છે પણ હરઘડી હું પણાનો ફૂફાડો મારતો અહંકાર જે રાવણને પણ પાછળ છોડી દે. આપણે હમણાં રામાયણ વિશે



ચિંતન કરી રહ્યા છીએ, આજે આપણે ચિંતનમાં એ પ્રશ્નો વિશે જ વાત કરીશું.

૧. રામ રાજ્યમાં એવુ શું હતું જે આજે આપણી વ્યવસ્થામાં નથી?

રામચરિતમાનસમાં રામરાજ્યની વિભાવના કે રામરાજ્યની વ્યાખ્યા આપતાં ગોસ્વામી તુલસીદાસજી રામચરિતમાનસમાં કહે છે.

दैहिक दैविक भौतिक तापा।
राम राज नहिं काहुहि व्यापा ॥
सब नर करहिं परस्पर प्रीति।
चलहिं स्वधर्म निरत श्रुति नीति

આમ તો રામરાજ્ય વિશે લખાયું પણ છે, અને ખૂબ લખી શકાય,પણ ટૂંકમાં કહીએ તો દેખીતી રીતે સાંપ્રત સમાજમાં રામ રાજ્ય નથી, કારણકે રામરાજ્યની પહેલી શરત પરસ્પર પ્રીત અહીં હવે રહી નથી. સ્પર્ધાની આ દુનિયામાં હર ક્ષણ દરેક વ્યક્તિ એકબીજાને પછાડીને આગળ વધવા ઈચ્છે છે, એક પણ ક્ષેત્ર અહીં બાકી નથી. સંબંધોનાં મૂલ્ય પણ હવે બદલાઈ ગયા છે, સંબંધ હવે ત્યાગ અને બલિદાનની ભાષા ભૂલતાં જાય છે, સૌ કોઈ સ્વાર્થના આંચળા તળે જીવી રહ્યા છે. પારિવારિક દ્રષ્ટિએ વિશ્વનો એક ટકા કરતાં પણ ઓછા લોકો પોતાના પરિવારથી પ્રસન્ન હશે, આમાં રામરાજ્ય ક્યાં દેખાય!: સતત નકારાત્મક ભાવનો ઝેર ઓકતા સાપનો ભરડો અનુભવાતો હોય, ત્યાં રામરાજ્ય ક્યાં દેખાય! પિતાના બોલ પર ૧૪ વર્ષનો વનવાસ આજે કોણ સ્વીકારે? જેને વનવાસ ન થયો હોય એવો ભાઈ ભાઈનો સહારો બની સાથે કોણ ચાલે! પત્ની પણ એવી મળવી મુશ્કેલ છે. અહીં માત્ર સીતા નહીં, પણ ઉર્મિલા માંડવી પણ એટલી જ મહત્વની છે, અને દશરથ, ભરત, શત્રુઘ્ન, સુમિત્રા, કૌશલ્યા, કૈકેયી,બધા જ પાત્રો આજે રામરાજ્યની સ્થાપના માટે અંતરમાં જગાવવા બહુ જરૂરી છે. આપણને રામરાજ્યની ચાહ છે, એનો મતલબ સીધો કરી શકાય કે, જે વસ્તુ નથી હોતી એની જ ચાહ હોય છે. આતો પારિવારિક વાત કરી, એની સામાજિક યાત્રા પણ આપણે જોઈ. અહીં માનવને માનવ તરીકે સ્વીકારી શકાતા નથી, ત્યાં વાનરને પણ મિત્રનો દરજ્જો આપવો એ બધું તો સ્વપ્નમાં પણ દેખાતું નથી. સમાજના ગણ્યા ગાંઠિયા પરિવાર અંદરો અંદર પ્રેમ અને સંપથી રહે એ સારી વાત છે, પણ એટલું પર્યાપ્ત પણ નથી. પરિવાર બહાર પણ એ જ રીતે અન્ય અન્ય સાથે વ્યવહાર બહુ જરૂરી છે. રહી વાત વ્યવસ્થાની તો વ્યવસ્થા ના નામે આજે માત્ર મોટા પાયે ભ્રષ્ટાચાર જ ચાલી રહ્યો છે. રાત્રે ઘરના બારણા ખુલ્લા રાખીને સુઈ શકવાની વાત તો એક બાજુ, પણ બંધ ઘરની અંદર પણ આજે સુરક્ષા નથી. છાસવારે એવી ઘટનાઓ ઘટતી હોય છે,કે ઘરઘાટી એ દંપતીના ખૂન કરી નાખ્યાં, ચોરી કરીને ફરાર થઈ ગયો, સેલ્સમેનના રૂપમાં આવી અને કાર્યને અંજામ આપ્યો! આ બધું જ બીજા સાથે થયું હોય એટલે બહુ સ્વાભાવિક રીતે એટલી સંવેદના પ્રગટી ન હોય! પણ આને આદર્શ કેમ કહી શકાય! કહેવા ખાતર તો કોઈ કહી શકે કે ત્યારે પણ કૈકેયી મંથરા અને પેલો ધોબી એ બધા જ અયોધ્યામાં હતાં,પણ ત્યારની નૈતિકતા બહુ ઊંચી રહી હશે એટલે ચૌદ વર્ષ પછી પણ રામરાજ્ય થયું ખરું! જ્યારે રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીનુ સ્વપ્ન આઝાદીના આટલા વર્ષ પણ પુરું નથી થયું, એ વ્યવસ્થા ની કમી તો છે જ પણ રામરાજ્યમાં રામ સેવક રુપે જે સૈનિકો હતાં એવા આજે મળતા નથી. ટૂંકમાં એકપણ રીતે અત્યારનાં સમાજમાં રામરાજ્ય નથી. પણ હા થઈ શકે ખરું! હું અને તમે આપણે સૌ આ વિશે દ્રઢતાથી વિચારીએ અને સ્વાર્થના પરિઘમાંથી બહાર આવી પરમાર્થ તરફ પગલાં ભરીએ સૌનો સ્વીકાર કરતા શીખીએ, સૌને પ્રેમ આપતા શીખીએ, સંબંધોમાં જતું કરતા શીખીએ, તો આ બધું અશક્ય પણ નથી, અને હાં આ વાત માત્ર પરિવાર સાથે નહીં પણ વસુધૈવ કુટુંબ માટે જ્યારે પરિણમે ત્યારે કંઈક વિશેષ પરિણામ આપે. આપણે એવા રામ સેવક બની અન્યની એટલે કે સરકારની કે પ્રશાસનની રાહ જોયા વગર એ તરફનુ આચરણ કરીએ તો મંઝિલ દૂર નથી.

૨. રાવણમાં એવુ શું હતું જે આજના નેતાઓમાં નથી?

दंड जतन्हि कर, भेद जहं, नर्तक नृत्य समाज।
जितहु मनहि, सुनिय अस, रामचन्द्र के राज ॥

અઘરો પ્રશ્ન છે રાવણની ક્વોલિટી આપણે એનાં વિશેનાં સ્વતંત્ર ચિંતનમાં જોઈ હતી. રામરાજ્યમાં વિલન પણ હીરોની ભૂમિકા કરી શકે એટલું ઉચ્ચતમ ચરિત્ર ધરાવતો હતો, જ્યારે આજે નેતા ચરિત્ર જ ધરાવતા નથી. પ્રજા માટે સાચું ખોટું, સારું ખરાબ, કંઈ પણ વિચાર્યા વગર કાચિંડા કરતા પણ ઝડપથી રંગ બદલનારા આજના નેતાઓ છે. હા અપવાદ પણ હોઈ શકે,પણ અપવાદ કયારેય સિદ્ધાંત ન બની શકે. પરંતુ જે રીતે રાજકારણી ઓ પોતાના મત પાછા લે છે, કંઈ રીતે સરકાર તોડવી એના પેતરા થાય છે, અને કિંમત દેતા વેચાઈ અને ખરીદાઈ જતા હોય એવા નેતાને રાવણ સાથે કેમ સરખાવી શકાય! થોડી ફેવર થશે પણ મુખ્ય સૂત્રધાર દમદાર છે, ચરિત્ર વાન એટલે બહુ કોઈ ફાવતું નથી, અને રાજકારણમાં તો આમ પણ સામ દામ દંડ ભેદ નીતિ જરૂરી છે. રામરાજ્યમાં તો સંન્યાસીનાં હાથમાં દંડ ન હોત, તો કોઈ દંડને ઓળખતું પણ ન હોત, ત્યાં સુધીની વાત છે. એટલે અમુકને છોડીને આપણાં નેતા ઓ રાવણથી પણ અનિષ્ઠ છે.

૩. આપણે આપણા બહુ જુના ગ્રંથોને ક્યાંક ઓવર વેલ્યું તો નથી કરી નાખતાને?

ત્રીજા પ્રશ્નનો જવાબ ફરી ક્યારેક! આમ પણ સ્વતંત્ર ચિંતનનો પ્રશ્ન છે. સમયનો કાટો આગળ વધી રહ્યો છે, અને કર્તવ્ય કર્મ પોકારી રહ્યું છે. રામરાજ્યમાં બધા પોતાનું કર્તવ્ય કર્મ સુચારું રુપે અને ફરિયાદ વગર કરતાં, એટલે જેની ચાહ હોય તેને તો પાયામાંથી આ બધું અનુસરવું પડે. સદગુરુ રામાયણના એક એક પાત્ર પરિચય આપી અને એ ચરિત્રની ઓળખ કરાવી રહ્યા છે ત્યારે આપણે એ આદર્શ ચરિત્રોને આત્મસાત કરી અને જલ્દીથી જલ્દી આ સમયને જ રામરાજ્યમાં પરિવર્તિત કરી શકીએ, એવી એક અનન્ય પ્રાર્થના ઈશ્વર ચરણે રાખી, હું મારા શબ્દોને આજે અહીં જ વિરામ આપું છું. ફરી મળીશું નવા ચિંતન મનન સાથે, તો સૌને મારા આજના દિવસના સ્નેહ વંદન અને જય સીયારામ.

# ગરીબોના કુબામાં તેલ ટીપુંય દોહ્યલું ને શ્રીમંતોની કબર પર ઘીના દીવા થાય છે

### રાજ્યભરમાં ૧,૨૫,૭૦૭ અને બનાસકાંઠામાં ૪૬,૭૬૮ કુપોષિત બાળકો હોવાનો ઘટસ્ફોટ.. કુપોષિત બાળકોનો સાચો આંકડો તો પ્રજા વચ્ચે



**વિશેષ**
યશપાલસિંહ ટી. વાઘેલા

બનાસકાંઠા જિલ્લામાં નાના બાળકોને કુપોષણની પીડાથી મુક્ત કરવા સરકાર દ્વારા વિવિધ યોજનાઓ અંતર્ગત લાખો રૂપિયાનો ખર્ચ કરવામાં આવી રહ્યો છે તેમ છતાં જવાબદાર તંત્રની લાપરવાહીના કારણે કુપોષણ પીડિત બાળકોની સંખ્યા ઘટવાના બદલે સતત ચિંતાજનક હદે વધી રહી છે. આંગણવાડીઓ સંજીવની દૂધના પાઉચ,એમડી એમ ફક્ત કોના લાભાર્થે ધમધોકાર ચાલે છે જેની વચ્ચે હાલના તબક્કે બનાસકાંઠા જિલ્લામાં ૪૬૭૬૮ અને આદિવાસી વિસ્તાર ધરાવતા દાંતા તાલુકામાં ૭૦૫૮ નાના બાળકો કુપોષણથી પીડિત હોવાનું સરકારી ચોપડે નોંધાયું છે સરકાર દ્વારા તંદુરસ્ત સમાજના નિર્માણ માટે અનેક યોજનાઓ અમલી કરાઈ છે આવતીકાલનો યુવાન અને હાલનું નાનું બાળક પણ કુપોષણ મુક્ત બની તંદુરસ્ત રહે તે માટે સરકાર દ્વારા પ્રયાસ કરવામાં આવી રહ્યા છે જેમાં સગર્ભા મહિલાઓ તંદુરસ્ત બાળક ને જન્મ આપે તેના માટે આંગણવાડી કેન્દ્રો ઉપર નિયમિતપણે તેમને દેખભાળ રાખવામાં આવે છે અને તેમની તંદુરસ્તી માટે પોષણયુક્ત આહાર આપવામાં આવે છે પરંતુ કેટલીક જગ્યાએ સગર્ભા મહિલાઓ તેમજ નવજાત બાળકોની દરગાહ લેવામાં ન આવતા બનાસકાંઠા જિલ્લામાં કુપોષણયુક્ત બાળકોની સંખ્યામાં ચિંતાજનક હદે વધારો થઈ રહ્યો છે જિલ્લામાં હાલ ૧૨૧૭૫ અતિ કુપોષિત અને ૩૪૫૯૩ કુપોષિત મળી કુલ ૪૬૭૬૮ નાના બાળકો કુપોષણથી પીડા થી પીડાઈ રહ્યા છે જેમાં જંગલ અને આદિવાસી વિસ્તાર ધરાવતા દાંતા તાલુકામાં સૌથી વધુ ૧૯૭૯ અતિકુપોષિત ૫૦૭૯ કુપોષિત મળી કુલ ૭૦૫૮ બાળકો કુપોષણમાં સપડા થયેલા છે જિલ્લાના તમામ ૧૪ તાલુકામાં કુપોષણ ફેલાયેલું છે જેમાં સૌથી ઓછા કુપોષિત બાળકો ૩૨૪ સુઈગામ તાલુકામાં નોંધાયા છે.

ગુજરાત સરકારે ૧૬મી માર્ચ ૨૦૨૩ને ગુરુવારે વિધાનસભાને આપેલી માહિતીમાં સરકારે કહ્યું હતું કે, ‘ગુજરાતમાં ૨૧મી ડિસેમ્બર, ૨૦૨૨ સુધીમાં ત્રીસ જિલ્લાઓમાં એક લાખ પચ્ચીસ હજાર સાતસો સાત કુપોષિત બાળકો છે.’ બનાસકાંઠા જિલ્લામાં તાલુકાવાર અતિકુપોષિત બાળકો સંખ્યા સરકારી ચોપડે કંઈક આવી નોંધાયેલી જોવા જાણવા મળી છે.

દાંતા-૧૯૭૯, ડીસા -૧૭૫૩, અમીરગઢ-૧૩૪૨, પાલનપુર- ૧૧૮૩,થરાદ -૯૩૭,કાંકરેજ -૮૮૪, વડગામ -૬૨૭, ધાનેરા - ૬૨૫, ભાભર-૫૯૯, લાખણી -૫૨૧, દીઓદર -૪૮૮, વાવ -૪૬૨, દાંતીવાડા - ૪૫૧, સુઈ ગામ- ૩૨૪.

કુપોષણ એટલે એવી પરિસ્થિતિ જેમાં વ્યક્તિ દ્વારા લેવાતા ખોરાકમાં પૂરતા પ્રમાણમાં કેલરી, પ્રોટીન, કાર્બોહાઈડેટ, વિટામિન અને મિનરલ્સ હોતાં નથી.

કુપોષણનો સૌથી વધુ ભોગ બાળકો બને છે. કુપોષણને કારણે શરીર નબળું પડી જાય છે અને બીજી અનેક બીમારીઓ પણ શરીરને અસર કરે છે. ભારતમાં મોટાભાગના બાળકો આ રોગથી પીડાય છે. કુપોષણ શું છે કુપોષણ એટલે લાંબા સમય સુધી શરીર માટે જરૂરી સંતુલિત આહારનો અભાવ. કુપોષણનું મુખ્ય કારણ યોગ્ય ખોરાક ન મળવો છે. બાળકોમાં જોવા મળતો આ રોગ જીવલેણ પણ સાબિત થાય છે આપણો દેશ વિકાસશીલ દેશ છે. લોકોની સવલતો તેમજ સુખાકારી વધારવા પાયાની સેવાઓ અને માળખાગત સુવિધાઓ વિકસાવ વા આપણે દર વર્ષે ખુબ ખર્ચ કરવું પડે છે. ઉપરાંત, થનાર ખર્ચમાંથી ભ્રષ્ટાચાર અને બિનયોજનાકીય ખર્ચનો પણ મોટો હિસ્સો હોય છે. દેશના દેવાનું વ્યાજ પણ મોટી રકમ ખાઈ જાય છે.ઉપદ્રવી પડોશીઓ અને મહાસત્તા બનવાની મહત્વાકાંક્ષા સંરક્ષણ ખર્ચમાં સતત વધારાનું કારણ બને છે. આ બધા પરિબળો આપણને કુપોષણ જેવી સમસ્યાને હલ કરવાના પ્રયાસોમાં સતત પાછળ ધકેલે છે.વિશ્વની કુલ કુપોષિત વસ્તીમાં ખુબ મોટો ભાગ ભારત માં રહે છે અને તેમાં પણ નાના બાળકોની સંખ્યા વધુ છે. આ સમસ્યા ભારત ખાદ્યાન્ન ઉત્પાદન માં સ્વાવલંબી હોવા છતાં છે એ આપણા કરમની કઠણાઈ છે. કુપોષણ ગંભીર સમસ્યા છે અને દેશમાં તેમ જ વૈશ્વિક સ્તરે તેને હલ કરવાના ઉપાયોની સતત ચર્ચા થતી રહે છે.યોજનાઓ બને છે તથા ધીમી પણ સકારાત્મક પ્રગતિ પણ દેખાય છે.આમ છતાં આગામી દશકાઓ સુધી તેને નિવારવા સતત પ્રયત્નો જરૂરી છે. આજે મારે કુપોષણ એટલે જરૂરી પોષણનો અભાવ એ સમજી શકાય તેવી બાબત છે આપણે એ જાણીને ચોંકી જઈશું કે જેઓ ઓછું ખાય છે તે પણ અતિપોષિત હોઈ શકે છે. કારણ કે ભોજનમાં કોઈ એક ઘટક જેમકે તૈલી પદાર્થો વધુ હોય તો પણ અતિપોષણને લગતી સમસ્યા ઉદભવી શકે છે. સામાન્ય સંજોગોમાં ખોરાક જ્યારે સમતોલ ના હોય ત્યારે અતિપોષણની સમસ્યા ઉદભવે છે. ભારતમાં અતિપોષિત લોકોમાં સ્ત્રીઓ અને બાળકો વધારે પ્રમાણમાં છે.

આપણે આપણો પરંપરાગત ખોરાક છોડી ફાસ્ટ-ફૂડ અપનાવતા થયા છીએ. ફાસ્ટ-ફૂડમાં ચરબીનો અતિરેક હોય છે આથી આપણા ખોરાકમાં વાનસ્પતિક અને પ્રાણી જ ચરબી નું પ્રમાણ વધે છે. જેને પચાવવા વધુ શ્રમ જરૂરી છે અને આપણે શારીરિક શ્રમ ખુબ ઓછો કરતા હોવાથી ચરબી જમા થઈ શરીરને જાડું બનાવે છે. જાડા લોકોની હલન-ચલન ક્રિયાઓ અગવડ પડવાથી ઘટતી જાય છે તેથી શ્રમ વધુ ઘટે છે. આમ, સતત જાડાપણું વધતું જાય છે.

મધ્યમ વર્ગ અને નવશ્રીમંત વર્ગમાં આ મુશ્કેલી વધારે પ્રમાણમાંજોવા મળે છે.દેખા-દેખી, જાહેરાતોના પ્રભાવી પ્રચારથી તેમજ હોય તેના કરતા વધુ સુખી છીએ તેવો દેખાડો કરવા આપણે જાતે શ્રમનું મહત્વ ઘટાડી રહ્યા છીએ. થોડાક અંતરે જવા માટે પણ બાઈક કે ટુ-વ્હીલરનો ઉપયોગ વધ્યો છે. ઘરકામમાં સાધનો વધુ વપરાતા થયા છે. કામના સમયે સતત બેસી રહેવાની ફરજ પડે છે. વ્યાયામ અને રમતો નું હવે તો શાળાઓમાં પણ મહત્વ ઘટી ગયું છે. ચાલીને શાળા એ જવું કે કામે જવું એ નાનપ લાગે છે. આ બધા સંયુક્ત રીતે શારીરિક શ્રમ ઘટાડે છે. શારીરિક શ્રમ ઘટવા સાથે ખોરાક અસંતુલિત થતો ગયો છે. ખોરાકમાં લીલા શાકભાજી અને ફળો ઓછા થાય છે અને તૈલી પદાર્થો વધે છે. કઠોળ કે જે પ્રોટીન નો પુરવઠો છે, તેનું પ્રમાણ પણ ઘટી રહ્યું છે. આપણો ખોરાક કાર્બોહાઈડ્રેટ વાળો થઈ રહ્યો છે. જે ભૂખ સંતોષે છે પણ સંતુલિત પોષણ આપી શકતો નથી.

ખોરાકની ટેવો બદલાવાથી સહુથી પ્રભાવી ફરક મીઠા અને ખાંડના વપરાશ પર પડ્યો છે. આ બન્ને ચીજોનું આપણા ખોરાકમાં પ્રમાણ ખુબ વધી ગયું છે. આપણા પરંપરાગત ખોરાકમાં ગોળનું પ્રમાણ વધુ રહેતું તેનું સ્થાન હવે ખાંડે લીધું છે. વ્યંજનો સ્વાદિષ્ટ બનાવવા મીઠું વધારે વપરાય છે. આ બન્ને ચીજો હૃદયને લગતા રોગોને નોતરે છે. વધુ ચરબી સાથે ખાંડ અને મીઠાનું વધતું પ્રમાણ લોહીની નળીઓ અવરોધવાનું કામ કરે છે. બીજો સહુથી મહત્વનો ફેરફાર બાજરી, જુવાર, કોદરી, તાંદરી, જેવા અનાજ આપણા ખોરાકમાંથી અદ્રશ્ય થઈ રહ્યા છે અને તેનું સ્થાન મેંદો લઈ રહ્યો છે. સદીઓથી આપણા સમાજનું ખાન-પાન અને વ્યંજનો આપણા વાતાવરણ અને જનીનિક બંધારણ સાથે અનુકુળતા સાધે એવી રીતે ગોઠવાયેલું હતું જે થોડાક વર્ષોમાં બદલાઈ ગયુ છે. જેના કારણે હૃદયને લગતી બીમારીઓ, મધુપ્રમેહ, હાડકાને અને સાંધાને લગતા રોગો તેમજ મોટાપો વધુને વધુ લોકોમાં દેખાય છે. અહી બીજી વધારાની મુશ્કેલી એ છે કે, મોટાપો એ સમસ્યા છે એવી જાગૃતિનો એકંદરે અભાવ વર્તાય છે અને સામુહિક રીતે આ સમસ્યા સામે લડવાની વૃત્તિ પણ દેખાતી નથી. આજે તો સ્થિતિ એવી છે કે દેશની ગરીબ પ્રજાને નિયમિત ખોરાક નથી મળતો અને તે ભૂખમરાથી પીડાય છે. બાકીની વસ્તી વધુ ખાઈને મોટાપાનો શિકાર બને છે. સામુહિક જાગૃતિ અને સહિયારા પ્રયત્નોથી આ સ્થિતિ બદલવી પડશે. વિશ્વની સૌથી વધુ યુવાન વસ્તી ધરાવતા આપણા દેશમાં સહુથી ઉત્પાદક અને ભવિષ્યની પેઢીઓના સ્વાસ્થ્ય અંગે લાપરવાહી અને અજ્ઞાન ખુબ જ ઘાતક નીવડશે.

કુપોષણ વચ્ચે કરશનદાસ માણેકની રચના છેલ્લે.. મને એ જ સમજાતું નથી કે આવું શાને થાય છે.ફૂલડાં ડૂબી જતાં ને પથ્થરો તરી જાય છે.ટળવળે તરસ્યા તારાં જે વાદળી વેરણ બને. તે જ રણમાં ઘૂમ મુશળધાર વરસી જાય છે.ઘર-હીણાં ઘૂમે હજારો ઠોકરાતાં ઠેર ઠેર,ને ગગન-ચુમ્બી મહાલો જનસૂનાં રહી જાય છે.દેવડીએ દંડ પામે ચોર મૂઠી જારનાઃલાખ ખાંડી લૂંટનારા મહેફિલે મંડાય છે.કામધેનુને જડે ના એક સૂકું તણખલું,ને લીલાંછમ ખેતરો સૌ આખલા ચરી જાય છે.

છે ગરીબોના કુબામાં તેલ ટીપુંય દોહ્યલું? ને શ્રીમંતોની કબર પર ઘીના દીવા થાય છે. આપ સૌ વાચક ચાહક મિત્રો સમજુ છો એટલે કરશનદાસ માણેકના હદય મનની આ વ્યથા આપણા સૌમાં છે પણ ચૂપ.. અહીં અસ્તુ.

# વિશ્વનાથનું મેદાન આખું વિશ્વ છે આપણે જ એને સંકીર્ણ બનાવીએ છીએ



બાબા વિશ્વનાથની નગરી-કાશી-વારાણસીનાં મંદિર કોરિડોર પર બીજા મુકામ પર બાપુએ કહ્યું કે તમે બધા ખુશ રહો તો ભગવાન પાસે માગવાની કોઈ જરૂર નથી. કાશીનો મહિમા કહેતા બાપુએ કહ્યું કે એવી કોઈ આધ્યાત્મિક ધારા નથી જે કાશીમાં ન આવી હોય.અનેક વિદ્વાનો, કવિઓ, પુરોહિતો, કલાકારો, સંગીતકારો અહીં આવ્યા છે. આજે અહીંના મહામંડલેશ્વર સતુઆબાબા દ્વારા ચંદન વંદન સ્વાગત થયું. બાપુએ કહ્યું કે વિશ્વનાથનું મેદાન આખું વિશ્વ છે આપણે જ એને સંકીર્ણ બનાવીએ છીએ.સાથે-સાથે કાશી કોરિડોર માટે યશસ્વી પ્રધાનમંત્રી તેમજ ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રીને પણ યાદ કરીને બાપુએ રાજીપો વ્યક્ત કર્યો.આ કથાનો મનોરથી તો મહાદેવ છે. પ્રતિનિધિઓ અલગ અલગ છે. બાપુએ કહ્યું કે બધા આ તરફથી અભિષેક કરી દીધો છે, બધાને યાદ રાખ્યા છે.હવામાનને કારણે એક ક્ષણ એવું થયું ત્યારે શિવજીને પ્રાર્થના કરી કે તું શંકર હું કિંકર,એક દિવસની કથા માટે વ્યવસ્થા કરજે અને બધા જ પહોંચી ગયા છીએ. બાપુ આખી રાત જાગતા રહ્યા અને વાણીનો અભિષેક કરતાં કહ્યું કે અહીં વિદ્વાનો આવ્યા છે. કાશી જ્ઞાન અને મુક્તિની ભૂમિકા છે.કાશીનો અર્થ પ્રકાશમયી તેજોમય ભૂમિ થાય છે. આ જ્ઞાનની ખાણ છે.

# ટાટા મોટર્સએ ભુવનેશ્વરમાં સૌપ્રથમ અદ્યતન રજિસ્ટર્ડ વ્હિકલ સ્ક્રેપીંગ સવલતનું ઉદઘાટન કર્યુ




। ભુવનેશ્વર, તા.૨૫ ।

ભારતની અગ્રણી ઓટોમોબાઈલ ઉત્પાદક, ટાટા મોટર્સએ ઓડીશાના ભુવનેશ્વરમાં બીજી રજિસ્ટર્ડ વ્હિકલ સ્ક્રેપીંગ ફેસિલીટી (RVSF) લોન્ચ કરીને ટકાઉ મોબિલીટીની તેની પ્રતિબદ્ધતાને સતત રાખી છે. 'Re.Wi.Re - Recycle with Respect' નામ ધરાવતી આ એડવાન્સ્ડ સવલતનું ઉદઘાટન ઓડીશા સરકારના જળ સંપત્તિ, વ્યાપાર અને વાહનવ્યવહારના પ્રધાન માનનીય તુકુમી સાહુએ કર્યુ હતુ. આ પ્રસંગે ઓડીશા સરકારના અને ટાટા મોટર્સના અન્ય પ્રતિનિધિઓની પણ ઉપસ્થિત રહ્યા હતા. આ અદ્યતન સવલત પર્યાવરણલક્ષી પ્રક્રિયાઓનો ઉપયોગ કરે છે અને આયુષ્ય પૂરુ થઈ ગયા હોય તેવા ૧૦,૦૦૦ વ્હિકલ્સને દર વર્ષે અલગ કરવાની ક્ષમતા અને ટકાઉતા ધરાવે છે. ટાટા મોટર્સના ભાગીદાર એમ્પ્રીયો પ્રિમીયમ દ્વારા દરેક બ્રાન્ડના આયુષ્ય સમાપ્તિ ધરાવતા અને વ્યાપારી વ્હિકલ્સને RVSFનો વિકાસ અને સંચાલન કરવામાં આવશે.

# જેએલઆર ઈન્ડિયાએ ૧૦૨ ટકાની વર્ષ દર વર્ષ વૃદ્ધિ પ્રથમ ત્રિમાસિકનું આજ સુધીનું સર્વોચ્ચ વેચાણ નોંધાવ્યું

। મુંબઈ, તા.૨૫ ।




જેએલઆર ઈન્ડિયા દ્વારા નાણાકીય વર્ષ ૨૦૨૪ના પ્રથમ ત્રિમાસિકમાં ગત વર્ષે આ જ સમયગાળાની તુલનામાં ૧૦૪૮ યુનિટ્સની કુલ વેચાણ સાથે ૧૦૨ ટકાની વૃદ્ધિ સાથે આજ સુધીની ઉત્તમ પ્રથમ ત્રિમાસિક કામગીરી નોંધાવી છે. આ કામગીરી રેન્જ રોવર, રેન્જ રોવર સ્પોર્ટ અને ડિફેન્ડરના વેચાણની અદભુત વૃદ્ધિ દ્વારા અભિમુખ છે. ત્રણ મોડેલોએ સક્ષમ માગણી ચાલુ રાખીને વર્તમાન ઓર્ડર બુકમાં ૭૮ ટકાનું યોગદાન આપ્યું છે. જેએલઆર ઈન્ડિયાના મેનેજિંગ ડાયરેક્ટર શ્રી રાજન અંબાએ જણાવ્યું હતું કે, “જેએલઆર ઈન્ડિયાએ નાણાકીય વર્ષ ૨૦૨૪ના પ્રથમત્રિમાસિકમાં વિક્રમી વેચાણ નોંધાવ્યું છે, જે ૨૦૨૩ના પ્રથમ ત્રિમાસિકની તુલનામાં અમારું વોલ્યુમ બેગણું વધ્યું હોવાનું દર્શાવે છે. આ કામગીરી જેએલઆર બ્રાન્ડ્સની અપવાદાત્મક ગુણવત્તા અને આધુનિક લક્ઝરી વાહનોના અમારા અવ્વલ કક્ષાના કલેકશનનો ઉત્તમ દાખલો છે. અમારા ઈચ્છનીય ગ્રાહકોમાં વધતી માગણીને ટેકા સાથે અમારી ઓર્ડર બુક મજબૂત અને વૃદ્ધિ પામતી રહી છે અને અમે આગળ અમારી ભારતમાં વૃદ્ધિ માટે રોમાંચિત છીએ અને વિશ્વાસ છે.”

# શ્રી રઘુનાથ ચાટેની સ્મૃતિ ઉપલક્ષે સમરાગા દ્વારા હોમેજ શાસ્ત્રીય કાર્યક્રમની ઉજવણી કરવામાં આવી



। અમદાવાદ, તા.૨૫ ।

શહેરના સંગીતપ્રેમીઓ માટે તાજેતરમાં જ CEE ખાતે આઝાદી કા અમૃત મહોત્સવ અંતર્ગત સમરાગા સ્કૂલ ઓફ મ્યુઝિક એન્ડ આર્ટ્સ દ્વારા શ્રી રઘુનાથ ચાટેની સ્મૃતિ ઉપલક્ષે “હોમેજ” શાસ્ત્રીય કાર્યક્રમનું આયોજન કરાયું હતું. સંગીત નાટક અકાદમી, ગુજરાત રાજ્ય ગાંધીનગરના આર્થિક સહયોગથી આયોજીત આ કાર્યક્રમમાં અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના પક્ષના નેતા શ્રી ભાસ્કરભાઈ ભટ્ટ અને AMC સ્કૂલ બોર્ડ મેમ્બર શ્રી લિલાધર ખડકે ઉદ્ઘાટન પ્રસંગે ઉપસ્થિત રહ્યા હતાં. આ સંદર્ભે જયપુર ઘરાનાના પ્રસિદ્ધ કથ્થક નૃત્યાંગના શ્રી વિધાલાલે જણાવ્યું હતું કે, અમદાવાદના શ્રોતાઓ સમક્ષ પ્રસ્તૃતિ કરવી દરેક કલાકારની મનોકામના હોય છે. સમરાગા દ્વારા મળેલ આ તક બદલ હું સમગ્ર સમરાગા ટીમની આભારી છું. સમરાગાના ફાઉન્ડર શ્રી હિરેન ચાટેએ જણાવ્યું હતું કે, સમરાગા શાસ્ત્રીય સંગીતના પ્રચાર અને પ્રસાર અર્થે સતત કાર્યરત રહે છે. આપણી સંસ્કૃતિ અને ધરોહરની ઓળખ સમા શાસ્ત્રીય સંગીતને લોકો સુધી અમે પહોંચાડી રહ્યા છીએ.

# અભિષેક મલિક જીમમાં હોય કે તેના શો કુમકુમ ભાગ્યના સેટ પર હંમેશા એ ધ્યાન રાખે છે કે તેનું વર્કઆઉટ નિયમિતતા જળવાઈ રહે



ઝી ટીવીના અત્યંત પ્રસિદ્ધ પ્રાઈમટાઈમ નાટક કુમકુમ ભાગ્યએ રણબિર (ક્રિષ્ના કૌલ) અને પ્રાચી (મુગ્ધા ચાપેકર)ના જીવનમાં આવતા રસપ્રદ વણાંકોએ દર્શકોને જકડી રાખ્યા છે. દર્શકોએ તાજેતરમાં જ જોયું કે કઈ રીતે પ્રાચીના લગ્ન તેની દિકરી ખુશી (ત્રિશા રોહતંગી)ની કસ્ટડી માટે અક્ષય (અભિષેક મલિક) થાય છે. આગામી એપિસોડમાં દર્શકો જોશે કે, કઈ રીતે અક્ષયની ફઈ (ઉત્કર્ષ નાઈક) તેને પ્રાચીની વિરુદ્ધ ઉશ્કેરે છે. પ્રાચીના લગ્ન બીજા કોઈની સાથે થવાથી રણબિર તૂટી જાય છે, તીજની ઉજવણી દરમિયાન રણબિરએ અક્ષયની બહેન મિહિકા (આફ્રિન દાબેસ્તાની) સાથે લગ્ન કરવાનું નક્કી કરે છે, પણ અકસ્માતે તે પ્રાચીની માંગમાં સિંદૂર પૂરી દે છે. શોના હાલના સિકવન્સમાં કેટલાક અદ્દભુત નાટક ચાલી રહ્યા છે, ત્યારે કલાકારો પણ દર્શકોની સમક્ષ તેમનું શ્રેષ્ઠ આપવા માટે સતત કામ કરી રહ્યા છે. આટલી વ્યસ્તતાની વચ્ચે કલાકારો માટે વર્કઆઉટ માટે સમય કાઢવો ઘણો મુશ્કેલ છે.

# પ્રોટેક્ટ ટાઈગર્સ : આપણા વારસાનું જતન કરો



આંતરરાષ્ટ્રીય ટાઈગર ડે ગ્લોબલ ટાઈગર ડે વાઘનું જતન કરવા જાગૃતિ વધારવા ૨૯મી જુલાઈએ યોજાતી વાર્ષિક ઉજવણી છે. આ દિવસનું લક્ષ્ય વિશ્વવ્યાપી પ્રણાલીને પ્રમોટ કરવા મદદરૂપ થવાનું છે, જ્યાં આપણે વાઘ અને તેમની નૈસર્ગિક વસાહતોનું રક્ષણ કરવા પોતાને સમર્પિત કરીએ છીએ. આ દિવસને ધ્યાનમાં રાખીને એન્ડટીવીના કલાકારો વાઘના જતનના મહત્ત્વ વિશે વાત કરે છે. આમાં ગીતાંજલી મિશ્રા (રાજેશ, હપ્પુ કી ઉલટન પલટન), મોહિત ડાગા (અશોક, દૂસરી મા) અને આસીફ શેખ (વિભૂતિ નારાયણ મિશ્રા, ભાભીજી ઘર પર હૈ)નો સમાવેશ થાય છે.

હપ્પુ કી ઉલટન પલટનમાં નવી રાજેશ તરીકે ટૂંક સમયમાં જોવા મળનારી ગીતાંજલી મિશ્રાએ જણાવ્યું હતું કે, “વાઘ નિસર્ગની અજોડ અને સુંદર નિર્મિતી છે. વાઈલ્ડલાઈફના શોખીનો અને સાહસિકો તરીકે આપણે સંગ્રહાલય અને જંગલ સફારીમાં આ અદભુત જનાવરની ઝાંખી કરવા માટે ઉત્સુક રહએ છીએય વાઘનું મહત્ત્વ જંગલમાં વધુ એક હિંસ્ર જનાવરથ પણ પર જાય છે, જેની ચમત્કારી હાજરી આપણી પર્યાવરણ પ્રણાલીની વૈવિધ્યતામાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે, કારણ કે તે દુનિયામાં સૌથી મોટી બિલાડી છે.

# બૈદ્યનાથ યાત્રા કષ્ટદાયક હોવા છતાં ઇષ્ટદાયક છે

ભારત ગૌરવ કથાયાત્રાના ત્રીજા પડાવ,ક્રમમાં પાંચમાં જ્યોતિર્લિંગ બૈદ્યનાથ માટે મેહર રીસોર્ટ દેવઘરથી કથા આરંભ કરતા બાપુએ જણાવ્યું કે વૈદ્યનાથ ભગવાનની વાનગી પૂજા કષ્ટદાયક છે પણ વિરલ તત્વ મેળવવા માટે કષ્ટ સહન કરવા પડે. કષ્ટદાયક હોવા છતાં ઈષ્ટદાયક છે. શિવવિવાહ વખતે શૃંગારનું વર્ણન છે: શશી લલાટ સુંદર સિર ગંગા એ વિશ્વનાથ તરફ સંકેત છે અને સોમેશ્વરનો સંકેત જટા મુકુટ અરિ મોર સંવારા આ પણ એક જ્યોતિર્લિંગ તરફ સંકેત છે.આપણો શંકર કોણ? વંદે બોધમયં નિત્યં ગુરું શંકર રૂપિણમ્ આપણો શંકર છે આપણા ગુરુની વાત ક્યારે ટાળવી ન જોઈએ અન્ય વાત પર બુદ્ધિ લગાવો પણ ગુરુના વચન પર શંકા ન કરો.યોગવશિષ્ઠમાં સમ સંતોષ જેવા ચાર દરવાજા મોક્ષ માટે બતાવેલા છે.મેં ક્યારેય ત્રિભુવનગુરુની વાતને ટાળી નથી એની જ પ્રસાદી વહેંચી રહ્યો છું. સોમનાથ પ્રથમ હોવા છતાં પણ છેલ્લે રાખ્યું છે કારણ કે પાંછે પવન તનય સીરુ નાવા. ગુજરાત પાછળથી પુશ કરે છે, અહીં આ મંદિરની વ્યવસ્થા જૂની છે બદલવી જોશે.લોકોને ખૂબ જ કષ્ટ પડે છે મુક્તિદાતાને પણ આ વ્યવસ્થામાંથી મુક્તિની જરૂર છે. બાપુએ રૂમીના વચન દિવ્ય જીવન માટે: ડાન્સિંગ લાઈફ, સિંગિંગ લાઈફ અને લાફિંગલાઈફ જેને હું સ્માઈલિંગ લાઈફ કહું છું.

# કેંરીનું ગાંડપણ : પીણા અને મુખવાસ સાથે કેરીનો સદાકાળ પ્રેમ

। નવી દિલ્હી, તા.૨૫ ।

કેરી ફળોનો નિર્વિવાદ રાજા છે. પેઢીઓથી, કેરીઓ ભારે ઉત્સાહ જગાડતી આવી છે, તેમના ઉત્કૃષ્ટ સ્વાદ માટે ગહન પ્રેમ ફેલાવે છે. તેથી, ભારતમાં ઉનાળાની ઋતુને પ્રેમથી “કેરીની મોસમ“ તરીકે ઓળખવામાં આવે છે. જો કે, તે ભારતમાં છે જ્યાં આ પ્રેમ પ્રણય અપ્રતિમ ઊંચાઈએ ચઢી ગયો છે, કેરીઓ સમૃદ્ધ સંસ્કૃતિઅનેખાદ્યપદાર્થવારસામાં એકીકૃત રીતે વણાયેલી છે. તે કેરીની ટોપલી ભારતીય પરિવારોને કેવી રીતે નજીક લાવી છે, વાતચીતને ઉત્તેજિત કરે છે અને બંધન વધુ ગાઢ બનાવે છે તે એક જાદૂ જેવુ છે. પછી ભલે તે કેરીની ખરીદી માટે શેરીઓમાં પારિવારિક અભિયાન હોય અથવા તમારા બાળકો સાથે ઘરે ઉગાડવામાં આવેલા ઝાડમાંથી કેરી તોડવાનું હોય, ફળોના રાજાએ પેઢીઓ અને સંસ્કૃતિઓને સુંદર રીતે એક તાંતણે બાંધી છે. આ ભૂપ્રદેશના ખજાના પર કોઈ અજાણી વ્યક્તિ સાથે બજારમાં મીઠાઈની આપ-લે અથવા સ્થાનિક વિક્રેતાની ઉદારતાનું એક સરળ કાર્ય જ્યારે તે તમારી ટોપલીમાં વધારાની કેરી મૂકે છે ત્યારે તેના પ્રત્યેના તમારા પ્રેમને જોઈને, અમને યાદ અપાવે છે કે જીવનની સૌથી મીઠી ક્ષણો સૌથી સરળ આનંદમાં ઘણીવાર જોવા મળે છે. ભારતનો કેરીનો વારસો પ્રભાવશાળી ઉત્પાદક તરીકેની તેની સ્થિતિથી વધુ વિસ્તરેલો છે. વિશ્વના અગ્રણી કેરી ઉત્પાદકોમાંના એક તરીકે, દેશ કેરીની વિશાળ શ્રેણીનું ઘર છે, જેમાં તોતાપુરી, આલ્ફોન્સો, લંગરા, દશેરીની વિવિધતાઓ છે અને યાદીમાં આવા અનેક નામો છે, જે કેરી પ્રેમીઓના ટોળાને મોહિત કરે છે. કેરી માટેનો સહિયારો પ્રેમ એ સામાન્ય ભાષા બની ગઈ છે જેણે અજાણ્યાઓને મિત્રો અને સંયુક્ત સમુદાયોમાં ફેરવી દીધા છે.

## BOLLYWOOD NEWS FLASH

### પુત્રવધૂ અને સસરા વચ્ચેના સંબંધો હોવા છતાં પણ એશ અને બિગ બી ખૂબ જ સારું બોન્ડિંગ ધરાવે છે



# ઐશ્વર્યા રાયે સી-સેક્શનને બદલે કેમ પસંદ કરી પીડાદાયક નોર્મલ ડિલિવરી?

। મુંબઈ, તા.૨૫ ।

બોલિવૂડની સૌથી સુંદર અભિનેત્રીઓમાંની એક ઐશ્વર્યા રાય બચ્ચનને પહેલીવાર માતા બનવા માટે ઘણી પીડા સહન કરવી પડી હતી. આ બાબતે તેના સસરા અમિતાભ બચ્ચન પણ ઐશ્વર્યા રાય બચ્ચનના ખૂબ વખાણ કરે છે. પુત્રવધૂ અને સસરા વચ્ચેના સંબંધો હોવા છતાં પણ એશ અને બિગ બી ખૂબ જ સારું બોન્ડિંગ ધરાવે છે. જ્યારે બિગ બી દાદા બન્યા ત્યારે તેઓ પોતાની ખુશીને રોકી ન શક્યા. આવી સ્થિતિમાં બિગ બી જલસામાંથી બહાર આવ્યા અને મીડિયા સાથે દાદા બનવાની ખુશી શેર કરી. પરંતુ શું તમે જાણો છો કે પહેલીવાર માતા બનવાને કારણે એશને ઘણી પીડામાંથી પસાર થવું પડ્યું હતું, પરંતુ તેમ છતાં તે નોર્મલ ડિલિવરીના નિર્ણય પર અડગ હતી. બિગ બીએ પોતે આ વાત શેર કરી છે. ૨૦૧૧ની વાત છે. જ્યારે ઐશ્વર્યા રાય ગર્ભવતી હતી. આખો બચ્ચન પરિવાર આ ખાસ મહેમાનની રાહ જોઈ રહ્યો હતો. ડિલિવરીનો સમય નજીક હતો, તેથી એશને ૨ દિવસ અગાઉ એટલે કે ૧૪મી નવેમ્બરે જ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવી હતી. પરંતુ એશને લેબર પેઈન ન હતું જેના કારણે ડોકટરો પણ ચિંતિત હતા. આ દરમિયાન આખો બચ્ચન પરિવાર તેની સાથે હતો. એકવાર અમિતાભ બચ્ચને પોતે કહ્યું હતું કે ઐશ્વર્યાની નોર્મલ ડિલિવરી આસાન નહોતી. આવી સ્થિતિમાં, ડૉક્ટરોએ તેને સી-સેક્શનની સલાહ આપી હતી, પરંતુ એશે ડૉક્ટરોની વાત ન માની અને નોર્મલ ડિલિવરીના નિર્ણય પર અડગ રહી.

# કંગનાએ વીર દાસને એવી કિસ કરેલી કે હોઠમાંથી લોહી કાઢી નાખેલું?

## કંગનાએ ૨૦૦૬થી એક્ટ્રેસ તરીકે કરિયરની શરૂઆત કરી હતી વીર દાસ સાથે કિસિંગ સીન કરતી વખતે એટલી હદે બેકાબુ બની ગઈ હતી કે વીર દાસના હોઠમાંથી લોહી નીકળવા લાગ્યું હતું

। મુંબઈ, તા.૨૫ ।



કંગના રનૌત એવી અભિનેત્રી છે જે હંમેશા પોતાના બેફામ નિવેદનોને કારણે લાઈમલાઈટનો હિસ્સો રહે છે. તાજેતરમાં અભિનેત્રીએ સ્ટાર કપલ રનબીર કપૂર અને આલિયા ભટ્ટને લઈને ગંભીર ટિપ્પણી કરી હતી. હવે અભિનેત્રીએ ‘રિવોલ્વર રાની’માં વીર દાસ સાથેના કિસિંગ સીન પર પ્રતિક્રિયા આપી છે. અહેવાલમાં દાવો કરવામાં આવ્યો છે કે, ૨૦૧૪ની ફિલ્મ ‘રિવોલ્વર રાની’ના શૂટિંગ દરમિયાન કંગના રનૌત તેના કોસ્ટાર વીર દાસ સાથે કિસિંગ સીન કરતી વખતે એટલી હદે બેકાબુ બની ગઈ હતી કે વીર દાસના હોઠમાંથી લોહી નીકળવા લાગ્યું હતું. તેમના આ વર્તન માટે ‘મેનેજિંગ‘ શબ્દનો પણ ઉપયોગ થતો હતો. જેનો હવે કંગનાએ પણ પોતાની અદ્દભુત અંદાજમાં જવાબ આપ્યો છે. કંગનાએ તેના નિવેદનમાં તે રિપોર્ટનો સ્ક્રીનશોટ પણ શેર કર્યો અને લખ્યું, ‘રિતિક રોશન પછી મેં ગરીબ વીર દાસનું સન્માન લૂંટ્યું? આ ક્યારે થયું? ઉલ્લેખનીય છે કે, થોડાં વર્ષો પહેલા હૃતિક અને કંગનાના અફેરને લઈને બોલિવૂડના કોરિડોરમાં ઘણી ચર્ચા થઈ હતી. જેના પર અભિનેત્રી હંમેશા ખુલીને બોલતી હતી, પરંતુ હૃતિકે ક્યારેય આ સમાચારોને સાચા માન્યા જ નથી. આ સંબંધને કારણે બંને કાયદાકીય મુશ્કેલીમાં પણ ફસાઈ ચુક્યા છે. આ પહેલા કંગનાએ તેની ભાભીના બેબી શાવર સેરેમનીની કેટલીક તસવીરો ચાહકો સાથે શેર કરી હતી. જેમાં તે ગુલાબી સાડી અને વાળમાં ગજરા પહેરીને ખૂબ જ સુંદર લાગી રહી હતી. તેના કેપ્શનમાં, તેણે લખ્યું, “અમારું હૃદય આનંદિત છે અને અમે બધા બાળક રાણાવતના આવવાની આતુરતાથી રાહ જોઈ રહ્યા છીએ. તમારી શુભેચ્છાઓ અને આશીર્વાદ બદલ આભાર. વર્ક ફ્રન્ટની વાત કરીએ તો કંગના ટૂંક સમયમાં જ ફિલ્મ ‘ઈમરજન્સી’માં જોવા મળશે. આ ફિલ્મમાં તે ઈન્દિરા ગાંધીનું પાત્ર ભજવશે. આ સિવાય કંગના પાસે ફિલ્મ ‘તેજસ‘ પણ છે. જે ટૂંક સમયમાં જ સિનેમાઘરોમાં રિલિઝ થવા જઈ રહી છે.

### અભિનેત્રી રવીના ટંડન તેના ગુસ્સાવાળા સ્વભાવની સાથે તેના અભિનય અને સુંદરતા માટે પણ જાણીતી છે

# ગુસ્સાથી લાલઘુમ રવીના ટંડન કરી ચુકી છે ઘણા કારનામા

। મુંબઈ, તા.૨૫ ।



અભિનેત્રી રવીના ટંડન તેના ગુસ્સાવાળા સ્વભાવની સાથે તેના અભિનય અને સુંદરતા માટે પણ જાણીતી છે. આજે અમે તમને જીવનની એવી વાતો જણાવવા જઈ રહ્યા છીએ જે તમે પહેલા ભાગ્યે જ સાંભળી હશે. રવિના ટંડને તેની ત્રણ દાયકાની કારકિર્દીમાં હિન્દી સિનેમાને ઘણી સુપરહિટ ફિલ્મો આપી છે. પરંતુ આ દરમિયાન ઘણી એવી ઘટનાઓ પણ બની જ્યારે દરેકને સેટ પર અભિનેત્રીનો ગુસ્સો જોવા મળ્યો. એકવાર અભિનેત્રી ફિલ્મ ‘મોહરા’ના બ્લોકબસ્ટર ગીત ‘ટિપ-ટિપ બરસા પાની’નું શૂટિંગ કરી રહી હતી. તેથી તેણે તેના સેટ પરથી એક બાળકને બહાર કાઢી મુક્યો હતો. તે બાળક વારંવાર રવિનાને જોઈ રહ્યો હતો. જેના કારણે રવિના શૂટિંગ દરમિયાન પરેશાન થઈ રહી હતી. જાણીને નવાઈ લાગશે કે, હવે તે બાળક ઈન્ડસ્ટ્રીનો સુપરસ્ટાર બની ગયો છે, જેનું નામ રણવીર સિંહ છે. આ સિવાય રવિનાએ એકવાર ગુસ્સામાં તેની ભાભી પર જ્યુસ ફેંકી દીધો હતો. રવિનાએ અનિલ થડાની સાથે લગ્ન કર્યા છે. જેમણે પહેલા નતાશા સિપ્પી સાથે લગ્ન કર્યા હતા.

# પુજા ભટ્ટે કવર ફોટો માટે કરાવ્યું ન્યૂડ ફોટોશૂટ

। મુંબઈ, તા.૨૫ ।

લાંબા સમયથી મેગેઝીન્સ પોતાના કવર પેજ પર સેલેબ્રિટીઝના અવનવા ફોટોઝ સાથે પબ્લિશ થતી રહે છે. થોડા સમય પહેલાં જ બૉલીવુડ સુપરસ્ટાર રણવીર સિંહ એક મેગેઝીન માટે ન્યૂડ પોઝ આપીને ચર્ચાનું કેન્દ્ર બન્યો હતો. જેને લઈને ઈન્ટરનેટ અને ટીવી પર આ તસ્વીરને લઈને વિવાદ ઉભો થયો હતો. એટલું જ નહીં રણવીર સિંહ વિરુદ્ધ આ મામલે કેસ પણ દાખલ કરાયો હતો. પરંતુ આવું અઢી દશક પહેલા એક એક્ટ્રેસ મેગેઝીન માટે ફોટોશૂટ કરાવી ચુકી છે. આ એક્ટ્રેસનું નામ છે પૂજા ભટ્ટ. પૂજા ભટ્ટ પોતાના સમયની સૌથી બોલ્ડ અભિનેત્રીઓમાંથી એક ગણાય છે. બિગ બોસ ઓટીટી ૨ માં ભાગ લઈ રહેલી આ અભિનેત્રીની આ તસ્વીર જોઈને સૌ સ્તબ્ધ થઈ ગયા હતા. કહેવામાં આવતું હતુ કે આ તસ્વીરમાં પૂજા ભટ્ટના શરીર પર એકપણ વસ્ત્ર નહોતું, પરંતુ તે ન્યૂડ પણ નહોતી. કારણ કે તેના શરીર પર શર્ટ-પેન્ટ અને કોટની જેમ જ રંગ પેઈન્ટ કરાયા હતા. પૂજા ભટ્ટે આ ફોટોશૂટ પોતાના ૨૧મા જન્મ દિવસે કરાવ્યું હતું. એ દિવસોમાં આવું ફોટોશૂટ કરાવવું બહુ મોટી વાત હતી. ૧૯૯૦ના દાયકામાં પૂજા ભટ્ટે એક ફિલ્મ મેગેઝિનના કવર માટે તેના બોડી પેઈન્ટ સાથે પોઝ આપ્યો હતો. આ પેઈન્ટ સફેદ શર્ટ અને લાલ ટાઈની ડિઝાઈન સાથે થ્રી-પીસ ફોર્મલ સૂટના રૂપમાં હતું. તેમાં તેના શરીર પર ચોંટાડેલા બટનનો પણ સમાવેશ કરાયો હતો. મેગેઝિને કવર પર લખ્યું હતું કે: પૂજા ડેઅર્સ ટૂ અપિઅર ઈન હર બર્થડે સૂટ. અંગ્રેજીમાં બર્થડે સૂટનો અર્થ ન્યૂડ થાય છે. જણાવી દઈએ કે મનુષ્યનો જન્મ કપડા વિના થયો હોવાથી બર્થ ડે સૂટનો અર્થ નગ્ન થાય છે. બોડી પેઈન્ટિંગ એક કળા છે.

### ફિલ્મને સોશિયલ મીડિયા પર સકારાત્મક પ્રતિસાદ મળી રહ્યો છે અને વરુણ અને જાહ્નવીના અભિનયની પ્રશંસા થઈ રહી છે

# જાહ્નવીએ બવાલને પસંદ કરવા બદલ ચાહકોનો માન્યો આભાર

। મુંબઈ, તા.૨૫ ।



વરુણ ધવન અને જાહ્નવી કપૂર સ્ટારર ફિલ્મ ‘બવાલ’ તાજેતરમાં OTT પ્લેટફોર્મ પર રિલીઝ થઈ હતી. નિતેશ તિવારી દ્વારા નિર્દેશિત આ રોમેન્ટિક ડ્રામામાં વરુણ અને જાહ્નવીએ પહેલીવાર સાથે કામ કર્યું છે. ફિલ્મને સોશિયલ મીડિયા પર સકારાત્મક પ્રતિસાદ મળી રહ્યો છે અને વરુણ અને જાહ્નવીના અભિનયની પ્રશંસા થઈ રહી છે. હવે જાહ્નવીએ પણ ચાહકોનો આભાર માન્યો છે. ફિલ્મ ‘બવાલ’ રિલીઝ થયાના થોડા દિવસો બાદ જાહ્નવી કપૂરે તેના ઓફિશિયલ ઈન્સ્ટાગ્રામ હેન્ડલ પર તેના ચાહકો માટે એક ઈમોશનલ નોટ લખી છે. જાહ્નવીએ તેના અભિનયની પ્રશંસા કરવા અને બવાલમાં તેના પાત્ર નિશા પર પ્રેમ વરસાવવા બદલ ચાહકોનો આભાર માન્યો. ફેન્સ પણ કોમેન્ટ સેકશનમાં અભિનેત્રીના વખાણ કરવાનું ચૂક્યા નથી. જાહ્નવીએ તેના ઈન્સ્ટાગ્રામ હેન્ડલ પર તેના કો-સ્ટાર વરુણ સાથેની પોતાની એક તસવીર શેર કરી અને લખ્યું, ‘આપકા પ્યાર બવાલ રહા હૈ. નિશાને સુધારવા અને અજ્જુને સુધારવા માટે, અમારી કહાની અને કામને ખૂબ પ્રેમ કરવા બદલ આભાર.

# જસદણના દોલતપરમાં મોબાઈલ બાબતે પતિએ ઠપકો આપતાં પત્નીએ ઝેર ગગટાવ્યું

## પરિણીતાએ ઝેરી દવા ગટગટાવતા ગંભીર હાલતમાં હોસ્પિટલ ખસેડાઇ

। હુસામુદ્દીન કપાસી જસદણ, તા.૨૫ ।

જસદણના દોલતપર ગામમા પરિવાર સાથે મજૂરી અર્થે આવેલી પરિણીતા મોબાઈલમાં મશગુલ હતી તે દરમિયાન પતિએ રસોઈ બનાવવા બાબતે ઠપકો આપતા તેણીને લાગી આવતા ઝેરી દવા પી લીધી હતી. પરિણીતાને ઝેરી અસર થતા તાત્કાલિક સારવાર માટે સારવાર માટે ખસેડવામાં આવી હતી.

આ અંગેની પોલીસમાંથી પ્રાપ્ત વિગત મુજબ જસદણ તાલુકાના દોલતપર ગામે રહેતા જીતેન્દ્રભાઈ દામજીભાઈ ભુવાની વાડીએ મજૂરી અર્થે આવેલા પરિવારની બીનાબેન રાજુભાઈ ભીલ નામની ૩૫ વર્ષની પરિણીતા સાંજના છએક વાગ્યાના અરસામાં વાડીએ હતી ત્યારે ઝેરી દવા પી લીધી હતી. તેણીની ઝેરી અસર થતા તાત્કાલિક સારવાર માટે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવી હતી.

આ બનાવ અંગે સિવિલ હોસ્પિટલ પોલીસ ચોકીના સ્ટાફે આટકોટ પોલીસને જાણ કરતા



આટકોટ પોલીસ મથકનો સ્ટાફ તાત્કાલિક રાજકોટ સિવિલ હોસ્પિટલ ખાતે દોડી આવ્યો હતો.પોલીસની પ્રાથમિક પૂછપરછમાં ઝેરી દવા પી લેનાર બીનાબેન ભીલ મૂળ મધ્યપ્રદેશની વતની છે. તેણીને સંતાનમાં ત્રણ પુત્ર છે. તેણી મોબાઈલમાં મશગુલ હતી ત્યારે તેના પતિ રાજુભાઈ ભીલે જમવાનું કેમ નથી બનાવ્યું તે બાબતે ઠપકો આપ્યો હતો. જેથી પતિના ઠપકાથી માઠુ લાગી આવતા બીનાબેન ભીલે ઝેરી દવા પી આપઘાતનો પ્રયાસ કર્યો હોવાનું જાણવા મળ્યું છે. આ બનાવ અંગે આટકોટ પોલીસે નોંધ કરી વધુ તપાસ હાથ ધરી છે.

# લિટલ માસ્ટર ઇંગ્લીશ મીડીયમ સ્કુલ લીમડી ખાતે શ્લોક કોમ્પિટિશન રાખવામાં આવી

। ઝાલોદ, તા.૨૫ ।

લિટલ માસ્ટર ઇંગ્લીશ મીડીયમ સ્કુલ લીમડી આજરોજ તારીખ ૨૫ જુલાઈ મંગળવારના રોજ કે જી સેક્શનમાં શ્લોક કોમ્પિટિશન રાખવામાં આવેલ હતી. જેમાં નર્સરી, જુનિયર કેજી, સિનિયર કેજી તમામ ક્લાસોના બાળકોએ શ્લોકમાં ભાગ લીધો હતો અને શાળાના આચાર્યા મિતલ એન શર્મા દ્વારા કેજી વિભાગના બધા શિક્ષક મિત્રોને શ્લોકનું મહત્વ



સમજાવવામાં આવ્યું હતું. જીવનમાં કાર્ય કરવા માટે ની શુભ શરૂઆત શ્લોક થી કરવામાં આવે છે તે વિશે બાળકોને સમજ આપવામાં આવી હતી.

# ડીસા બનાસનદી કિનારે પોલીસ બંદોબસ્ત

# નદીના પાણીમાં જઈ લોકો પોતાનો જીવ ન ગુમાવે તે માટે તંત્ર એલર્ટ

## ડીસા બનાસ નદીના નીર આવતા ધારાસભ્ય પ્રવીણ માળીએ વધામણા કર્યા

। મહંમદ રફીક શેખ (રાજુ) ડીસા, તા.૨૫ ।

ઉદેપુર, માઉન્ટ આબુ સાહીત અંબાજી પંથકના ઉપરવાસમાં ભારે વરસાદને પગલે દાંતીવાડા ડેમમાં ૮૫% ઉપર એટલે કે ફુલ ડેમની કેપેસીટી ૬૦૪ ફૂટની છે. જ્યારે અત્યારે ૫૯૯ ફુટ ઉપર પાણી ભરાઈ જતા અત્યારે બે બારી ખોલી બનાસ નદીમાં પાણી છોડવામાં આવ્યું છે જ્યારે બનાસ નદીમાં અવરજવર ન કરવા માટે પણ તંત્ર દ્વારા વારંવાર સૂચનાઓ આપી હોવા છતાં પણ કેટલાક લોકો આ સૂચનાને અવગણી નદીમાં નાહવા જતા હોય છે. અને અવરજવર કરતા હોય છે જેના કારણે કોઈ દુર્ઘટના ન સર્જાય તે માટે ડીસામાં બનાસ નદીના કિનારે ૧૦ થી વધુ જગ્યાએ પોલીસ બંદોબસ્ત ગોઠવાયો છે. અને લોકોને બનાસ નદીમાં જતા અટકાવવામાં આવી રહ્યા છે. ઉલ્લેખનીય છે કે અગાઉ જ્યારે જ્યારે બનાસ નદીમાં પાણી છોડવામાં આવ્યું છે. ત્યારે ગ્રામીણ વિસ્તારના યુવાનો નદીમાં નાહવા જતા કે માછલી પકડવા જતા ડૂબી ગયા હોવાની ઘટનાઓ બની છે. ત્યારે આ વર્ષે આવી કોઈ દુર્ઘટના નસર્જાય અને તે માટે તંત્ર દ્વારા અગમચેતીના



ભાગરૂપે ડીસા આજુબાજુમાં બનાસનદી પાસે પોલીસ કર્મચારીઓને તૈનાત કરવામાં આવ્યા છે અને તંત્ર દ્વારા લોકોને બનાસ નદીમાં પાણી પાસે ન જાય તે માટે કડક સૂચનાઓ આપવામાં આવી રહી છે. જ્યારે ડીસા ખાતે બનાસનદી નદીના નીર પહોંચતા ધારાસભ્ય પ્રવીણ માળી સહીત સમર્થકોએ વધામણા કર્યા હતા. જ્યારે પ્રવીણ માળી દ્વારા ડીસા સહીત આસપાસના વિસ્તારોમાં જળસ્તર અતીસય ઉંડે જતા જળસંકટની સમ્સયાનુ નિરાકરણ લાવવા જે બનાસનદીનુ પાણી કચ્છના રણમાં જઈ વેડફાઈ જાય છે તેના કરતા ડીસા આસપાસના વિસ્તારોમાં નદી ઉપર ચેક ડેમ બનાવવા સરકારને લેખીતમાં રજુવાત પણ કરી છે.

# ઝાલોદ નગરમાં સ્ટ્રીટ લાઈટ બંધ રહેવાથી સ્થાનિક રહેવાસીઓમાં રોષ

## લાઇટ બંધ રહેવાની સમસ્યા આખાં નગરમાં વારેઘડીએ સર્જાય છે, પ્રાથમિક સુવિધાને લઈ ઝાલોદ પાલિકા તંત્ર વામણું જોવા મળ્યું



। ઝાલોદ, તા.૨૫ ।

ઝાલોદ નગરમાં વોર્ડ નંબર બે લખારવાડી તેમજ દરેક વોર્ડમાં છેલ્લાં કેટલાંક સમય થી સ્ટ્રીટ લાઈટ બંધ હોવાથી અંધારા પટ છવાય જાય છે. છેલ્લા કેટલાય સમયથી અહીંના રહેવાસીઓ આ સમસ્યાને લઈ જવાબદાર તંત્રને રજૂઆત કરવા છતાય આંખ આડા કાન કરી રહ્યું છે.

આ રહેવાસી વિસ્તારમાં સ્થાનિક લોકોની બાઈક અને વાહન પણ રાત્રિ દરમ્યાન અહીં પાર્કિંગ થતાં હોય છે લાઈટ બંધનો ફાયદો લઈ કોઈ વાહન ચોરી થાય તો તે માટે જવાબદાર કોણ ...? સ્થાનિક પાલિકા તંત્ર દ્વારા રોડ, ગટર લાઈટ જેવી પ્રાથમિક સુવિધા વેરો આપવા છતાંય આપવામાં નથી આવતી તો નગરપાલિકાનું કાર્ય શું...? જો નગરને પ્રાથમિક સુવિધા પૂરીના પાડી શકે તો ટેક્સ સેના માટે જેવા અનેક સવાલો નગરજનોમાં થઈ રહેલ છે. આ વિસ્તાર કે અન્ય વિસ્તારોમાં લાઈટ બંધ રહેવાથી નગરના રહેવાસીઓને અનેક સમસ્યાનો સામનો કરવો પડે છે લોકોને આવા જવા માટે મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે અંધારું હોવાને લઈ કોઈ મહિલાને અગમ્ય કારણસર બહાર જવાનું થાય તો તેની સાથે કોઈ અમાનવીય કૃત્ય સર્જાય તો તે માટે જવાબદાર કોણ...?

નગરના રહીશોનું કેહવુ છે તંત્ર દ્વારા તાત્કાલીક નિરાકરણ લાવવું જોઈએ તેમજ હાલ ચોમાસાની સીજન ચાલી રહી છે તેથી કોઈ જીવ જનાવર નીકળી શકે છે તેથી તંત્ર દ્વારા તાત્કાલીક ધોરણે કામગીરી કરવી જોઈએ તેવું લોક મુખે ચર્ચાઈ રહ્યું છે.

# રાજકોટ જીલ્લા પોલીસ વડા જયપાલસિંહ રાઠોડ અઠવાડિયામાં બે દીવસ લોકોનાં પ્રશ્નો સાંભળશે

। જસદણ, તા.૨૫ ।

રાજકોટ જીલ્લા પોલીસ વડા જયપાલસિંહ રાઠોડએ જીલ્લાના નાગરીકોના લોકપ્રશ્નો સાંભળવા અને આ પ્રશ્નોના નિકાલ માટે અઠવાડીયામાં બે દિ' અરજદારોને રૂબરૂ મળવાની જાહેરાત કરી છે.

સપ્તાહમાં દર સોમવાર અને ગુરૂવારે રૂરલ એસ.પી. કચેરી રાજકોટ ખાતે જીલ્લા પોલીસ વડા જયપાલસિંહ રાઠોડ, જીલ્લાના નાગરીકોના



પ્રશ્નો સાંભળશે અને આ પ્રશ્નોના નિરાકરણ માટે ત્વરીત કાર્યવાહી કરવામાં આવશે.

# ખેડા જિલ્લાની તમામ ઔધોગિક તાલીમ સંસ્થા ખાતે પ્રવેશ ફોર્મ ઓનલાઇન ભરવાની તથા રજીસ્ટ્રેશન પ્રક્રિયા શરૂ

**તા. ૩૦/૦૭/૨૦૨૩ સુધી ઓન લાઇન ફોર્મ ભરી શકાશે**

। જસદણ, તા.૨૫ ।

ખેડા જિલ્લાની તમામ ઔધોગિક તાલીમ સંસ્થા, ખાતે પ્રવેશ સત્ર ઓગષ્ટ ૨૦૨૩ થી શરૂ થનાર બીજા રાઉન્ડના પ્રવેશ માટે ઓન લાઈન ફોર્મ ભરવાની પ્રક્રિયા તારીખ ૨૧/૦૭/૨૦૨૩ થી શરૂ કરવામાં આવેલ છે.

પ્રવેશ ફોર્મનું રજીસ્ટ્રેશન તેમજ સ્વીકારવાની પ્રક્રિયા કામગીરી ચાલુ હોઈ પ્રવેશ ઈચ્છુક ઉમેદવારોએ પ્રવેશ ઓન લાઈન પ્રવેશ ફોર્મ માટે ખેડા જિલ્લાની નજીકની ઔધોગિક તાલીમ સંસ્થાનો સંપર્ક કરવા જણાવવામાં આવે છે. પ્રવેશ ફોર્મ ઓનલાઈન ભરવાની તથા રજીસ્ટ્રેશન કરવાની છેલ્લી તારીખ ૩૦/૦૭/૨૦૨૩ રાખવામાં આવેલ છે. તેમ આચાર્યશ્રી, ઔધોગિક તાલીમ સંસ્થા, પલાણા દ્વારા જણાવાયું છે.

# રાજકોટ ઈન્ટરનેશનલ એરપોર્ટ : સૌરાષ્ટ્રના વિકાસ માટે હવે "સ્કાય ઈઝ ધ લિમિટ"

## રાજકોટ સહિત સૌરાષ્ટ્રના ૫૦૦૦થી વધુ વેપાર-ઉદ્યોગને મળશે 'પાંખો'




। રાજકોટ, તા.૨૫ ।

રોડ, રેલ કે એર કનેક્ટિવિટીને વિકાસ સાથે સીધો સંબંધ છે. રાજકોટ સૌરાષ્ટ્રનું ગ્રોથ એન્જીન રહ્યું છે અને નાના-મોટા અનેક ઉદ્યોગો (સ્મોલ એન્ડ મીડિયમ સ્કેલ ઈન્ડસ્ટ્રી) અહીં વર્ષોથી ધમધમી રહ્યા છે. હિરાસર પાસે નિર્મિત રાજકોટ ઈન્ટરનેશનલ એરપોર્ટનું વડાપ્રધાનશ્રી નરેન્દ્ર મોદીના વરદહસ્તે તા.૨૭ જુલાઈના રોજ લોકાર્પણ થવા જઈ રહ્યું છે, ત્યારે રાજકોટ-સૌરાષ્ટ્રના ૫૦૦૦થી વધુ ઉદ્યોગ-ધંધાનો વિકાસ "સ્કાય ઈઝ ધ લિમિટ" ની ઉક્તિ સાર્થક કરતા આસમાની ઊડાન ભરશે, તેવું રાજકોટ સહિત સૌરષ્ટ્રના વ્યવસાયકારોનું દ્રઢપણે માનવું છે.

મોરબી સિરામિક ઈન્ડસ્ટ્રીઝના અગ્રણીશ્રી નિલેશભાઈ જણાવે છે કે, વિદેશગમન માટે કનેક્ટિંગ ફ્લાઈટ અમદાવાદથી મોડી રાત્રે જતી હોઈ રાજકોટ, મોરબી સહિતના જિલ્લાના વેપારીઓ, પેસેન્જરોને પહોંચવા આખો દિવસ ટ્રાવેલિંગ કરવું પડે છે. રાજકોટથી આ સુવિધા મળતા લોકોનો સમય બચશે. વળી વિદેશથી આવતા વેપારી, ડેલિગેટ્સ સમયના અભાવે અમદાવાદથી રાજકોટ આવવાનું ટાળતા. જેની વેપાર-ધંધા પર અસર થતી. જે હવે દૂર થશે.

જકોથી દુબઈ, સિંગાપુર, વિયેતનામની કનેક્ટિવિટી મળવાનું શરૂ થતાં વિશ્વના મુખ્ય દેશોમાં વેપાર કરવો સરળ બનશે. વળી, કાર્ગો સેવા શરૂ થશે ત્યારે રાજકોટથી વિવિધ પ્રોડક્ટ્સના સેમ્પલ મોકલવા પણ સરળ બનશે તેમ શ્રી નિલેશભાઈ કહે છે કે, મોરબી રાજકોટથી નજીક હોવાથી ૫૦૦ કરતાં પણ વધુ સિરામિક ઈન્ડસ્ટ્રીઝને તેનો સીધો લાભ મળશે. રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ શ્રી વી. પી.વૈષ્ણવે ખૂબ ઉત્સાહ સાથે જણાવ્યું હતું કે, રાજકોટને ઈન્ટરનેશનલ એરપોર્ટ મળતા વર્ષો પહેલાની જરૂરિયાત પૂર્ણ થઈ છે. આંતરરાષ્ટ્રીય હવાઈ સેવાના પ્રારંભ સાથે રાજકોટ સહિત મોરબી, જામનગર, પોરબંદર સહિતના જિલ્લાઓના વેપ ાર ધંધાને બુસ્ટ મળશે. સાથોસાથ પર્યટનની નવી ક્ષિતિજો જોવા મળશે. જેનો સીધો ફાયદો હોટેલ્સ અને ટ્રાન્સપોર્ટેશન ઉદ્યોગને મળશે. આ સાથે રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ સાથે જોડાયેલા ૧૦૮ જેટલા વેપાર-ઉદ્યોગ સંગઠનોને ફાયદો થશે. શાપર વેરાવળ ઈન્ડસ્ટ્રીઝ એસોસિએશનના પ્રમુખશ્રી કિશોરભાઈ ટીલાળા જણાવે છે કે, રાજકોટ એમ.એસ.એમ.ઈ. ઉદ્યોગનુંહબ છે. ઈન્વેસ્ટમેન્ટ કાસ્ટિંગની ૨૦૦ જેટલી ફેકટરીઓમાં થતાં પ્રોડક્શનના ૭૫% વિદેશમાં એક્સપોર્ટ થાય છે. ઓટો ઈન્ડસ્ટ્રીઝ તેના સેમ્પલ પર ચાલે છે. નવા એરપોર્ટથી વિદેશમાં સેમ્પલ મોકલવા સરળ બનશે. પરિણામે મેક ઈન ઈન્ડિયા પ્રોડક્ટ્સનો એક્સ્પોર્ટ રેશિયો વધશે.

જયારે હડમતાળા ઈન્ડસ્ટ્રીઝ એસોસિએશનના પ્રમુખશ્રી પ્રવીણભાઈ જસાણી કાર્ગો સેવાને વધાવતા જણાવે છે કે, નાના તેમજ મધ્યમ કક્ષાના પાર્ટ્સ એક્સપોર્ટ કરવા સરળ બનશે. રાજકોટથી અમદાવાદ કે મુંબઈ પાર્ટ્સ મોકલવામાં જે ટ્રાન્સપોર્ટેશન ખર્ચ થતો. તેમાં હવે બચત થશે. જેના પરિણામે ફાઈનલ કોસ્ટ પણ ઘટશે.

# વન અને પર્યાવરણ મંત્રી મૂળુભાઈ બેરાના હસ્તે તેમજ રાજ્યમંત્રી મુકેશભાઈ પટેલની ઉપસ્થિતિમાં વનચેતના કેન્દ્ર, ગાંધીનગર ખાતે નવ નિર્મિત 'વન વિશ્રામ ગૃહ'નું લોકાર્પણ કરાયું

। ઝાલોદ, તા.૨૫ ।

વન ચેતના કેન્દ્ર ગાંધીનગર, ખાતે વન વિભાગ દ્વારા નવનિર્મિત 'વન વિશ્રામ ગૃહ'નું આજે વન અને પર્યાવરણ મંત્રીશ્રી મૂળુભાઈ બેરાના હસ્તે તથા રાજ્યકક્ષાના વન પર્યાવરણ મંત્રીશ્રી મુકેશભાઈ પટેલની ઉપસ્થિતિમાં લોકાપર્ણ કરવામાં આવ્યું હતું.

વધુમાં રૂ. ૪૧૫.૫૫ લાખના ખર્ચે તૈયાર થયેલા નવીન વિશ્રામગૃહનાં બે માળમાં કુલ ૧૨ રૂમ તથા ૧ ભોજન કક્ષ તૈયાર કરવામાં આવ્યો છે.જેમાં વાતાનુકુલ સાથે અન્ય તમામ અત્યાધુનિક સગવડો પણ ઉભી કરાઈ છે. ગાંધીનગર ખાતે થતા વિવિધ સેમિનાર, કોન્ફરન્સ,



તાલિમ કાર્યક્રમો, રિસર્ચ અર્થે આવતા નિષ્ણાતો તથા બેઠક અર્થે આવતા વન વિભાગના અધિકારીશ્રીઓ તથા પાટનગર ખાતે વિવિધ કાર્યક્રમોમાં આમંત્રિત પદાધિકારીઓ, મહેમાનોનાં રોકાણની સુવિધા અર્થે આ વિશ્રામગૃહનું નિર્માણ કરાયું છે. આ પ્રસંગે વન અને પર્યાવરણ વિભાગના અગ્ર સચિવશ્રી સંજીવ કુમાર, મુખ્ય વન સંરક્ષકશ્રી અને હેડ ઓફ ફોરેસ્ટ શ્રી એસ.કે ચતુર્વેદી, મુખ્ય વન સંરક્ષક શ્રી સંદિપ કુમાર, વિકાસ અને વ્યવસ્થાના અગ્ર મુખ્ય વન સંરક્ષક શ્રી યુ.ડી સિંઘ, ગાંધીનગર જિલ્લા નાયબ વન સંરક્ષકશ્રી ચંદ્રેશકુમાર તથા વન વિભાગના ઉચ્ચ અધિકારીશ્રીઓ તેમજ ગુજરાત પોલિસ આવાસ નિગમ લિમિટેડના અધિકારીઓ- કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# આજનું રાશિ ભવિષ્ય.....

### મેષ (અ,લ,ઇ) :

આજના દિવસે બાળકો સાથે રમવાથી તમને દર્દ દૂર કરનાર અદભુત અનુભવ થશે. આજે તમને ધન ખર્ચવા ની જરૂર નહિ પડે કેમકે ઘર ના કોઈ મોટા આજે તમને ધન આપી શકે છે. અણધાર્યો રૉમેન્ટિક ઝુકાવ સાંજના સમયે તમારા મગજને ઘેરી વળશે. આજે આરામ કરવા માટે બહુ થોડો સમય મળશે-કેમ કે બાકી રહેલા કામ તમારી વ્યસ્તતા વધારશે.

### વૃષભ (બ,વ,ઉ) :

આજના દિવસે તમારી જાતને કોઈક રચનાત્મક કાર્યમાં વાળો.નવરા બેસી રહેવાની તમારી ટેવ તમારી માનસિક શાંતિ માટે જોખમી પુરવાર થઈ શકે છે. તમારા ખર્ચ પર અંકુશ લાવવાનો પ્રયાસ કરો-અને આજે જરૂરી હોય એવી ચીજો જ ખરીદજો. તમે જેમની સાથે પ્રેમ કરો છો એવા લાકા સાથેની ગેરસમજ દૂર થશે. આના થી તમારા મન ને શાંતિ મળશે?

### મિથુન (ક,છ,ઘ) :

આજના દિવસે લાભદાયક દિવસ અને તમને લાંબા ગાળાની માંદગીમાંથી રાહત મળી શકે છે. આજે તમે મૂડી આસાનીથી ઊભી કરી લેશો-લેણાં નીકળતાં નાણાંની ઉઘરાણી કરો-અથવા નવા પ્રૉજેક્ટ્સ પર કામ કરવા માટે ધીરાણ માગો. આજે તમારા મગજમાં આવતા નાણાં બનાવવાની યોજનાનો લાભ લો. સેમિનાર તથા પ્રદર્શન તમને નવું જ્ઞાન તથા નવા સંપર્કો આપશે.

### કર્ક (ડ,હ) :

આજના દિવસે જાતે જ પોતાની દવા કરવી એ બાબત ડ્રગ ડિપેન્ડન્સીનું કારણ બની શકે છે. કોઈપણ દવા લેવા પૂર્વે ફિઝિશિયનની સલાહ લો અન્યથા ડ્રગ ડિપેન્ડ્ન્સીની શક્યતા ખાસ્સી વધારે છે. વેપાર ને મજબૂત કરવા માટે તમે કોઈ મહત્વપૂર્ણ પગલાં લાયી શકો છો જેના માટે તમારા કોઈ નજીકી તમારી નાણાકીય મદદ કરી શકે છે. વૈવાહિક જોડાણમાં પ્રવેશવા માટે સારો સમય.

### સિંહ (મ,ટ) :

આજના દિવસે આશાવાદી બનો અને ઉજળી બાજુ જોવાનો પ્રયાસ કરો. આત્મવિશ્વાસસભર અપેક્ષાઓ તમારી આશાઓ અને ઈચ્છાઓની પૂર્તિના દ્વાર ખોલશે. બહાર કોઈ ચીજ ખરીદવા દોડવાને બદલે તમારી પાસે જે હો તેનો ઉપયોગ પહેલા કરો. તમારી સાંજને ઝમકદાર બનાવવા માટે દિવસના ઉત્તરાધર્ધમાં કોઈ જૂના મિત્રની મુલાકાત લો.

### કન્યા (પ,ઠ,ણ) :

આજના દિવસે મજા માટેની ટ્રીપ તથા સામાજિક મેળાવડા તમને નિરાંતવા તથા ખુશ રાખશે. ધન સંબંધી કોઈ બાબત આજે ઉકેલી શકાય છે અને તમને ધન લાભ પણ થયી શકે છે. આ બાબત શૅરિંગ તથા આનંદની લાગણીને પ્રોત્સાહિત કરશે. જો તમને લાગે છે કે તમારો પ્રિયતમ તમારી વાત સમજી શકતો નથી, તો આજે તેમની સાથે સમય પસાર કરો અને સ્પષ્ટપણે તમારી વસ્તુઓ તેમની સામે મુકો.

### તુલા (ર,ત) :

આજના દિવસે લાગણીની દૃષ્ટિએ તમે આજે સ્થિર નહીં હો-આથી અન્યોની સામે તમે કઈ રીતે વર્તો છો તથા શું બોલો છો તે અંગે સાવચેત રહેજો. અન્યો પર વધુ પડતો ખર્ચ કરશો એવી શક્યતા છે. તમારૂં જ્ઞાન તથા સારી રમૂજવૃત્તિ તમારી આસપાસના લોકોને પ્રભાવિત કરશે. એકતરફી આકર્ષણ તમારી માટે માથાનો દુખાવો જ લાવશે.

### વૃશ્ચિક (ન,ય) :

આજના દિવસે માત્ર તમે જ જાણો છો કે તમને શું જોઈએ છે-આથી દઢ અને નીડર બનો અને ઝડપી નિર્ણય લો અને પરિણામો સાથે જીવવાની તૈયારી રાખો. આ રાશિ ના પરિણીત જાતકો ને આજે સાસરાપક્ષ થી ધન લાભ થવા ની શક્યતા છે. વ્યાપારી ભાગીદારો સહકારપૂર્વક વર્તશે અને તમે સાથે મળીને અધૂરાં કાર્યો પૂરાં કરશો.

### ધન (ભ,ધ,ફ) :

આજના દિવસે ભૂતકાળનો ખરાબ નિર્ણય આજે હતાશા તથા માનસિક અશાંતિ તરફ દોરી જશે-તમે જાણે રઝળી પડ્યા હો એવું લાગશે અને આગળ શું કરવું તેની દ્વિધામાં પડી જશો-અન્યો પાસેથી મદદ લો. આજે તમારા હાથ માં ધન નહિ ટકે, ધન સંચય કરવા માં આજે તમને ઘણી બધી તકલીફો નો સામનો કરવો પડશે? દૂરના કોઈ સગાં તરફથી અણધાર્યા સમાચાર આખા પરિવાર માટે ખુશીની ક્ષણો લાવશે.

### મકર (ખ,જ) :

આજના દિવસે બાળકો તમારી સાંજને આહલાદક બનાવી દેશે. દોડધામભર્યા અને નીરસ દિવસની અલવિદા કહેવા એક સારા ડીનરનું આયોજન કરો. તેમનો સાથ તેમારા શરીરમાં નવું જોમ ભરી દેશે. આર્થિક મુશ્કેલીઓનો અંત આવતો હોય એવું જણાય છે, કેમ કે તમારા માતા-પિતા તમને સહકાર આપશે. કામ તથા જીવન તરફના તમારા અભિગમમાં વિદ્વાન તથા સંપૂર્ણતાના આગ્રહી બનો.

### કુંભ (ગ,શ,સ) :

આજના દિવસે સ્વાસ્થ્યની દૃષ્ટિએ સારો દિવસ. તમારી ખુશખુશાલ મનઃસ્થિતિ તમને ઈચ્છિત ટૉનિક આપશે તથા તમને આત્મવિશ્વાસથી સભર રાખશે. મોડી પડેલી લેણી નીકળતી રકમ પાછી મળતા આર્થિક સ્થિતિ સુધરશે. તમને ખુષશ રાખવા માતા-પિતા તથા મિત્રો તેમનું શ્રેષ્ઠ આપશે. આજે તમારી કોઈ ખરાબ ટેવ તમારા પ્રેમી ને ખરાબ લાગી શકે છે.

### મીન (દ,ચ,ઝ,થ) :

આજના દિવસે અસીમ જીવનની મહાન ભવ્યતાને માણવા માટે તમારા જીવનને વધુ ઉત્કૃષ્ટ બનાવો. ચિંતાની ગેરહાજરી આ દિશામાં પ્રથમ પગલું છે. સટ્ટાકીય પ્રવૃત્તિઓ નફો લાવશે. દિવસના ઉત્તરાર્ધ માટે કશુંક ઉત્તેજનાસભર અને મનોરંજક વિચારી રાખો. તમારી હાજરી તમારા પ્રિયપાત્ર માટે આ વિશ્વ યોગ્ય સ્થળ બનાવશે.

**ન્યૂઝ બ્રિફ**

## અલ્હાબાદ હાઈકોર્ટે જ્ઞાનવાપીના સર્વે સામેની મુસ્લિમ પક્ષની રજી સ્વિકારી

। અલ્હાબાદ, તા.૨૫ ।

અલ્હાબાદ હાઈકોર્ટે વારાણસીમાં કાશી વિશ્વનાથ મંદિરની બાજુમાં આવેલી જ્ઞાનવાપી મસ્જિદના એએસઆઈસર્વે અંગે મુસ્લિમ પક્ષની અરજી સ્વીકારી લીધી છે. હવે બુધવારે એટલે કે આવતી કાલે હાઈકોર્ટ આ મામલે સુનાવણી કરશે. આ દરમિયાન હિન્દુ અને મુસ્લિમ બંને પક્ષો હાજર રહેશે. હાઈકોર્ટ આવતીકાલે જ પોતાનો ચુકાદો આપશે. સુપ્રિમ કોર્ટે એએસઆઈના સર્વે પર આવતીકાલ સાંજ સુધી રોક લગાવી છે અને તે પહેલા આ મામલે નિર્ણય આપવા હાઈકોર્ટને આદેશ આપ્યો છે. તે જ સમયે, હાઈકોર્ટે જ્ઞાનવાપી સાથે સંબંધિત અન્ય કેસોની પણ સુનાવણી કરી અને ચુકાદો અનામત કર્યો છે. આ બાબતોનો ચુકાદો ૨૮મીએ સંભળાવવામાં આવશે. અગાઉ ૨૧ જુલાઈએ હિન્દુ પક્ષની અરજી પર વારાણસીની જિલ્લા ન્યાયાધીશની અદાલતે જ્ઞાનવાપીના એએસઆઈને સર્વે કરાવવા અને ૪ ઓગસ્ટ સુધીમાં રિપોર્ટ રજૂ કરવાનો આદેશ આપ્યો હતો.

## ઝારખંડમાં પ્રેમીને મળવા ગયેલી યુવતી પર ૮-૧૦ લોકોનો ગેંગરેપ

। ઝારખંડ, તા.૨૫ ।

ભારતમાં રેપ, હત્યા સહિતના ગુનામાં દિવસે ને દિવસે વધારો થઈ રહ્યો છે. યુવતીઓ, મહિલાઓ સાથે રેપ કે ગેંગરેપ થવાના કિસ્સાઓ પણ વધ્યા છે. ત્યારે આવો જ એક કિસ્સો સામે આવ્યો છે. એક આદિવાસી યુવતી તેના પ્રેમીને મળવા માટે પહોંચી હતી. એ સમયે તેની સાથે નરાધમોએ ગેંગરેપ કર્યો હતો. પીડિતાનો આરોપ છે કે, તેની સાથે ૮-૧૦ લોકોએ મળીને ગેંગરેપની ઘટનાને અંજામ આપ્યો હતો. પીડિતાની ફરિયાદ બાદ પોલીસે આ મામલે ગુનો નોંધીને આગળની કાર્યવાહી હાથ ધરી છે. પોલીસની પ્રાથમિક તપાસમાં સામે આવ્યું કે, યુવતી તેના પ્રેમીને મળવા માટે આવી હતી. એટલે આ ઘટનામાં તેના પ્રેમીની પણ શંકાસ્પદ ભૂમિકા લાગી રહી છે. પોલીસ હાલ તેને શોધી રહી છે. પોલીસે જણાવ્યું કે, આરોપીની ઓળખ થઈ રહી નથી.

# ભારતમાં ઘૂસવા માટે સીમાએ બનાવ્યા હતા પ્લાન A અને B?

। નવી દિલ્હી, તા.૨૫ ।

પાકિસ્તાનથી ગેરકાયદે રીતે ભારતમાં આવેલી સીમા હૈદરને લઈ રોજે રોજ નવા નવા ખુલાસા થઈ રહ્યા છે. આ દરમિયાન વધુ એક નવી જાણકારી સામે આવી છે. ભારતમાં આવવા માટે સીમા હૈદરે બે પ્લાન બનાવ્યા હતા. સૂત્રોના જણાવ્યા મુડબ, સીમા હૈદરે પાકિસ્તાનમાંથી જ ભારતમાં ઘૂસવા માટે મોટી યોજના બનાવી હતી. સૌથી પહેલાં તેણે નેપાળમાં ૧૫ દિવસના ટૂરિસ્ટ વિઝા માટે અપ્લાય કર્યુ અને તેને ૧૫ દિવસના ટૂરિસ્ટ વિઝા સરળતાથી મળી પણ ગયા. કારણ કે આ વર્ષે ૧૦ માર્ચના રોજ જ સીમા નેપાળના લગગ ૭ દિવસના વિઝા લઈને આવી હતી અને ૧૭ માર્ચના રોજ સચિન સાથે રહી હતી. જેનો ફાયદો તેને ફરીથી નેપાળના વિઝા લેવામાં મળ્યો હતો. સીમા હૈદરે તેના સંપૂર્ણ રૂટની સ્ક્રિપ્ટ પાકિસ્તાનમાં જ તૈયાર કરી લીધી હતી. આ પ્લાનિંગ સાથે જ સીમા નેપાળના ૧૫ દિવસના ટૂરિસ્ટ વિઝા લઈને પોતાના ચાર બાળકો સાથે નેપાળ પહોંચી હતી. સીમાના



પ્લાન એ મુજબ, કોઈ પણ ભોગે ભારતમાં દાખલ થવાનું હતું અને આ દરમિયાન જો તે બોર્ડર પર એસએસબીના ચેકિંગમાં પકડાઈ જાય તો તેને પરત નેપાળ મોકલી દેવામાં આવતી. કારણ કે સીમા પાસે નેપાળના ૧૫ દિવસના ટૂરિસ્ટ વિઝા હતા અને તે પરત નેપાળ આવી જતી. સીમાના પ્લાન બી મુજબ, ૧૫ દિવસમાં નેપાળ વિઝામાં તેની પાસે બચેલા વિઝાનો સમય વધારે હતો અને તે પછી બીજી કોઈ બસ દ્વારા ભારત-નેપાળ બોર્ડરથી ભારતમાં દાખલ થવાનો પ્રયાસ જરુર કરતી. જો કે, સીમા હૈદર પોતાના પ્લાન બીનો ઉપયોગ કરી શકી નહીં, કારણ કે તેને પહેલાં જ પ્લાનમાં સફળતા મળી ગઈ હતી. સીમા બોર્ડર પર એસએસબીને ચકમો આપીને ભારતમાં દાખલ થઈ ગઈ હતી. આ રીતે સીમાનો પ્લાન એ સફળ રહ્યો હતો. સીમા હૈદર ૧૦ માર્ચના રોજ વિઝા લઈને આવી હતી. જે માત્ર સાત જ દિવસનો હતો અને આ દરમિયાન તે આરામથી સચિન સાથે ફરતી રહી અને છેલ્લાં દિવસે દુબઈ થઈને તે પાકિસ્તાન પહોંચી. સતત ટ્રાવેલ કરવામાં તેને લાંબો સમય લાગ્યો હતો. એટલા માટે એજન્સીઓને શંકા છે કે સીમા હૈદરને આર્થિક મદદ મળી રહી હતી.



નવી દિલ્હીમાં દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ સામે બીજેપી કાર્યકરતા દ્વારા વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યું હતું તે સમયે પોલીસ દ્વારા ટોળાને વિખેરવા માટે પાણીનો ઉપયોગ કરવામાં આવ્યું હતું.

### ઘટના જાણીને લોકો ચોંકી ગયા

## પાંચ રૂપિયાના ચક્કરમાં ૬ હજાર રૂપિયાનું નુકસાન થયું

### હજારોના નુકસાનની સાથે તેમનો પરિવાર પણ પરેશાન હતો અને તેમના ઘણા કલાકો વેડફાયા હતા

। નવી દિલ્હી, તા.૨૫ ।

આ વ્યક્તિને પેશાબ કરવા માટે શૌચાલય જવું પડ્યું, અને કરી બેઠો મોટી ભૂલ. આ વ્યક્તિ સ્ટેશન પર ટોઈલેટ જવાને બદલે વંદે ભારત પર ચડી ગયો. અહીંથી તેની મુશ્કેલીઓ શરૂ થઈ, એક તરફ આ યુવક ક્યાંક પહોંચ્યો તો બીજી તરફ ભોપાલ સ્ટેશન પર તેનો પરિવાર ચિંતા કરતો રહ્યો. તમને જણાવી દઈએ કે, આ ઘટના સિંગરૌલીના બૈધનના રહેવાસી અબ્દુલ કાદિર સાથે બની હતી. અબ્દુલ સિંગરૌલી અને હૈદરાબાદમાં ડ્રાયફ્રુટનો બિઝનેસ ધરાવે છે. તે હૈદરાબાદમાં જાફરન હાઉસના નામથી બેગમ બજારમાં દુકાન ચલાવે છે. તે, તેની પત્ની અને પુત્ર ૧૪ જુલાઈના રોજ દક્ષિણ એક્સપ્રેસ દ્વારા હૈદરાબાદથી સિંગરૌલી આવી રહ્યા હતા. કાદિર પરિવાર ટ્રેનના સેકન્ડ એસીમાં મુસાફરી કરી રહ્યો હતો. બીજા દિવસે, ૧૫ જુલાઈની સાંજે અબ્દુલ ભોપાલ સ્ટેશન પર ઉતર્યો. તેમની ટ્રેન સાંજે ૫:૨૦ વાગ્યે સ્ટેશન પર આવી.

### યુપી એટીએસનું રાજ્યવ્યાપી ઓપરેશન

## યુપીમાં ગેરકાયદેસર રહેતા ૭૪ રોહિંગ્યાની એટીએસે ધરપકડ કરી

### ધરપકડ કરાયેલા રોહિંગ્યા લોકોમાં ૧૬ મહિલાઓ અને છોકરીઓ અને ૫૮ પુરુષો છે, આ તમામ લોકો સામે કેસ નોંધીને કાર્યવાહી કરવામાં આવી

। અમદાવાદ, તા.૨૫ ।

ગઈકાલે યુપી એટીએસએ રાજ્યવ્યાપી ઓપરેશન હાથ ધરીને રાજ્યમાં ગેરકાયદેસર રીતે રહેતા ૭૪ રોહિંગ્યાઓની ધરપકડ કરી હતી. રાજ્યના વિશેષ પોલીસ મહાનિર્દેશક પ્રશાંત કુમારે એક નિવેદનમાં જણાવ્યું હતું કે એટીએસને માહિતી મળી રહી હતી કે કેટલાક રોહિંગ્યા લોકો ઉત્તર પ્રદેશના અલગ-અલગ જિલ્લામાં ગેરકાયદેસર રીતે રહે છે. આના પર એટીએસએ સ્થાનિક પોલીસ એકમોની મદદથી ઓપરેશન શરૂ કર્યું અને કુલ ૭૪ રોહિંગ્યા લોકોની ધરપકડ કરી હતી. રાજ્યના વિશેષ પોલીસ મહાનિર્દેશક પ્રશાંત કુમારે જણાવ્યું હતું કે ધરપકડ કરાયેલા રોહિંગ્યા લોકોમાં ૧૬ મહિલાઓ અને છોકરીઓ અને ૫૮ પુરુષો છે. આ તમામ લોકો સામે કેસ નોંધીને કાર્યવાહી કરવામાં આવી રહી છે. સરકાર તરફથી મળેલી માહિતી અનુસાર યુપી એટીએસએ રાજ્યના અલગ-અલગ જિલ્લામાંથી કુલ ૭૪ રોહિંગ્યાઓની ધરપકડ કરી છે.

### રાત્રે ૨ વાગ્યે પિત્ઝા ડિલિવર કર્યા

## કેનેડામાં ભારતીય વિદ્યાર્થીની કારજેકિંગ દરમિયાન હત્યા

### અજાણ્યા શખસોએ તેના પર હુમલો કર્યો હતો જેના પરિણામે તેણે પોતાનો જીવ ગુમાવી દીધો હતો

। કેનેડા, તા.૨૫ ।

કેનેડામાં ૨૪ વર્ષીય ઈન્ડિયન સ્ટુડન્ટની જાહેરમાં હત્યા કરી દેતા ચકચાર મચી ગઈ છે. મિસિસોગાના ક્રેડિટવ્યૂ રોડના વિસ્તારમાં ગુરવિંદર નાથ પિત્ઝા ડિલિવરી બોય તરીકે પણ પાર્ટ ટાઈમ નોકરી કરી રહ્યો



હતો. ત્યારે અચાનક મોડી રાત્રે ૨ વાગ્યાની આસપાસ એક ઓર્ડર પ્લેસ થયો અને નજીકના વિસ્તારમાં જ તેને ડિલિવર કરવાનો હતો. તે જેવો ઓર્ડર લઈને ત્યાં પહોંચ્યો કે તરત જ કેટલાક અજાણ્યા શખસોએ તેના પર હુમલો કરી દીધો હતો. તેને ગંભીર ઈજાઓ પહોંચાડી તેને લૂંટી લીધો અને બાદમાં ફરાર થઈ ગયા હતા. ઉલ્લેખનીય છે કે જાહેરમાં આ પ્રમાણેની ઘટના બનતા માહોલ તંગ બની ગયો હતો. આસપાસ જે લોકો હતા તે પણ મદદે દોડી આવ્યા હતા, તો બીજી બાજુ પોલીસને આ ઘટનાક્રમ અંગે ઘણી શંકાઓ પણ થઈ રહી છે. કેનેડામાં પિત્ઝા ડિલિવરી બોય તરીકે કામ કરતા ભારતીય વિદ્યાર્થી ગુરવિંદ નાથની જાહેરમાં હત્યા થતા ચકચાર મચી ગઈ છે. એટલું જ નહીં ઈન્વેસ્ટિગેટર્સે જણાવ્યું કે આ કેસમાં એક નહીં ઘણા લોકોની સંડોવણી હોવાનું અનુમાન લગાવાઈ રહ્યું છે. તેમને શંકા છે કે આ કોઈ અંગત અદાવત હોઈ શકે છે. એટલું જ નહીં ફુડ ઓર્ડર કરીને એક સ્પેસિફિક જગ્યાએ બોલાવવા માટેનો કેટલાક શખસોનો પ્લાન હોઈ શકે છે. જ્યારે આ યુવક ત્યાં પહોંચ્યો કે તરત જ તેની પર હુમલો કરી દેવામાં આવે છે. ઈન્વેસ્ટિગેટર્સે વધુમાં જણાવ્યું કે અહીં સુમસામ વિસ્તાર પણ નહોતો. અન્ય લોકો પણ અવર જવર કરતા હતા. કારણ કે જેવો આ યુવક પર હુમલો કરાયો અને તેને ગંભીર ઈજા પહોંચી કે તરત જ હુમલાખોરો ભાગી ગયા હતા. જોતજોતામાં ત્યાં સ્થાનિકો તેની મદદે પણ આવ્યા હતા અને તેને ટ્રોમા સેન્ટર સુધી પહોંચાડ્યો હતો. જેથી કરીને ઈન્વેસ્ટિગેટર વધુ એક એન્ગલ પણ સર્ચ કરે છે જેમાં તેમને શંકા છે કે માત્ર આ યુવક પર જ કેમ હુમલો થયો અને તે હજુ ફુડ ડિલિવર કરે એ પહેલા જ એકપછી એક વાર તેના પર થયા હતા. જોકે આ ક્રાઈમને વિવિધ એન્ગલથી ઈન્વેસ્ટિગેટર્સ તપાસી રહ્યા છે.

# વિશેષ

### મ્યુચ્યુઅલ ફંડ યોગ્ય છે કે કેમ તે અંગેનો ફેસલો તો એ દરેક રોકાણકાર કરી શકે છે જે જોખમ ઉઠાવવાની પોતાની ક્ષમતાને ઓળખી કાઢે છે

## પ્રવાહી સ્થિતી વચ્ચે મ્યુચ્યુઅલ ફંડ

મુડીરોકાણકારોની સામે હાલના સમયમાં સામાન્ય રીતે પ્રશ્ન એ થાય છે કે તે પોતાના નાણાંનુ રોકાણ તે ક્યાં કરે જેના કારણે તેની સંપત્તિમાં વધારો થઈ શકે. રિયલ એસ્ટેટમાં કોઈ દમ રહ્યો નથી. શેરબજારમાં પણ હાલમાં પ્રવાહી સ્થિતી પ્રવર્તી રહી છે. કારોબારી વધારે રોકાણ કરવા માટે હિમ્મત કરી રહ્યા નથી. ખરાબ સમયના સાથી તરીકે ગણાતા સોનાની સપાટી હવે એવા સ્તર પર પહોંચી ગઈ છે જ્યાંથી તેની કિંમતમાં ઘટાડો થવાની જ આશંકા વધારે દેખાઈ રહી છે. ફિક્સ્ડ ડિપોઝીટના દરો પણ હાલમાં આકર્ષિત રહ્યા નથી. સાથે સાથે પાકતી રકમ પર ટેક્સ પણ લાગુ કરવામાં આવે છે. આવી સ્થિતીમાં માત્ર મ્યુચ્યુઅલ ફંડ જ રહી જાય છે. જેનો પ્રચાર હાલમાં જોરદાર રીતે કરવામાં આવી રહ્યો છે.

મ્યુચ્યુઅલ ફંડ સહી હે તે સ્લોગન હાલમાં ચારેબાજુ જોવા મળે છે. મોટા ભાગના લોકો એમ વિચારીને મ્યુચ્યુઅલ ફંડમાં નાણાં લગાવી દે છે કે હકીકતમાં ફંડ મેનેજર એવા શેરમાં અથવા તો ડેટમાં પૈસા લગાવી રહ્યા હશે જેમના કારણે તેમને ખુબ વધારે ફાયદો થશે. મ્યુચ્યુઅલ ફંડ સિસ્ટેમેટિક ઈન્વેસ્ટમેન્ટ પ્લાન (એસઆઈપી) ખાતામાં સમગ્ર દેશમાંથી આશરે ૨.૨૯ લાખ કરોડ રૂપિયા લગાવી દેવામાં આવ્યા છે. એકલા જુન મહિનામાં જ ૭૫૫૬ કરોડ રૂપિયા જમા કરવામાં આવ્યા છે. જે રકમ દર્શાવે છે કે મ્યુચ્યુઅલ ફંડમાં હાલમાં સમયમાં કેટલા મોટા પાયે રોકાણ કરવામાં આવી રહ્યુ છે. ભલે રોકાણના આ માધ્યમની લોકપ્રિયતા હાલમાં આસમાન પર છે પરંતુ આ કડવી વાસ્તવિકતાને




**ચિંતા : ઉથલપાથલ વચ્ચે રોકાણ ક્યાં કરાય તેની ચિંતા સૌથી મોટી**

નજર અંદાજ કરી શકાય નહીં કે તેમા ંપણ તમામ પ્રકારના જોખમ રહેલા છે. કેટલાક ફંડ નુકસાનમાં પણ પહોંચી ચુક્યા છે. હકીકતમાં ભારતમાં રોકાણનુ સ્વરૂપ એવુ છે કે જ્યારે લોકો રોકાણ કરે છે ત્યારે એક જ સેક્ટરમાં સતત રોકાણ કરવામાં આવે છે.

આક્રમક જાહેરાતો અને રોકાણના મર્યાદિત સાધનો હોવાના કારણે રોકાણકારોને રોકાણના આ માધ્યમમાં નફો વધારે હોવાની બાબત દેખાઈ રહી છે. કમીશનના કારણે રોકાણ સલાહકારો પણ હવે લોકોને મ્યુચ્યુઅલ ફંડમાં રોકાણ કરવા માટેની સલાહ આપી રહ્યા છે. જેના કારણે મ્યુચ્યુઅલ ફંડનુ નેટવર્ક સતત વધી રહ્યુ છે. હવે આંકડા કઈ જુદી વાત કરી રહ્યા છે. એક રિસર્ચમાં દાવો કરવામાં આવ્યો છે કે કેટલાક મ્યુચ્યુઅલ ફંડ નુકસાનમાં જતા રહ્યા છે. કેટલાક આઈપીઓ બચાવવા માટેના ચક્કરમાં પડીને પોતાના પૈસા ગુમાવી ચુકયા છે. બગડી ગયેલી સ્થિતીમાં આવા ફંડ મેનેજરોની રોકાણકારોને આકર્ષિત કરવાના પ્રયાસના કારણે બજાર નિયામક સેબીને પણ નજર રાખવાની ફરજ પડી રહી છે. મ્યુચ્યુઅલ ફંડ કંપનીઓએ ગ્રાહકોને લાલચ આપવા અને એમ કહીએ કે તેમને ભ્રમિત કરવા માટે કેટલાક ફંડા રજૂ કરવામાં આવી રહ્યા છે. જેના કારણે બજારમાં ભ્રમની સ્થિતી ઉભી થઈ ગઈ છે.

થોડાક દિવસ પહેલા એક બિન સરકારી બેંક સહાયક કંપનીના આઈપીઓને મુશ્કેલીમાંથી બહાર કાઢવા માટે જે રીતે ૫૦થી વધારે મ્યુચ્યુઅલ ફંડના પૈસા તેમાં લગાવી દેવામાં આવ્યા હતા અને આઈપીઓના નબળા લિસ્ટિંગપર શેર નુકસાનમાં પહોંચી ગયા બાદ મ્યુચ્યુઅલ ફંડ હાઉસ તેને વેચીને બહાર નિકળ્યા તેના કારણે રોકાણકારોને ભારે નુકસાનનો સામનો કરવો પડ્યો હતો. એકબાજુ મ્યુચ્યુઅલ ફંડ કંપનીઓ દાવો કરે છે કે તે ખુબ ગંભીરતાપૂર્વક વિચારીને ગ્રાહકોના પૈસા રોકે છે. બીજી બાજુ આ કડવી વાસ્તવિકતા છે કે પોતાની જરૂરિયાતો અને વેપારી સંબંધો ટકાવી રાખવા માટે તેઓ પણ રોકાણ કરેછે. ફંડ હાઉસ રોકાણના સમય ખુશ અને આશાવાદી તો દેખાય છે પરંતુ પરંતુ નુકસાન થવા અથવા તો ઈચ્છિત લાભ ન હોવાની સ્થિતીમાં તેમનો ભાર આ બાબત પર આધારિત હોય છે કે મ્યુચ્યુઅલ ફંડમાં રોકાણ જોખમી હોય છે. આવુ તેની જાહેરાતમાં પણ સ્પષ્ટ રીતે દર્શાવાય છે.

### ૩-૧૫ વર્ષની વયના બાળકો અને ૫૦ વર્ષથી વધુ વયના લોકોમાં બ્રેઇન ટ્યુમરની સંભાવના વધારે રહે છે : સારવારની પણ કેટલીક રીત છે

## બ્રેઇન ટ્યુમરના ઘણા પ્રકાર રહેલા છે

બ્રેઈન ટ્યુમરને લઈને સામાન્ય લોકો પાસે ઓછી માહિતી હોય છે. વારંવાર માથામાં દુખાવો રહે અને વારંવાર ગુસ્સો આવે તો તેની અવગણા કરવી જોઈએ નહીં. ૩-૧૫ વર્ષની વયમાં અને ૫૦ વર્ષથી વધુની વયમાં આ તકલીફ થવાનો ખતરો રહે છે. આંકડા દર્શાવે છે કે ૨૦ ટકા મામલા બાળકોમાં મસ્તિષ્કના કેન્સરના હોય છે. બાળકોમાં કોઈ પણ લક્ષણ દેખાય તો તરત જ તબીબને મળવાની સલા નિષ્ણાંતો આપે છે. વિટામિન-સી, ઈ અને કેની બનેલી ચીજો હમેંશા ફાયદો કરાવે છે. મોડી રાત સુધી ન જાગવા માટેની પણ તબીબો સલા આપે છે. સાથે સાથે જંક ફુડ અને ડબ્બામાં મળનાર ચીજોને ટાળવામાં આવે તે જરૂરી છે. તબીબો બ્રેઈન ટ્યુમરના સંબંધમાં વાત કરતા કહે છે કે દિમાગમાં અસામાન્ય કોશિકાના વધારાને બ્રેઈન ટ્યુમર કહેવામાં આવે છે. આના કેટલાક પ્રકારો રહે છે. પરંતુ કેન્સર વિનાના અને કેન્સર સાથેના ટ્યુમર જુદા જુદા પ્રકારના હોય છે. તેની આંશકા ત્રણ વર્ષથી લઈને ૧૫ વર્ષની વયના કિશોર અને ત્યારબાદ ૫૦ વર્ષથી ઉપરની વ્યક્તિમાં થવાનો ખતરો વધારે રહે છે. બાળકોમાં જેનેટિક મ્યુટેશન મુખ્ય કારણ તરીકે હોય છે. જે પરિવારમાં કોઈને પહેલાથી જ આ તકલીફ હોય છે તેમાં ખતરો વધારે રહે છે. બ્રેઈન ટ્યુમરના લક્ષણો જોવામાં આવે તો વહેલી સવારે ઉઠતાની સાથે જ માથામાં દુખાવો રહે છે. ઉલ્ટીઓ થાય છે. તેમાં કેટલીક વખત માઈગ્રેન જેવા લક્ષણ જોવા મળે છે. ઝુંકવા અને કસરત કરવાની સ્થિતીમાં વધારે તેજ દુખાવો થાય છે. કાનમાં હમેંશા કોઈ અવાજ સંભળાય છે. જોવામાં પરેશાની થાય છે.



**બી અવેયર : વારંવાર માથામાં દખાવો છે તો અવગણના ન કરો...**

વારંવાર બેહાન થવાના લક્ષણ દેખાય છે. આંખોની નસમાં સોજા આવી જાયછે. બ્રેઈન ટ્યુમરના દર્દીની યાદશક્તિ પર માઠી અસર થાય છે. બ્રેઈન ટ્યુમરના પ્રકારના વાત કરવામાં આવે તો તેના કેટલાક પ્રકાર છે. જેમાં ગ્લિઓમાં, મેનિન્ગિઓમ, પિટ્યુટરી ટ્યુમરનો સમાવેશ થાય છે. ગ્લિઓમાં પ્રકારના ટ્યુમર ખુબ ખતરનાક હોય છે અને તે જીવલેણ હોય છે. મેનિન્ગિઓમ પ્રકારના ટ્યુમર મસ્તિષ્કની સપાટી પર થાય છે તેની સારવાર સરળ રીતે થઈ શકે છે. તેની સારવારના કેટલાક તબક્કા હોય છે. પ્રથમ તબક્કામાં બ્રેઈન ટ્યુમર કોશિકાના વિકાસની ગતિ ધીમી હોય છે. દિમાગથી શરીરના બીજા હિસ્સામાં તેનો ફેલાવો થતો નથી. સર્જરીથી અથા તો બીજી રીતે ટ્યુમરને દુર કરી શકાય છે. કિમો અને રેડિએશન થેરાપીની જરૂર પડતી નથી. તબક્કા-૨માં ટ્યુમરની કોશિકા શરીરના બીજા હિસ્સામાં ફેલાવવા લાગી જાય છે. મોટા ભાગના દર્દીની સારવાર કિમોથેરાપી મારફતે કરવામાં આવે છે. સમય પર સારવાર ન કરાવવાની સ્થિતીમાં સ્થિતી બગડી શકે છે.તબક્કા-૨માં ટ્યુમર અતિ ઝડપથી શરીરના બીજા હિસ્સામાં ફેલાઈ જાય છે. દિમાંગને શરીરના સંકેતો ઓળખવામાં પરેશાનીનો સામનો કરવો પડે છે. રેડિએશન અને કિમોથેરાપીથી સારવાર કરવામાં આવે છે. તબક્કા-૪માં ટ્યુમર પૂર્ણ રીતે વિકસિત થાય છે. જેથી શરીરને પૂર્ણ રીતે નુકસાન પહોંચાડવા લાગી જાય છે. ગંભીરતા ખુબ વધારે થઈ જાય છે. જેના કારણે સારવારમાં કિમો, રેડિએશન અને લેજર થેરાપીની પણ જરૂર પડે છે. ટ્યુમરની ઓળખ કરવામાં આવ્યા બાદ તબીબો બાળકની સ્થિતી જુએ છે. મસ્તિષ્કમાં તેના ફેલાવાને ધ્યાનમાં લેવામાં આવે છે. બ્રેઈન ટ્યુમર કાઢવાની સ્થિતીમાં સર્જરી કરવામાં આવે છે. સર્જીરનો ઉપયોગ ફર્સ્ટ અથવા તો બિનાઈન ટ્યુમરમાં કરવામાં આવે છે. કિમોથેરાપીની મદદથી કેન્સરના સેલને મારી નાંખવામાં આવે છે. આને બિનાઈન અને મેલિગ્નેટ બંને બ્રેઈન ટ્યુમરમાં ઉપયોગ કરવામાં આવે છે. બ્રેઈન ટ્યુમરની સારવારમાં રેડિયો સર્જરી, ઈમ્યુનોથેરાપી અને ટાર્ગેટ થેરાપીનો ઉપયોગ કરવામાં આવે છે. સાથે સાથે કોમ્પ્યુટર આધારિત સ્ટિરિયોટેક્સી અને રોબોટિક સર્જરી કરવામાં આવે છે. જાણકાર તબીબો માને છે કે વહેલી તકે સારવાર અસરકારક અને ફાયદાકારક સાબિત થાય છે.

## ટ્રાફિકના નિયમો સંદર્ભે સ્પેશિયલ ડ્રાઈવ

# ગુજરાતભરમાં પોલીસની રોડ સેફ્ટીને લઈ મેગા ડ્રાઈવ




### રાજ્યભરમાં પોલીસ દ્વારા રોડ સેફ્ટીને લઈને સ્પેશિયલ ડ્રાઈવ શરૂ કરવામાં આવી છે, તમામ વાહન ચાલકો પર હવે કડક નજર રાખવામાં આવશે

। અમદાવાદ, તા.૨૫ ।

અમદાવાદમાં ઈસ્કોન બ્રીજ અકસ્માત બાદ પોલીસ દ્વારા સ્પેશિયલડ્રાઈવનીશરૂઆતકરવામાં આવી છે. ન માત્ર અમદાવાદ પરંતુ રાજ્યમાં પોલીસની રોડ સેફ્ટીને લઈ મેગા ડ્રાઈવ શરૂ થઈ છે. આજથી એક મહિના માટે ઓવર સ્પીડિંગ સહિત ટ્રાફિકના નિયમો સંદર્ભે સ્પેશિયલ ડ્રાઈવ થશે અને નિયમનો ભંગ કરનારાઓ સામે કડક કાર્યવાહી કરવામાં આવશે. વાહનો પર જોખમી સ્ટંટ કરતા લોકો, પોલીસ કાયદાનું ઉલ્લંઘન કરનાર લોકો, ઓવર સ્પીડિંગ કરતા વાહન ચાલકો પર પોલીસની નજર રહેશે અને આવા નબીરાઓની સામે પોલીસ મેમો સહિત એક્શન પણ લેશે.આજથી એક મહિના સુધી રાજ્યભરમાં ટ્રાફિકનાં નિયમોનું ભંગ કરનારાઓની સામે એક્શન લેવાની તૈયારીમાં ગુજરાત પોલીસે સ્પેશિયલ ડ્રાઈવ શરૂ કરી છે. અમદાવાદમાં અલગ અલગ વિસ્તારમાં સ્પીડગનથી પોલીસ ગાડીઓની સ્પીડનું મોનીટરીંગ કરશે. ઓવર સ્પીડીંગમાં જતાં વાહનોને મેમો/દંડ ભોગવવો પડી શકે છે.

રાજ્ય પોલીસ વડાએ સ્પેશિયલ ડ્રાઈવના આદેશ આપ્યાં બાદ અમદાવાદના સિંધુ ભવન, જીએ હાઈવે સહિતના વિસ્તારમાં પોલીસનું ચેકીંગ શરૂ થયું જેમાં અનેક લોકો કાયદાનો ભંગ કરતાં નજરે પડ્યાં હતાં. રાજ્યમાં પોલીસની રોડ સેફ્ટીને લઈને શરૂ થયેલ મેગા ડ્રાઈવ દરમિયાન ૨૨ અને ૨૩ જૂલાઈએ કુલ ૨૭૩૯ એવા કેસો નોંધાયા જેમણે ટ્રાફિક કાયદાનો ભંગ કર્યો હોય. ઓવર સ્પીડમાં ૧૮૬૯, સ્ટંટના ૫૧૨ જ્યારે ડ્રંક એન્ડ ડ્રાઈવના ૩૫૮ કેસ નોંધાયા છે. અત્રે ઉલ્લેખનીય છે કે સુરત શહેરમાં સૌથી વધુ ટ્રાફિક નિયમ ભંગનાં કેસો નોંધાયા છે જેમાં ઓવર સ્પીડના ૭૧૦, ડ્રંક એન્ડ ડ્રાઈવના ૫૧, સ્ટંટના ૨ કેસ નોંધાયા છે

**ન્યૂઝ બ્રિફ**

### શાંતાબા મેડિકલ કોલેજને મોતિયાના ઓપરેશનમાં બેદરકારી માટે પાંચ કરોડનો દંડ

। અમરેલી, તા.૨૫ ।

અમરેલિમાં આવેલી શાંતાબા મેડિકલ કોલેજ અને જનરલ હોસ્પિટલમાં આંખના ઓપરેશન બાદ ૧૨ દર્દીઓએ આંખની રોશની ગુમાવી હતી. આ ઘટનાની તપાસ માટે ઈક્વાયરી કમિટી બનાવવામાં આવી હતી. કમિટીએ પોતાનો રિપોર્ટ સોંપી દીધો છે. ત્યારબાદ સરકારે હોસ્પિટલ વિરુદ્ધ કાર્યવાહી કરી છે. અમરેલી જિલ્લા સ્થિત શાંતાબા કોલેજમાં મોતીયાની સર્જરી માટે દાખલ દર્દી સાથે થયેલ બેદરકારી બદલ આરોગ્ય વિભાગે કડક કાર્યવાહી કરી છે. રાજ્ય આરોગ્ય વિભાગ દ્વારા શાંતાબા મેડિકલ કોલેજ અને હોસ્પિટલને આ ગંભીર બેદરકારી અને ગેરરીતિ બદલ રૂ. પાંચ કરોડનો દંડ ફડકારવામાં આવ્યો છે. ઉલ્લેખનીય છે કે, કુલ ૧૨ જેટલા દર્દીઓ શાંતાબા મેડિકલ કૉલેજની બેદરકારીનો ભોગ બન્યા હતા. આ દર્દીઓ પ્રત્યે માનવીય અને સંવેદનશીલ અભિગમ દાખવીને સંપૂર્ણપણે દ્રષ્ટિ ગુમાવનારને રૂ. ૧૦ લાખ જ્યારે અંશત : દ્રષ્ટિ ગુમાવનાર દર્દીને રૂ. પાંચ લાખનું વળતર ચૂકવવાનો આરોગ્ય વિભાગ દ્વારા હોસ્પિટલને આદેશ કરવામાં આવ્યો છે. આ બેદરકારીનો ભોગ બનેલા અને સઘન સારવારના અંતે દ્રષ્ટિ પાછી મેળવી હોય તેવા દર્દીને રૂ. ૨ લાખ ચૂકવવાનો આદેશ કરાયો છે.

### અમેરિકા જવા નીકળેલા નવ ગુજરાતીઓ ફ્રાંસની જેલમાં બંધ હોવાનો દાવો

। અમદાવાદ, તા.૨૫ ।

મહેસાણાના હેડુવાથી નવ યુવક જાન્યુઆરી ૨૦૨૩માં અમેરિકા જવા નીકળ્યા હતા. મહિનાઓથી ગુમ થયેલા નવ ગુજરાતીઓ અંગે મોટો ઘટસ્ફોટ થયો છે. એસઓજી પોલીસે શૈલેષ પટેલ નામના એજન્ટની ધરપકડ કરી છે. આ એજન્ટે દાવો કર્યો છે કે, મહેસાણાના ૪ વ્યક્તિઓ સહિત ૯ લોકો ફ્રાન્સની હદમાં આવેલા સેન્ટ માર્ટિસની જેલ હોવાનું જણાવી રહ્યો છે. આ માહિતીને તપાસ કરવા માટે જીષ્ન પોલીસે ક્રૈદ્ધ ક્રાઈમ મારફતે ફ્રાન્સ એમ્બેસીની મદદ માંગી છે. ફ્રાન્સની જેલમાં છેલ્લા સાતથી આઠ મહિનામાં કોઈ ભારતીયની ધરપકડ કરાઈ છે કે નહિ તે અંગેની વિગતો માંગવામાં આવી છે. નોંધનીય છે કે, મીડિયા રિપોર્ટ પ્રમાણે, ૯ ફેબ્રુઆરીના રોજ ગ્વાડલુપની સરકારે ઈન્ડિયન કોસ્ટ ગાર્ડના મેરિટાઈમ રેસ્ક્યુ કોર્ડિનેશન સેન્ટરને એવી માહિતી આપી હતી. તેમની હદમાંથી ૦૪ ફેબ્રુઆરીના રોજ નવ ગુજરાતીઓને દરિયામાંથી રેસ્કયુ કરવામાં આવ્યા હતા. આ ઉપ રાંત અમદાવાદનો મુખ્ય એજન્ટ મહેન્દ્ર પટેલ ઉર્ફે સ્ઢ હજુ ભૂગર્ભમાં છે. પોલીસ પ્રમાણે હાલ આની શોધખોળ ચાલી રહી છે. આ પહેલા પણ મીડિયામાં ચર્ચાયુ હતુ કે, આ તમામ લોકો બોટમાં ડોમિનિકા કે પછી એન્ટિગુઆથી અમેરિકાના વર્જિન આયલેન્ડ્સ જવા માટે નીકળ્યા હતા. તે વખતે આ લોકો વર્જિન આયલેન્ડ્સ તરફ જવાને બદલે ગ્વાડલુપની હદમાં પહોંચી ગયા હોવાનો દાવો કરાયો હતો.

### શિક્ષણમંત્રી ઋષિકેશ પટેલે કરી જાહેરાત

# ત્રણ દિવસ દરમિયાન ગુજરાતમાં ૧૨,૦૦૦ થી વધુ શિક્ષકોને બદલીનો લાભ મળશે

**ગુજરાતમાં જ્ઞાન સહાયક યોજનાનો જ્યાં સુધી અમલ ન થાય ત્યાં સુધી લાખો વિદ્યાર્થીઓના હિતમાં પ્રવાસી શિક્ષક યોજના' ચાલુ રાખવાનો સરકાર દ્વારા મહત્વનો નિર્ણય**

। ગાંધીનગર, તા.૨૫ ।



પ્રેસ કોન્ફરેન્સ દરમિયાન આજે શિક્ષણમંત્રી ઋષિકેશ પટેલે જણાવ્યું કે, ગુજરાતમાં 'જ્ઞાન સહાયક યોજના'નો જ્યાં સુધી અમલ ન થાય ત્યાં સુધી લાખો વિદ્યાર્થીઓના હિતમાં 'પ્રવાસી શિક્ષક યોજના' ચાલુ રાખવાનો સરકાર દ્વારા મહત્વનો નિર્ણય કરવામાં આવ્યો છે. પ્રવક્તા મંત્રી ઋષિકેશ પટેલે કહ્યું કે,સરકારી અને અનુદાનિત પ્રાથમિક,માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં મંજૂર શિક્ષકોની જગ્યાઓ નિયમિત શિક્ષકથી ભરાય નહીં ત્યાં સુધી વિદ્યાર્થીનું શિક્ષણ કાર્ય અટકે નહીં તે માટે તાસ દીઠ માનદવેતનથી શિક્ષણ કાર્ય કરવા 'પ્રવાસી શિક્ષક યોજના'ને વધુમાં વધુ છ માસ અથવા જ્ઞાન સહાયક યોજના અંતર્ગત જ્ઞાન સહાયકોની નિમણૂકની પ્રક્રિયા પૂર્ણ થાય તે બેમાંથી જે વહેલું હોય ત્યાં સુધી ચાલુ રાખવાનો નિર્ણય કરવામાં આવ્યો છે.

ઋષિકેશ પટેલે જણાવ્યું કે સરકારી પ્રાથમિક શાળાના કુલ ૧૭,૧૭૪ શિક્ષકોને જિલ્લા ઓનલાઈન બદલી કેમ્પ દ્વારા સ્થળ પસંદગી કરી બદલીનો લાભ અપાયો. શિક્ષકોની બદલીઓની વિગતો આપતાં કહ્યું કે,રાજ્ય સરકાર દ્વારા સરકારી પ્રાથમિક શાળામાં ફરજ બજાવતાં શિક્ષકો માટે જિલ્લા ઓનલાઈન આંતરિક બદલી કેમ્પ (તાલુકા-ફેર)નું આયોજન બે તબકકામાં કરવામાં આવ્યું હતું. જેમાં કુલ ૧૭,૧૭૪ શિક્ષકોએ પસંદગી મુજબના સ્થળ પર સંપૂર્ણ પારદર્શક પદ્ધતિથી બદલીનો લાભ લીધો છે. આ ઉપરાંત ઋષિકેશ પટેલે જણાવ્યું કે,'સરકારી પ્રાથમિક શાળામાં ફરજ બજાવતાં શિક્ષકો માટે જિલ્લા ફેર બદલીનું આયોજન આગામી તા.૨૬ થી તા.૨૮ જુલાઈ ૨૦૨૩ સુધી ત્રણ દિવસ દરમિયાન કરવામાં આવ્યું છે.

### રાજકોટના વાંચનપ્રેમીઓને નવી ભેટ મળવા જઈ રહી છે

## વડાપ્રધાન નરેન્દ્ર મોદી ૨૭મીએ વિશાળ લાઈબ્રેરીનું લોકાર્પણ કરશે

**૮.૩૯ કરોડ રૂપિયાના ખર્ચે તૈયાર થયેલી આ લાઈબ્રેરી ત્રણ માળમાં ફેલાયેલી છે**

। રાજકોટ, તા.૨૫ ।

રાજકોટના વાંચનપ્રેમીઓને નવી ભેટ મળવા જઈ રહી છે. રાજકોટના વોર્ડ નંબર ૬માં નિર્મીત અદ્યતન લાઈબ્રેરીનું વડાપ્રધાન નરેન્દ્ર મોદીના હસ્તે ૨૭મી જૂલાઈએ લોકાર્પણ



થવા જઈ રહ્યુ છે. ૮.૩૯ કરોડ રૂપિયાના ખર્ચે તૈયાર થયેલી આ લાઈબ્રેરી ત્રણ માળમાં ફેલાયેલી છે. જેમા વાંચનપ્રેમીઓ માટે પુસ્તકોના વિશાળ ખજાના સાથે કલા, સાહિત્યલક્ષી પ્રવૃતિઓ માટે વિવિધ સુવિધાઓ ઉપલબ્ધ છે. વાંચવાના શોખીન રાજકોટિયન્સ માટે રાજકોટ મ્યુનિસિપલલ કોર્પોરેશન દ્વારા વોર્ડ નંબર ૬માં ગોવિંદબાગ પાસે ૧૫૯૬ ચોરસ મીટર જેવી વિશાળ જગ્યામાં ત્રણ માળની લાઈબ્રેરીનું બાંધકામ કરવામાં આવ્યુ છે. આ સાથે ઓનલાઈન ડેટા એક્સેસ કેટલોગ, ઓનલાઈન ઈ-બુક, ઈ-જર્નલ વગેર સુવિધા છે. રીસર્ચ એન્ડ ડેવલપમેન્ટ માટે પણ અહીં વિશાળ સ્ત્રોતની સુવિધા ઊભી કરાઈ છે. વિદ્યાર્થીઓ-યુવાનો સિવિલ સેવા તેમજ સરકારી સેવામાં જોડાવા માટે વિવિધ સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારીઓ કરતા હોય છે ત્યારે અહીં યુ.પી. એસ.સી., જી.પી.એસ.સી. તથા અન્ય ઉચ્ચ અભ્યાસની તૈયારી માટે સ્ટુડન્ટ સ્ટડી કોર્નરની વ્યવસ્થા નિર્માણ કરાઈ છે.બહેનો, બાળકો તથા વિદ્યાર્થીઓને ઉપયોગી એવી વિવિધ વાચન સામગ્રી, એજ્યુકેશનલ જનરલ નોલેજ, જિયોગ્રાફી, સ્પોર્ટ્સ, જ્યોતિષ, ધર્મ, પઝલ્સ, યોગ તથા આરોગ્ય વિષયક વિવિધ ૨૦૦ જેવા મેગેઝીન તથા૨૦ જેવા વર્તમાનપત્રો આ લાઈબ્રેરીમાં વાંચવા મળશે. અહીં ઈ-લાઈબ્રેરી, વાઈફાઈ સેવાઓ, ઓનલાઈન પબ્લિક એક્સેસ, કરંટ એક્સેસ સર્વિસ, રેડી રેફરન્સ સર્વિસ, જનરલ વાંચનાલય, વિદ્યાર્થી વાંચનાલય, મેગેઝીન ક્લબ સેવા, ઝેરોક્ષની સુવિધા, ડિજિટલ લાયબ્રેરી સેવા, ઈન્ટરનેટ સર્ચ જેવી સેવાઓ પણ મળશે.

### મહિલાએ ન્યાય માટે લગાવી ગુહાર

## વડોદરા હીટ એન્ડ રનના ૪૮ કલાક વીત્યા હોવા છતાં પણ પોલીસ મૌન

**પુર ઝડપે કાર ચલાવતા શખ્શે મહિલાને હડફેટે લેતા મહિલાને ગંભીર ઈજાઓ પહોંચતા મહિલાને તાત્કાલિક સારવાર અર્થે હોસ્પિટલ ખસેડવામાં આવી હતી**

। વડોદરા, તા.૨૫ ।

વડોદરાનાં માંજલપુર પાસે ૨૩ જુલાઈનાં રોજ રાત્રીનાં સુમારે હિટ એન્ડ રનનો બનાવ બન્યો હતો. જેમાં માંજલ પુર સ્પોર્ટસ કોમ્પ્લેક્ષ સામે અકસ્માતનો બનાવ બન્યો હતો. જેમાં પુરપાટ ઝડપે કાર ચલાવતા કાર ચાલક દ્વારા મહિલાને હડફેટે લેતા મહિલાને ગંભીર ઈજાઓ પહોંચતા તાત્કાલિક મહિલાને સારવાર અર્થે હોસ્પિટલ ખસેડવામાં આવી હતી. અકસ્માત સર્જયા બાદ કાર ચાલક ફરાર થઈ ગયો હતો. આ ઘટનાં ૨૩ જુલાઈનાં રોજ સાંજે બની હતી. જેમાં સ્કૂટર પર જઈ રહેલ મહિલા ઉમાં ચૌહાણને પુર ઝડપે ગાડી ચલાવી રહેલ કાર ચાલેક હડફેટે લીધી હતી. ત્યારે સમગ્ર હીટ એન્ડ રનની ઘટનાનાં સીસીટીવી સામે આવ્યા હતા. ત્યારે ઘટનાને બે દિવસ થવા છતાં પણ માંજલપુર પોલીસે હજુ સુધી કંઈ કાર્યવાહિ કરી નથી. તેમજ માંજલપુર પોલીસે ઈજાગ્રસ્ત મહિલા ઉમાં ચૌહાણનું નિવેદન પણ લીધું નથી.

### ૨ દિવસ પહેલા સર્જાયેલા અકસ્માતની ઘટના

## મણિનગરમાં થયેલા અકસ્માતના કેસમાં યુવકોને ગેરકાયદેસર દારૂ આપનારની ધરપકડ કરાઇ

**હાલ પોલીસે પ્રોહિબિશન એક્ટ હેઠળ દારૂ વેચાણના ગુનામાં બંને સામે કાર્યવાહી હાથ ધરી છે**

। અમદાવાદ, તા.૨૫ ।

અમદાવાદના મણિનગરમાં ભૈરવનાથ રોડ પર ૨ દિવસ પહેલા સર્જાયેલા અકસ્માત કેસમાં હવે વધુ કાર્યવાહી કરાઈ છે. અકસ્માત સર્જનારા યુવકોને દારૂ આપનાર બે લોકોની ધરપકડ કરી લેવામાં આવી છે. આ બંને લોકો પિતા-પુત્ર હોવાનો ખુલાસો થયો છે. દારૂની પરમિટ ધરાવનાર પિતા હિરેન ઠાકોર અને દારૂ યુવકોને આપનાર જયશીલ ઠાકોર હવે પોલીસના સકંજામાં આવી ગયા છે. બંને સામે ઈસનપુર પોલીસ મથકમાં ફરિયાદ નોંધવામાં આવી. જે બાદ વધુ તપાસ માટે મણિનગર પોલીસને સોંપી દેવાયા છે. હાલ પોલીસે પ્રોહિબિશન એક્ટ હેઠળ દારૂ વેચાણના ગુનામાં બંને સામે કાર્યવાહી હાથ ધરી છે.

ઉલ્લેખનીય છે, ૨ દિવસ પહેલા મણિનગર રોડ પર નશાની હાલતમાં કાર હંકારી લોકોના જીવને જોખમમાં મૂકીને અકસ્માત સર્જનારા યુવકોની કારમાંથી દારૂની બોટલો મળી આવી હતી. પોલીસે અકસ્માત સર્જનાર યુવક અને કારમાં સવાર અન્ય ૩ યુવક એમ કુલ ૪ યુવકો સામે કાર્યવાહી કરી છે.

### સુરતમાં પોલીસે ચોરીના આરોપીને ઝડપી પાડ્યા

## ગુગલ સર્ચનો ઉપયોગ કરી અલગ અલગ જીલ્લાઓની શાળામાં ચોરી કરતી ગેંગ ઝડપાઇ

**સ્કુલ કોલેજને ટાર્ગેટ કરીને ચોરી આચરતી તમિલનાડુની કુખ્યાત શેલમ ગેંગના મુખ્ય આરોપીને સુરત ક્રાઈમ બ્રાંચની ટીમે ઝડપી પાડ્યા**

। સુરત, તા.૨૫ ।

ચોરી આચરતી તમિલનાડુની કુખ્યાત શેલમ ગેંગના મુખ્ય આરોપીને સુરત ક્રાઈમ બ્રાંચની ટીમે ઝડપી પાડ્યા છે. પોલીસે આરોપીઓ પાસેથી ચોરી કરવાના સાધનો મળી કુલ ૧.૨૨ લાખનો મુદામાલ જપ્ત કર્યો છે. તેમજ પોલીસ તપાસમાં ૧૮ ગુનાના ભેદ ઉકેલી કાઢ્યા છે. સુરતમાં ક્રાઈમ બ્રાંચનો સ્ટાફ પેટ્રોલિંગમાં હતો તે દરમ્યાન બાતમીના આધારે સિંગણપોર હરી દર્શનના ખાડા પાસેથી તમિલનાડુની કુખ્યાત શેલમ ગેંગના મુખ્ય આરોપી પલની સ્વામી ઉર્ફે અન્નો મહાધીશ કઉન્દર અને પરમશિવમ ઉર્ફે તમ્બી કુલંથાઈવેલ દેવેન્દ્રને ઝડપી પાડ્યા હતા. પોલીસે આરોપીઓ પાસેથી ચોરી કરીને મેળવેલા બે મોબાઈલ ફોન તેમજ ૩ નંગ મંકી કેપ, ગરમ ટોપી, હાથના મોજાની ૪ નંગ જોડ, ફૂલ ફેસ માસ્ક, પક્કડ, સ્ક્રુ ડ્રાઈવર, ૧ હાર્ડ ડિસ્ક, ૧ પાસબુક, એક એટીએમ કાર્ડ, રોકડા રૂપિયા ૭૦ હજાર, ચાંદીની એક લક્કી મળી કુલ ૧.૨૨ લાખનો મુદામાલ જપ્ત કર્યો હતો. સુરત પોલીસ તપાસમાં સુરત તેમજ ગુજરાતના નડીયાદ, વાલોડ, સોનગઢ વગેરે મળી કુલ ૧૮ ગુનાના ભેદ ઉકેલાઈ ગયા હતા તેમજ ગુજરાત રાજ્યના અલગ અલગ જીલ્લાઓની સ્કુલ-કોલેજોમાં છેલ્લા દસેક વર્ષમાં આશરે ૫૦ થી વધુ ચોરી કરી હોવાનું બહાર આવ્યું હતું.

પોલીસે આરોપીની મોડસ ઓપરેન્ડી વિશે જણાવ્યું હતું કે, આરોપીઓ પોતાની તામિલનાડુની કુખ્યાત શેલમ ગેંગના સભ્યો સાથે મળી છેલ્લા દસેક વર્ષથી ગુગલ પર સર્ચ કરીને ગુજરાત રાજ્યના અલગ અલગ જીલ્લાઓમાં આવેલી સરકારી તેમજ ખાનગી સ્કુલ કોલેજની રેકી કરી સ્કુલ-કોલેજની આજુબાજુમાં આવેલા ખેત કે વાડામાં આસાનીથી લોકોની નજર ન પડે તે રીતે અંધારામાં સંતાઈ જતા અને ચોરીને અંજામ આપતી હતી.ચોરી કરતી વખતે કોઈ ઓળખી ન શકે અને પોતાના ફિંગર પ્રિન્ટ ન આવે તે માટે મંકી કેપ તથા હાથ મોજા તથા સ્કાપ જેવું પહેરી મોડી રાતના સ્કુલ-કોલેજના પાછળના ભાગેથી દીવાલ કુદી અથવા સ્કુલની બારીની ગ્રીલ તોડી અથવા દરવાજાના લોક નકુચા તોડી અંદર પ્રવેશ કરી ઓફિસમાં લાગેલા સીસીટીવી કેમેરા, ડીવીઆર, ટીવી, રાઉટર તથા તિજોરી કબાટ ટેબલના ડ્રોઅરના લોક તોડી તેમાં રહેલા રોકડા રૂપિયા અથવા કીમતી ચીજવસ્તુઓની ચોરી કરતા હતા અને લોકર ફેકી દેતા હતા.

### સુરતમાં યુવતીઓના ફોટો લઈ મોર્ફ કરતો શખ્સ ઝડપાયો

। સુરત, તા.૨૫ ।

આજકાલનાં પચનાં યુગમાં આપણે સૌ સોશિયલ મીડિયાનો સૌથી વધુ ઉપયોગ કરીએ છીએ. આપણી લાઈફનાં તમામ અપડેટ્સ જેવા કે શું જમ્યું, ક્યાં ફર્યા અને શું પહેર્યુ આપણે સતત સોશિયલ મીડિયા પર પોસ્ટ કરતાં હોઈએ છીએ. પરંતુ આ ક્રેઝ કેટલો યોગ્ય છે અને કેટલો જોખમી એ વિચારવું પણ ખુબ જરૂરી છે. હાલમાં જ સુરતની એક યુવતી સાથે ચોંકાવનારી ઘટના બની. એક અજાણ્યાં ઈસમે સુરતની યુવતીનાં ફોટોગ્રાફ્સ તેના સોશિયલ મીડિયામાંથી ઊઠાવીને એક નવું એકાઉન્ટ ખોલી દીધું. એટલું જ નહીં તેના બાદ જે થયું તે જાણીને રુંવાટા ઊભા થઈ જશે. સુરતમાં નર્સ તરીકે ફરજ બજાવતી આ યુવતીએ પોતાના અલગ-અલગ એકાઉન્ટસ્ પર પોતાના જે પણ ફોટોઝ શેર કર્યાં હતાં તેનો ઉપયોગ આ અજાણ્યાં શખ્સે ખોટી રીતે કર્યો. ફોટોમાં એડિટીંગ કરીને નવા એકાઉન્ટમાં પોસ્ટ કર્યાં. આરોપીએ વિકૃત ફોટો અપલોડ કરવા માટે ૩૦ એકાઉન્ટ બનાવ્યા હતા.એટલું જ નહીં યુવતીને બદનામ કરવાના હેતુથી અલગ અલગ લોકો સાથે બીભત્સ વાતચીત કરી હતી અને આ ફેક એકાઉન્ટ પર યુવતીના મોર્ફ કરેલા ફોટાઓ અપલોડ કર્યા હતા. જ્યારે યુવતીને આ બાબતની જાણ થઈ ત્યારે તેણે તાત્કાલિક આ સમગ્ર મામલે પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી. પીડિતાને જાણ થતા તેણે તાત્કાલિક અસરથી આ બાબતે મહિધરપુરા પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધાવ્યો હતો અને તપાસ હાથ ધરવામાં આવી હતી.

## ૧.૪૫ કરોડની લૂંટ મામલે પાંચ આરોપીની ધરપકડ કરવામાં આવી

**ગાંધીધામ ૪૦૦ ક્વાર્ટરમાં ૧૮ તારીખે લૂંટનો બનાવ બન્યો હતો અને ઘરમાં સેટીની અંદર રાખેલા પૈસા લઇ 3 શખ્સ ફરાર થઇ ગયા હતા**

। કચ્છ, તા.૨૫ ।

ગુજરાતના કચ્છમાં ગાંધીધામ થયેલી લૂંટનો ભેદ ઉકેલાયો છે. જ્યારે રૂપિયા ૧.૪૫ કરોડની લૂંટ મામલે પાંચ આરોપીની ધરપકડ કરવામાં આવી છે. જેમા સગા ભત્રીજાએ મિત્રો સાથે મળીને લૂંટ ચલાવી હોવાનો ખુલાસો થયો છે. જેમાં સંબંધીના ઘરે રાખેલી રોકડ કાળું નાણું હોવાની આશંકા થતા લૂંટ ચલાવી હતી. આ સમગ્ર ઘટનાની વિગત મુજબ ગાંધીધામ ૪૦૦ ક્વાર્ટરમાં ૧૮ તારીખે લૂંટનો બનાવ બન્યો હતો અને ઘરમાં સેટીની અંદર રાખેલા પૈસા લઈ ૩ શખ્સ ફરાર થઈ ગયા હતા.

જેમાં લૂંટ સમયે ફરિયાદી, તેના સાસુ અને નંણદ ઘરમાં જ હતા. હવે તપાસમાં સામે આવ્યુ છે કે લૂંટ કરનાર ફરિયાદી રેખાબેનનો ભત્રિજો છે. રેખાબેન તેની બેન સાથે વાત કરતા ત્યારે જણાવ્યું હતુ કે ઘરમાં પૈસા છે. તેનુ ટેન્સન છે. તે વાત યુવાન પ્રશાંત દ્રવિડના ધ્યાને આવી હતી કે માસીના ઘરે કરોડો રૂપિયા પડ્યા છે અને તે કાળુ નાણુ છે.

ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત
દૈનિક સમાચાર પત્ર
ઉપાડો ફોન
9800708900
આ નંબર પર માત્ર વોટ્સએપ મેસેજ જ કરવો
CNN CHANNEL NINE NETWORK GUJARAT
આપની આસપાસ બનતી ઘટનાઓના ફોટાઓ વિડીયો મોકલી આપો
દરેક જાતના પ્રસંગ, ઉમંગ, શાળાઓ, કોલેજોથી લઈને સોસાયટીઓ સુધી અવસરથી લઈને તહેવારો સુધી બધા જ સમાચારોને આવરી લેતુ અખબાર "ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત" દૈનિક હંમેશા તૈયાર રહે છે, આપની આસપાસ બનતી રસપ્રદ ઘટનાઓની માહિતી વોટ્સએપ નંબર ઉપર અથવા ઈ-મેઈલ પર અમને લખીને મોકલો...
cnngujarat@gmail.com

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા.લિ. ૧૪/૨, કાલીદાસ મીલ કમ્પાઉન્ડ, ગોમતીપુર, અમદાવાદ-૨૧. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨